بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# برکاتِ خواجہ

# બરકાતે ખ્વાજા

**મઆસિક**

ચાંને મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-જુલાઈ-૨૦૦૮**

જમાદીઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૭, સળંગ અંક : ૫૫

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૨૧૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## દર શાને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

ખ્વાજા પુકારું મૈં તુમ્હે ખ્વાજા પુકારું
મૈં દર્દ ભરે દિલ કી, તુમ્હેં બાત સુનાઉં

રોઝેમેં લહદ પાક કી મૈં કર કે ઝિયારત
જાલી બખુશી ચૂમ કે સીનેસે લગાઉં

ક઼િસ્મત બને ખ્વાજા સે મિલે ખુલ્દેબરીં ભી
અજમેરમેં કયા કયા હય, મૈં કયા તુમ કો બતાઉં

આએગી સવારી કભી ખ્વાજા કી ઈધર ભી
ઉમ્મીદ મેં દિલ કો મેરે અજમેર બનાઉં

ઈમાન કી દૌલત મિલી ખ્વાજા કે કરમ સે
ઔલાદો દવલ કયા હય મેરી જાં ભી લુટાઉં

બીમાર શિફા પાએં સભી દરસે તુમ્હારે
મૈં ખાક દરે પાક કી આંખોમેં લગાઉં

બેતાબ બના હૂં મુઝે અજમેર બુલાલો
આકર દરે અક઼દસ પે દિલો સર કો ઝુકાઉં

અજમેર મેં જામે મએ હુબ્બે નબી પીકર
હિંદલ વલી કા ઉર્સ દિલો જાં સે મનાઉં

ફૈલા દિયા હય દીને નબી હિંદમેં જિસ્ને
મૈં ગીત **'ગનીમત'** સભી ખ્વાજા કે સુનાઉં

અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી

web. : www.barkatekhwaja.net

**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

બરકાતે ખ્વાજા (માસિક) જુલાઈ–૨૦૦૮

વર્ષ : ૦૫ અંક : ૦૭ સળંગ અંક : ૫૫


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડનો સંબંધ એટલે જહન્નમમાં જવાનો સરળ માર્ગ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૭ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૦૯ |
| ૦૪. | શબે મેઅરાજના નવાફિલ | **કાર્યાલય** | ૧૧ |
| ૦૫. | યહ આદત જાતે જાતે જાએગી ?! | **કાર્યાલય** | ૧૨ |
| ૦૬. | હમ પર હૈ એહસાન તુમ્હારા યા ખ્વાજા ! | **રજૂકર્તા** : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી (સદર મુદર્રિસિનઃ દા. ઉ. બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ) | ૧૩ |
| ૦૭. | **મેઅરાજુન્નબી અને તેની હિકમતો** | **કાર્યાલય** | ૧૬ |
| ૦૮. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૨૧ |
| ૦૯. | **વહાબી તેહરીક઼ ઔર અંગ્રેજ સાઝિશ કી તારીખી દાસ્તાન !** | **અઝ** : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી | ૨૨ |
| ૧૦. | **ઈમામ અહમદ રઝા અને તર્બિયતે તલબા** | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન રઝા દયાદરવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* | ૨૮ |
| ૧૧. | **જાહિલિયત (ઈસ્લામ પૂર્વની હાલત)નું પુનરાગમન અને આપણી જિમ્મેદારી** | **રજૂકર્તા** : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (હાલ : લેસ્ટર, યુ.કે.) | ૩૩ |
| ૧૨. | નરમી અને ભાઈચારો હદીષના પ્રકાશમાં | **અઝ** : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)* | ૪૦ |
| ૧૩. | ALLAH : THE MERCIFUL, THE FORGIVING | **Fatimah Zehra**-*Leicester (U.K.)* | ૪૪ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |
| ૧૫. | સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર | **કાર્યાલય** | ૪૮ |

# બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડનો સંબંધ

ઝેર

## જહન્નમમાં જવાનો સરળ માર્ગ !

તંત્રી લેખ...

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આજે વર્તમાન પત્ર ખોલો તો રોજ કોઈ ન કોઈ સમાચાર એવા જોવા મળે છે કે, ''પ્રેમીએ લગ્ન કરવાની ના પાડતાં કન્યાનો ઝેર પીને આપઘાત !'' કારણ ?! પ્રથમ છોકરા છોકરીમાં મિત્રતા થઈ જે પ્રેમમાં પરિણમી પછી વગર નિકાહે પતિ પત્ની જેમ સુખ માણ્યું અને ગર્ભ રહી જતાં બોયફ્રેન્ડે લગ્નની ના પાડી દૂર થઈ ગયો ! અથવા એવા સમાચાર પણ આવે છે કે, ''બે વરસ સુધી લગ્નની લાલચ આપી શરીર સંબંધ રાખી ગર્ભ રહી જતાં લગ્નની ના પાડતાં યુવાન સામે બળાત્કારની ફરિયાદ !'' આજ સુધી સર્વ થયું રાજીખુશીથી ! અને હવે બળાત્કારની ફરિયાદ ! કોઈ યુવતી ટ્રેનની નીચે કપાઈ મરે છે, તો કોઈ સળગી મરે છે તો કોઈ બહુમાળી બિલ્ડિંગ પરથી મૌતનો ભૂસ્કો મારે છે તો કોઈ કૂવો પૂરે છે, તો કોઈ ઝાડ પર કે પંખા સાથે લટકીને મરે છે તો વળી કોઈને મારી નાખવામાં આવે છે ! આવા સમાચારો અવાર નવાર અખ્બારોમાં વાંચવા મળે છે અને બદ્‌માશ યુવાનોનું મોટાભાગે કોઈ કાંઈ બગાડી શકતુ નથી ! પણ ભોગ બનનાર કન્યા તથા તેનાં કુટુંબીઓનું જીવન ઝેર સમાન બની જાય છે. તેમની ઈજ્જત આબરૂનું લિલામ થાય છે.

મુસલમાનો ! આવું શાથી થાય છે ? આ છે મા બાપોની ઉદારતાનું પરિણામ ! પુત્ર તથા પુત્રી ક્યાં જાય છે, કોને મળે છે, રાત્રે કેમ બહાર રહે છે, ટી.વી. પર શું જુએ છે ?! તેના પર કોઈ રોક ટોક કે સારી શીખામણ તથા જિંદગીની વાસ્તવિક્તાની સમજ આપવાની દરકાર ન રાખવાનું પરિણામ ! પુત્રી કે પુત્ર બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ બનાવે તેને ગર્વની વાત સમજી પોતાની ઔલાદ એડવાન્સ તથા ખૂબ જ હોશિયાર અને ચાલાક બની ગઈ, ખૂબ જ એજ્યુકેટેડ અને અક્કલવાળી થઈ ગઈ તેમ સમજી માં બાપ ફૂલાય છે ! પણ જ્યારે ઉપર જણાવી તેવી આફત આવે છે તો ન સમાજમાં મોં દેખાડવા લાયક રહે છે ન ઘરમાં ચેન મેળવી શકે છે અને ઘુંટાઈ ઘુંટાઈને દિવસો કાઢવાના થાય છે.

ઈસ્લામ દરેકની ભલાઈ ચાહે છે અને એના જે નિયમો છે તેના પર જો ચાલવામાં આવે તો અમ્ન શાંતિ અને સુઘડ તથા સભ્ય સમાજની એવી રચના થાય કે જાણે દુનિયા જન્નત બની જાય ! સર્વત્ર ચૈન સુકૂનનો માહોલ હોય. અને એની જ રચના કરવા માટે રબ તબારક તઆલા ફર્માવે છે, **(અર્થ)** : ''હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના બીવી બચ્ચાંઓને જહન્નમની આગથી બચાવો !'' *(કુર્આન)*

જહન્નમથી બચવાનો તથા બચાવવાનો માર્ગ કયો ?! શું પોતે તથા ઔલાદ પર પુરૂષો પર સ્ત્રીઓ સાથે મિત્રતા રાખે ? દોસ્તી કરે ? સાથે સાથે હરે ફરે ? હાથમાં હાથ રાખી પાર્કોમાં, હોટલોમાં, કોલેજોમાં, દરિયા કાંઠે મોજ મજા કરે ?! لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ હરગિઝ નહીં ! **પર પુરૂષ પર સ્ત્રી નિકાહ વિના આવો સંબંધ રાખે તો તેને ''આડો વહેવાર'' એટલે ''નાજાઈઝ સંબંધ'' કહેવાશે અને એ સખત હરામ છે.** પર પુરૂષ પર સ્ત્રીને આંખ વડે જોવું આંખનો ઝિના, હાથથી સ્પર્શવું હાથનો ઝિના, કાનથી એવી બેહયાઈની વાત સાંભળવી કાનનો ઝિના.... સારાંશ એ કે **બોયફ્રેન્ડ તથા ગર્લ ફ્રેન્ડ કરવું એટલે પળ પળ ઝિનાનો ગુનોહ કરવો** અને અંતે હદ વટી જાય તો ઝિનાકારીમાં બંનેવ સપડાય જાય છે અને પછી એનાં બુરાં પરિણામોથી સમાજમાં ગંદકી ફેલાય છે જેનાથી સમાજમાં શરમ, હયા તથા ઈજ્જતનો જનાઝો નીકળી જાય છે. એટલે જ કુર્આને પાકમાં રબ તઆલાએ ફર્માવ્યું, **(અર્થ)** : ''અને

ઝિનાની નજીક પણ ન જાવ ! યક઼ીનન ! તે **બેહયાઈ** છે અને **ઘણો જ બુરો રસ્તો** છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૨)*

આ કોણ કહે છે ? તમારો ખાલિક઼, માલિક, પરવરદિગાર જે તમને તમારાં માંબાપ કરતાંય અધિક ચાહે છે ! તેનું તો માનો ! હવે વિચારો કે ઝિનાની નજીક પણ જવાની અલ્લાહ એ ના પાડી, તો ઝિનાની નજીક કોને કહેવાય ?! (૧) નજરો વડે જોવું (૨) વાસનામય ચેનચાળા કરવા (૩) પુરૂષ સ્ત્રી મિત્ર સામે હસવું, (૪) અંગો ઉપાંગોને શરીરના ઉભારોને જોવા (૫) હાથ પગથી સ્પર્શવું (૬) બિભત્સ તથા દ્રિઅર્થી વાતો કરવી (૭) છેડછાડ કરવી (૮) સામ સામે હુસ્નની જમાલની પ્રશંસા કરવી... વગેરે. આ સર્વ "બેહયાઈ" છે એવું અલ્લાહ ﷻ ફર્માવે છે અને "ઘણો જ બુરો રસ્તો" છે એવું ફર્માવે છે. વિચારો ! **અલ્લાહ જેને ઘણો જ બુરો રસ્તો કહે તે કેટલો બુરો રસ્તો હશે ?** અને રબ જેને બુરો રસ્તો કહે તે યક઼ીનન ! જહન્નમની આગમાં પડવાનો રસ્તો છે. તો હે મુસલમાનો ! તમે અલ્લાહ ﷻ પર ઈમાન ધરાવતા હોઉ તો દુનિયાની આગને એકવાર પકડી જુઓ અને પછી જોઈએ તે ધંધા કરો ! જો તમારામાં એનાથી સિત્તેર ગણી સખત ગરમ આગમાં શેકાવાની હિંમત હોય તો ! જેમ ફાવે તેમ કરો ! ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે, "(જન્નતી તેઓ છે) જેઓ વ્યભિચાર નથી કરતા અને જે એ કામ કરશે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ ક઼િયામતના દિવસે, અને તે હમેશાં તેમાં બેઈજ્જતીની સાથે રહેશે." *(સૂ. અલ ફુર્કાન, આ. ૬૮, ૬૯)*

અને અલ્લાહ તઆલા ﷻ તેના મહબૂબ ﷺની ઉમ્મતને જહન્નમમાં સળગાવવા નથી ચાહતો એટલા જ માટે ફર્માવે છે કે, "મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે." (કુર્આન) એટલે કે (જેનાથી નિકાહ નથી થયો તે) પર સ્ત્રી તથા પુરૂષ તરફ ન જુએ અને નજરો નમાવી લે અને પોતાનાં ગુપ્તાંગોની રક્ષા કરે, ખોટાં કામો ન કરે, હરામકારીમાં ન પડે.

હવે જેઓ બોય ફ્રેન્ડ, ગર્લ ફ્રેન્ડ બને, બનાવે તથા એ વાતને અચબ તથા બુરી વાત નથી સમજતા તેઓ ગંભીરતાથી વિચારે અને ઉપરોક્ત કુર્આની આદેશોનો અભ્યાસ કરે અને કહે કે તેઓ અલ્લાહ પર કેવુંક ઈમાન રાખે છે ! અથવા શું જહન્નમનો અઝાબ વેઠવાની ક્ષમતા પોતે ધરાવે છે ?!

વળી કેટલાક પોતાને બુદ્ધિશાળી તથા પોતાને સમાજની બુદ્ધિજીવી વ્યક્તિ સમજતા, બે ચોપડી ભણીને એજ્યુકેટેડ હોવાના ભ્રમમાં રાચનારા એવું વિચારે છે કે આ બધા **જૂનવાણી** તથા **રૂઢીચુસ્ત** તથા **કટ્ટરવાદી** વિચારો છે ! વર્તમાનકાળમાં દુનિયા ચંદ્ર તથા મંગળ પર પગલાં પાડી રહી છે તેવા સમયે આવું વલણ કે નિયમ અપનાવવા કહેવું એ **કટ્ટરવાદ** છે અને બુદ્ધિમાં ન સમાય તેવી વાતો છે. તો અમે તેમને કહીશું કે નીચેનું લખાણ વાંચો અને તમારી બુદ્ધિ સડેલી છે કે નહીં તે તમો જાતે જ નક્કી કરી લો !

ઈસ્લામના ક઼ાનૂનો ક઼યામત સુધીના છે, હુઝૂરે અકરમ ﷺઅંતિમ નબી છે હવે કોઈ નબી આવશે નહીં ન કોઈ નવી શરીઅત ન નવા ક઼ાનૂન. ઉપરોક્ત આયતોના આદેશો ક઼યામત સુધીના લોકો માટે છે એ વાત પર આપણુ ઈમાન છે તથા રસૂલુલ્લાહ ﷺનાં ફર્માનો પણ વહીએ ખુદા જ છે અને એ પણ ક઼યામત સુધીનાં છે. શું એઓ (ખુદા વ રસૂલ) કટ્ટરવાદી છે ? અને એમના આ હુકમોમાં આ બુદ્ધિશાળીભાઈ કોઈ અપવાદ કે છૂટછાટ આજના એડવાન્સ યુગ માટે શોધી આપે ! અને એ પણ જાણી લે કે હુઝૂર ﷺની બુદ્ધિ કેટલી છે ? અને બુદ્ધિનો આંક તેનો પોતાનો ક્યાં સુધીનો છે ?!

"વહબ બિન મુનબ્બિહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મેં ઈકોત્તેર પુસ્તકોમાં એ વાંચ્યું છે કે, જ્યારથી દુનિયા અસ્તિત્વમાં આવી છે તે સમયથી ક઼યામત સુધી તમામ માનવીઓની બુદ્ધિઓની જો હુઝૂર ﷺની બુદ્ધિ સાથે તુલના કરવામાં આવે તો બધા જ માનવીઓની બુદ્ધિઓને હુઝૂર ﷺ ની બુદ્ધિ સાથે એ જ

સંબંધ હશે જે રેતીના એક કણને દુનિયાના તમામ રણો સાથે જે સંબંધ છે. અર્થાત : **બધા જ માનવીઓની બુદ્ધિઓ એક રેતીના કણ બરાબર છે અને હુઝૂર ﷺ ની બુદ્ધિમત્તા દુનિયાના તમામ રણો બરાબર છે.** આ હદીષને અબૂ નુઐમ મુહદ્દિષે હિલિયામાં વર્ણન કરી છે અને મુહદ્દિષ ઈબ્ને અસાકિરે પણ એને રિવાયત કરી છે. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૫૦, અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૪૨)*

તો આ સર્વ શ્રેષ્ઠ બુદ્ધિશાળી નબી કરીમ ﷺ ફર્માવે છે કે, "સ્ત્રી જ્યારે (બેપર્દા) બહાર નીકળે છે તો શૈતાન તેને તાકી તાકીને જુએ છે." અને બીજી હદીષમાં છે, "એકવાર ઉઠયા બાદ બીજી નજર ન ઉઠવી જોઈએ, પ્રથમવારની અકસ્માતે ઉઠેલી નજર માફ છે અને બીજીવાર જાઈઝ નથી." *(તિર્મિઝી)*

આ તો પર સ્ત્રી પર નજર કરવાની મનાઈ છે પણ સ્પર્શવા સંબંધે શું નબી કરીમ ﷺ ફર્માવે છે તે પણ જોઈ લો :–

★ જે ગૈર મેહરમ (મા, બહેન, દાદી, નાની તેમની ઉપર નીચે સિવાયની પર સ્ત્રી, નિકાહમાં નથી તે) સ્ત્રી સાથે હાથ મિલાવે તો કાલે કયામતના દિવસે બંનેના તે **હાથોને આગની બેડીઓ વડે બાંધવામાં આવશે,** અને આ હાથનો ઝિના છે.

★ જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે **આંખોમાં** કાલે કયામતના દિવસે **આગના સળીયા** નાખવામાં આવશે.

★ ગૈર મેહરમને જુએ તેની ઉપર અને જેના તરફ જોવામાં આવે બંનેવ પર અલ્લાહની લઅનત છે.

★ કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી. *(તિબ્રાની તથા બયહકી)*

★ કોઈ ગૈર સ્ત્રીના ખભાથી ખભો લગાડવો એ એનાથી પણ બુરુ છે કે તમે કોઈ ભૂંડ સાથે શરીર લગાડો.

હવે એ પોતાને બુદ્ધિજીવી ગણતો માનવી સ્વીકારશે કે પોતાની બુદ્ધિ સડેલી છે અને રસૂલુલ્લાહ ﷺ કે જેમની બુદ્ધિ સર્વ શ્રેષ્ઠ છે તેમની વાત જ સાચી ?! અને વિચારે કે ગર્લ ફ્રેન્ડ બોય ફ્રેન્ડ મળે તો શું કરતાં હોય છે ? હંસી મજાક, મસ્તી, સ્પર્શ, નખરાં, છેડછાડ, તાક ઝાંક અને છેવટે ન થવાનું થઈ જાય છે ! અને પછી તેનાં બુરાં પરિણામો દુનિયામાં તથા સમાજમાં પણ ગંદકી ફેલાવે જ છે જેને આપણે જોઈ રહ્યા છીએ.

કેટલાક માનસો એવાં થઈ ગયાં છે કે જાણે રીઢો ગુનેગાર ! તેમને ભલા બુરાની, જહન્નમના અઝાબની કે જન્નતની બશારતોની, ઈસ્લામના ફર્માનોની કે શરીઅતના હુકમોની કાંઈ જ પરવા નથી હોતી. તો એમનું દૃષ્ટાંત એવું છે કે કોઈ ડ્રાઈવર આંખો બંધ કરીને મોટર દોડાવી રહ્યો છે તો એનો અંજામ નક્કી જ છે !

બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ મિત્રતાના ઓઠા હેઠળ કુકર્મો કરી બેસે છે તો દુનિયામાં તો બેઈજ્જત થાય જ છે પણ આખેરતના શું અઝાબો છે તેની પણ ઝલક જોતા ચાલો :–

હદીષે પાકમાં છે કે, "જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ જ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

રબ તઆલાનું ફર્માન છે કે, (અર્થ) : "જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે." *(કુર્આન)* કહેવામાં આવ્યું છે કે, 'અષામ' જહન્નમની એક ગુફા છે તેનું દ્વાર જ્યારે ખોલવામાં આવશે તો તેની દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે."

એક હદીષમાં છે કે, "શિર્ક પછી અલ્લાહની નજીક એ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી સ્ત્રીના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી." એટલે કે તેના નિકાહમાં નથી.

કેટલાક લોકો પોતાની હોશિયારીમાં બહાદુર બની બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડના સંબંધો તથા પરસ્ત્રીઓ સાથે આડા સંબંધો રાખે છે અને ઉપરથી મહાનતા કરી હોય તેમ ગર્વથી બિન્દાસ થઈને ફરે છે, તેઓ અલ્લાહ عَزَّوَجَلَّથી ડરે અને રસૂલે પાક صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمના આદેશો પર ઈમાન હોય તો આજે જ તૌબા કરી લે. નહીં તો આજે પર્દા પાછળ છુપાઈ છુપાઈને મોઢાં કાળાં કરી લો ! કાલે કયામતમાં આખી મખ્લૂક સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે સમજશો ! પણ ત્યારનું સમજેલું ફાયદો નહીં આપે !

હદીષમાં છે, "જે શખ્સ કોઈ પર સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે."

આ સિવાય પુષ્કળ ચેતવણીઓ "આડો વહેવાર" રાખનારાઓ માટે કુર્આન હદીષમાં આવેલી છે. વળી જે નાલાયક કૌમ પશ્ચિમી તથા યૂરોપી દેશોનું તમે અનુસરણ કરી રહ્યા છો ત્યાંના સમાજની હાલત પણ તો જુઓ કે ત્યાં માં, માસી, બહેન, ફોઈ, ભત્રીજી, ભાણકી, બેટી જેવા સંબંધોની ઈજ્જત ક્રમે ક્રમે ખત્મ થઈ રહી છે, હરામની પુષ્કળ ઔલાદ થઈ છે જેમના માટે ગવર્નમેન્ટ અનાથાશ્રમો ચલાવે છે અને 'એઈડ્સ' જેવી ભયાનક બીમારીઓની ભેટ પણ એ જ છૂટછાટવાળી બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડવાળા કલ્ચરની જ દૈન છે.

જેથી હે મુસલમાનો ! તમારી ઔલાદને ઈસ્લામની તા'લીમ શરૂથી જ આપો અને તેમના દિલમાં શરીઅતના હુકમોનું સન્માન અતિશય કક્ષાનું હોય એવી તેમની તર્બિયત તથા કેળવણી કરો, નહીં તો એ જો ભટકશે તો કયામતમાં તમારી પણ સખત પકડ થશે ! તથા હે મારા નવયુવાન ભાઈઓ ! તથા બહેનો ! "બોય ફ્રેન્ડ–ગર્લ ફ્રેન્ડ"એ સંસ્કૃતિ અધર્મીઓની તથા નાસ્તિકોની છે અને તમે તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمને ચાહનાર છો તો અધર્મીઓની વાતો પર ન જાવ અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمના કહ્યા પર ચાલો એમાં જ બંનેવ જહાનમાં તમારી ભલાઈ તથા ઈજ્જત છે. ઈસ્લામમાં દરેક પરાયી સ્ત્રી જ્યાં સુધી તમારા નિકાહમાં નથી ત્યાં સુધી તે તમારી માં, બહેન તથા બેટી સમાન છે એવી જ તેણીની ઈજ્જત થવી જોઈએ. તેણી સાથે કોઈ હલકો અભદ્ર વહેવાર કે છૂટછાટ એ જહન્નમમાં જવાનો સરળ માર્ગ છે. માટે એવાં કુકર્મોથી બચો અને કર્યા હોય તો આજે જ તૌબા કરી લો !

હા ! પ્રકૃતિ તથા ફિતરતનો તકાઝો છે કે સ્ત્રીને પુરૂષના તથા પુરૂષને સ્ત્રીના સહારાની પુખ્ત થતાં જરૂરત ઉભી થાય છે, તો ઈસ્લામે તેનો જાઈઝ માર્ગ દર્શાવ્યો છે કે નિકાહ કરી લો. અને નિકાહની ફઝીલતમાં સરકારે દો જહાં صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمનું ફર્માન જુઓ : હઝરત અનસ رَضِىَ اللّٰهُ عَنْهُથી રિવાયત છે કે નબી કરીમ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمએ ફર્માવ્યું, **"જ્યારે બંદાએ નિકાહ કરી લીધા તો પોતાનો અડધો દીન મુકમ્મલ કરી લીધો,** પછી બાકી અડધા દીનમાં અલ્લાહ તઆલાથી ડરે." *(બયહકી, મિશ્કાત, ઝિયાઉલ હદીષ, પેજ–૧૧૧)*

અને જેઓ નિકાહ નથી કરી શક્તા તેમને ગુનાહોથી બચવાનો ઈલાજ દર્શાવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رَضِىَ اللّٰهُ عَنْهُથી રિવાયત છે કે નૂરે મુજસ્સમ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمએ ફર્માવ્યું, "હે નવયુવાનો ! તમારામાંથી જે નિકાહ માટે શક્તિમાન હોય તે જરૂર નિકાહ કરે, કેમ કે નિકાહ નિગાહ નીચી કરનાર છે અને શર્મગાહનો મુહાફિઝ છે, અને જે એની શક્તિ ન ધરાવતો હોય તે રોઝા લાઝિમ કરી લે તો એ રોઝા એની હિફાઝત છે." (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ) એટલે કે રોઝા વાસનાને તોડે છે.

રબ તઆલા મુસલમાનોને નેક સમજ આપે અને ઈસ્લામથી મહોબ્બત રાખી સરકારે દો જહાં صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمની સુન્નતો મુજબ, તેમના આદેશો પ્રમાણે ઈજ્જતભેર જિંદગી જીવવાની તૌફીક આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહની તફસીર

فَهَدَى اللهُ

الَّذِينَ آمَنُوا لِمَا اخْتَلَفُوا فِيهِ مِنَ الْحَقِّ بِإِذْنِهِ وَاللهُ يَهْدِي

مَن يَشَاءُ إِلَى صِرَاطٍ مُّسْتَقِيمٍ (٢١٣) أَمْ حَسِبْتُمْ أَن تَدْخُلُوا

الْجَنَّةَ وَلَمَّا يَأْتِكُم مَّثَلُ الَّذِينَ خَلَوْا مِن قَبْلِكُم مَّسَّتْهُمُ

الْبَأْسَاءُ وَالضَّرَّاءُ وَزُلْزِلُوا حَتَّى يَقُولَ الرَّسُولُ وَالَّذِينَ آمَنُوا

مَعَهُ مَتَى نَصْرُ اللهِ أَلَا إِنَّ نَصْرَ اللهِ قَرِيبٌ (٢١٤) يَسْأَلُونَكَ

مَاذَا يُنفِقُونَ قُلْ مَا أَنفَقْتُم مِّنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَ

الْأَقْرَبِينَ وَالْيَتَامَى وَالْمَسَاكِينِ وَابْنِ السَّبِيلِ وَمَا تَفْعَلُوا

مِنْ خَيْرٍ فَإِنَّ اللهَ بِهِ عَلِيمٌ (٢١٥) كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَهُوَ كُرْهٌ

لَّكُمْ وَعَسَى أَن تَكْرَهُوا شَيْئًا وَهُوَ خَيْرٌ لَّكُمْ وَعَسَى أَن تُحِبُّوا

شَيْئًا وَهُوَ شَرٌّ لَّكُمْ وَاللهُ يَعْلَمُ وَأَنتُمْ لَا تَعْلَمُونَ (٢١٦)

-:::-:::-:::- **તર્જુમો** -:::-:::-:::-

તો અલ્લાહે હિદાયત બખ્શી તેમને જેઓ ઈમાન લાવ્યા હતા એ સાચી વાતો પર જેમાં તેઓ મતભેદ કર્યા કરતા હતા પોતાની તૌફીક઼થી[૨૬૯] અને અલ્લાહ તઆલા હિદાયત આપે છે જેને ચાહે છે સીધા માર્ગ તરફ. શું તમે ખયાલ કરી રહ્યા છો[૨૭૦] કે (એ જ પ્રમાણે) દાખલ થઈ જશો જન્નતમાં ! જો કે નથી ગુજર્યા તે સંજોગો તમારા પર જે ગુજર્યા એ લોકો પર જેઓ તમારાથી પહેલાં થયા હતા, પહોંચી તેમને તકલીફ તથા મુસીબત, અને તેઓ ધ્રુજી ઉઠયા ત્યાં સુધી કે કહી ઉઠયા (એ સમયના) રસૂલ અને જેઓ ઈમાન લઈ આવ્યા હતા તેની સાથે, ક્યારે આવશે અલ્લાહની મદદ ? સાંભળી લો ! યકીનન ! અલ્લાહની મદદ નજીક છે. આપનાથી પૂછે છે કે તેઓ શું ખર્ચ કરે ?[૨૭૧] આપ ફર્માવો, જે કાંઈ ખર્ચ કરો (તમારા) માલથી તો એના મુસ્તહિક઼ તમારાં માં બાપ છે, અને નિકટનાં સગાં સંબંધીઓ છે અને યતીમ છે અને મિસ્કીન છે અને મુસાફર છે. અને જે નેકી તમે કરો છો તો નિઃશંક ! અલ્લાહ તઆલા એને સારી રીતે જાણે છે. ફર્ઝ કરવામાં આવેલ છે તમારા પર જેહાદ અને તે નાપસંદ છે તમને[૨૭૨] અને શક્ય છે કે તમે નાપસંદ કરો કોઈ ચીજને જો કે એ તમારા માટે બેહતર હોય, અને શક્ય છે કે તમે પસંદ કરો કોઈ ચીજને જ્યારે કે તમારા હક્ક઼માં હોય, અને (વાસ્તવિક સ્થિતિ) અલ્લાહ જ જાણે છે[૨૭૩].

**તફસીર..............**

**૨૬૯** : એટલે કે કિતાબથી હિદાયત એ જ લોકોને મળી શકે છે જેઓ સાચા દિલથી ઈમાન લાવે છે, અને જે કિતાબના હુકમોનું પાલન કરે છે. અને જે લોકો પોતાના મનઘડત અર્થોનો લિબાસ અલ્લાહની ઉઘાડી આયતોને જબરદસ્તી પહેરાવી આપવાને પોતાના ઈલ્મ તથા કમાલનો કરિશ્મો સમજે છે, તેઓ એનાથી હિદાયત નથી પામી શક્તા.

**૨૭૦** : મુસલમાનોને ચેતવણી આપવામાં આવી રહી છે કે તમે આ મતભેદ તથા ફિર્ક઼ાબંદીથી તમારો દામન બચાવશો. જે સંજોગોમાં પહેલી ઉમ્મતોએ પસાર થવું પડયું તેનો તમારે પણ સામનો કરવો પડશે. **એવા ફિત્નાખોરો તમારામાં પણ પેદા થશે જેઓ પોતાની અંગત પ્રતિષ્ઠા અને પોતાની નામના**

**ખાતર કુર્આનના નામ પર કૌમની એકતાના ટુકડે ટુકડા કરશે, તમે એમની જાળમાં ન ફસાશો.** જો તમે એ ખુશ ફહમી (સુભ્રમ)માં સપડાઈને કે ઈસ્લામમાં પ્રવેશી ગયા બાદ હવે તમારા માટે જન્નતના દરવાજા ખોલી આપવામાં આવ્યા છે, તો આમ નિરર્થક ખયાલથી દૂર થઈ જાવ. ખૂબ કાન ખોલીને સાંભળી લો ! હોશ ઉડાડી આપનાર મુસીબતો, કડક આજમાઈશો અને ધ્રુજાવી આપનાર કસોટીઓ તમારી વાટ જોઈ રહી છે ! એ સમયે જો તમે અડગ રહ્યા અને સબ્રનો દામન મજબૂતીથી પકડી રાખ્યો તો અલ્લાહની મદદ તમારી દસ્તગીરી માટે યકીનન ! આવશે.

**૨૭૧** : બે વાતોના વિશે પૂછવામાં આવ્યું હતું કે શું ખર્ચ કરીએ અને ક્યાં ખર્ચ કરીએ ? બંનેનો જવાબ આપવામાં આવ્યો, ફરક કેવળ એટલો છે કે પહેલા પ્રશ્નનો જવાબ ઈન્ડાયરેક્ટ છે અને બીજાનો જવાબ સ્પષ્ટપણે અને વિગતવાર છે. શું ખર્ચ કરીએ ? વિશે તો ફર્માવ્યું, مِنْ خَيْرٍ એટલે કે **અલ્લાહની રાહમાં ખર્ચ કરવો છે તો હલાલ તથા પવિત્ર માલ ખર્ચ કરો. અલ્લાહ તઆલાની પવિત્ર જાત હરામ તથા નાપાક માલને કબૂલ નથી ફર્માવતી. બીજા સવાલનો જવાબ તેની મહત્વતાને લક્ષીને વિગતવાર જણાવવો જરૂરી હતો જેથી તેની સ્પષ્ટતા કરી આપી.** હુકમ આપવામાં આવે છે કે, ખર્ચ કરવાની શરૂઆત તમારા ઘરથી કરો, અને **ઘરમાં પણ પોતાના હક્કોના આધારે સૌથી અગ્ર સ્થાને માં બાપ છે,** તેમની ખિદમત તથા દિલદારી તમારો સૌ પ્રથમ ફર્જ છે. તેમના પછી અન્ય સગાં સંબંધીઓ છે. ઔલાદ, બહેન, ભાઈ, કાકા, ફોઈ, મામા તથા માસી વગેરે સૌની સાથે એહસાન તથા મુરવ્વત ખૂબ જ હદે મહત્વની છે. તેમના પછી વારી છે કૌમના યતીમ બાળકોની, મિસ્કીનો અને બેવતન મુસાફરોની. ઈમદાદ તથા સહાય કરવાનો કેટલો યોગ્ય તથા ફિતરી તરીકો છે. **એવું નહીં કે આપણા સગાં તો ભૂખે તડપી રહ્યાં હોય અને અન્યો પર તમારી સખાવતનો ધોધ વરસી રહ્યો હોય !**

**૨૭૨** : અમુક મુસ્તશરેકીને (ઈસ્લામ વિરોધીઓએ) ઈસ્લામી જેહાદને વિચિત્ર ઢંગથી રજૂ કરેલ છે. તેઓ કહે છે કે મુસલમાનો પ્રકૃતિથી લૂટમાર તથા લડાઈ ઝઘડાના રસીયા હતા, દરેક વખતે તલ્વારો ચમકાવી શાંતિ પ્રિય આબાદીઓને બર્બાદ કરવા તથા લૂટવા ધસી જતા હતા, તેઓ જબરદસ્તી લોકોને પોતાના દીનમાં દાખલ કર્યા કરતા હતા. કહેવા માટે માણસ જે જીવમાં આવે તો કહે, લખવા માટે જે દિલમાં આવે તે લખી આપે પરંતુ આવું કરવાથી વાસ્તવિક્તા જે છે તે બદલાઈ જતી નથી, પ્રસંગો તો ફેરવાઈ નથી જતા. ઈતિહાસનાં પૃષ્ઠો અને કુર્આનની આ આયત તેમની સર્વ બનાવટી કહાનીઓના રદિયા માટે પૂરતી છે. કોઈ કૌમ જો શક્તિના નશામાં ચૂર હોય, તેની પાસે સાધન સંપત્તિની ભરમાર હોય અને તેનો પ્રતિસ્પર્ધી કમજોર હોય અને દીન તથા અખ્લાકનું કોઈ બંધારણ પણ તેને રોકનાર ન હોય તો માની શકાય કે એવી કૌમ જંગનું એલાન કરી આપે જેથી કમજોર દુશ્મનને નેસ્તોનાબૂદ કરીને પોતાની સત્તાને વિશાળ બનાવે, પોતાના સેવકોની સંખ્યામાં ઉમેરો કરે અને તેમની દૌલત તથા સંપત્તિને ચાઉં કરી જાય. પરંતુ ઈતિહાસ અમને એવું એક પણ દષ્ટાંત નથી દર્શાવતો કે કોઈ કમજોર, સંખ્યામાં કમ, શસ્ત્ર સરંજામથી તદ્દન વંચિત કૌમ શોખ ખાતર પોતાની શક્તિશાળી, સંખ્યાબળમાં અધિક, દરેક પ્રકારના શસ્ત્રોથી સજ્જ કૌમને જંગના માટે લલકારી હોય. હવે જાતે જ નિર્ણય કરો કે મુસ્તશરેકીનનો એ ખયાલ ક્યાં સુધી દુરુસ્ત છે કે જંગ મુસલમાનોનો ધંધો હતો. શું મુસલમાન આવા સંજોગોમાં પહેલ કરવાની સ્થિતિમાં હતા ? હરગિઝ નહીં ! તમો કુર્આને હકીમના આ શબ્દો પર વિચારણા કરો وَهُوَ كُرْهٌ لَّكُمْ કે તમારા પર જેહાદ ફર્ઝ કરવામાં આવ્યો જો કે તમોને નાપસંદ છે. જો મુસલમાન પ્રાકૃતિક રીતે ઝઘડાળુ હોત અને તેમનો દીન તેમને લૂટમારનો સબક આપત તો શું તેઓ જંગને નાપસંદ કરત, બલ્કે તેઓ તો બહાનાં શોધત કે કોઈ મોકો હાથ લાગે તો લૂટમાર, તબાહીનું તાંડવ રચવાની ઈચ્છા પૂરી થઈ શકે.

**૨૭૩** : અલ્લાહ તઆલાના ફર્માનની સામે તમારી પસંદ તથા નાપસંદને ડખલ નથી. તમારો ફર્ઝ છે કે તમારા રબનો દરેક હુકમ માનતા ચાલ્યા જાવ, કેમ કે તે જ જાણે છે કે તમારા માટે કોઈ ચીજ લાભદાયી છે અને કોઈ નુકસાનકર્તા છે.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ : ૬૩**

હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. રબ તઆલાના આ ફર્માવવા સંબંધે જ્યારે આપના રબે આદમની ઔલાદની પીઠથી તેમની ઔલાદ કાઢી. ફર્માવ્યું, એમને ભેગી કરી, એમને જોડાં બનાવ્યાં[૧]. પછી તેમને સૂરત તથા બોલવાની શક્તિ આપી[૨] તો તેઓ બોલ્યા. પછી તેમનાથી મીષાકનો અહદ (વાયદો) લીધો અને તેમને ખૂદ પોતાની જાત પર ગવાહ બનાવ્યા[3] કે શું હું તમારો રબ નથી ? બોલ્યા, હા ! ફર્માવ્યું, હું તમારા પર સાત આસ્માનો અને સાત જમીનોને અને તમારા પિતા આદમને ગવાહ બનાવુ છું[૪] ક્યાંક કયામતમાં કહી દો કે અમને ખબર ન હતી. જાણી લો ! મારી સિવાય ન કોઈ મઅબૂદ છે અને ન કોઈ રબ, કોઈને મારો ભાગીદાર ન ઠરાવશો[૫] નજીકમાં જ તમારા સુધી મારા પયગંબરો મોકલીશ જેઓ તમને મારો મીષાક઼નો અહદ (વાયદો) યાદ અપાવશે[૬]. અને તમારા પર મારી કિતાબો ઉતારીશ[૭]. બોલ્યા, અમે એના ગવાહ છીએ કે તું અમારો રબ અમારો મઅબૂદ છે, તારા સિવાય ન કોઈ અમારો રબ છે ન મઅબૂદ[૮] પછી સૌએ તેનો સ્વીકાર કર્યો. એના પર આદમ علیہ السلام ને એમને જોવા માટે ઉઠાવવામાં આવ્યા[૯] તો આપે અમીર, ફકીર, હસીન વગેરે જોયા.[૧૦] તો અર્ઝ કરી, હે રબ ! તેં તારા બંદાઓમાં સમાનતા કેમ ન કરી ? ફર્માવ્યું, મેં ચાહ્યું કે શુક્ર કરવામાં આવું[૧૧] એમાં નબીઓને ચિરાગોની જેમ જોયા જેમના પર નૂર હતું[૧૨]. તેમનાથી બીજો ખાસ વાયદો રિસાલત તથા નબુવ્વત સંબંધી લેવામાં આવ્યો, તો રબ તઆલાનું આ ફર્માન છે, અને જ્યારે અમે નબીઓથી તેમનો વાયદો લીધો...... (છેવટ સુધી) ઈસા ઈબ્ને મરયમના કૌલ સુધી[૧૩]. હઝરત ઈસા પણ તે રૂહોમાં હતા. તેમને બીબી મરયમની તરફ મોકલ્યા. હઝરત ઉબયથી ખબર મળી કે આપ હઝરત મરયમના મુંહથી પ્રવેશ્યા[૧૪]. *(અહમદ)*

**:::: સ....મ....જૂ....તી.... ::::**

૧ : એટલે નર તથા માદા અથવા તેમના અલગ અલગ પ્રકારો કર્યા : કાફિર, મો'મિન, મુનાફિક઼ સૌ અલગ અલગ.

૨ : એટલે કે જે શક્લો સૂરત (દેખાવ)માં દુનિયામાં હશે તે જ શક્લ તેમને આપવામાં આવી. અથવા કાફિર કાળા, મો'મિન સફેદ અને અંબિયા નૂરાની બનાવવામાં આવ્યા આદમ علیہ السلام ની ઓળ ખ માટે.

3 : એકને બીજા પર ગવાહ અથવા દરેકનાં અંગોને તેના નફ્સ પર ગવાહ.

૪ : એટલે આસ્માન તથા જમીનની મખ્લૂક઼ને અથવા ખૂદ આસ્માન તથા જમીનને. બીજો અર્થ અધિક મજબૂત છે. કેમ કે એમાંથી દરેક ચીજમાં સમજબુઝ છે. હવે દરિયાઓનાં ટીપાંઓ, જમીનનાં રજકણો નેક તથા બુરાને ઓળખે છે. કયામતમાં જમીન લોકોના અમલોની ગવાહી આપશે. એનાથી જાણવા મળ્યું કે સર્વ અંબિયા ખાસ કરીને આદમ علیہ السلام પોતાની ઔલાદના અમલોની કયામતમાં ગવાહી આપશે. જાણવા મળ્યું કે એ હઝરાત (નબીઓ) આપણી દરેક હરકતથી માહિગાર છે. આ હદીષની તફસીર આ આયત છે : وَيَكُونَ الرَّسُولُ عَلَيْكُمْ شَهِيدًا

૫ : એટલે તમારા માટે ક઼યામતમાં કોઈ બહાનુ બાકી ન છોડયું. તમારા આ ઈકરાર (સ્વીકાર)ના પણ સેંકડો સાક્ષીઓ છે અને દુનિયાના સર્વ અમલોના પણ ઘણા ગવાહો થશે, હવે તમે ન એવું કહી શકશો કે અમને એ ઈકરાર યાદ રહ્યો ન હતો, ન એ કે અમને ખબર ન હતી કેમ કે આપણી ડાયરી લખવામાં આવી રહી છે, અને અંબિયાએ કિરામ, જમીન તથા આસ્માન આપણા અમલો જોઈને આપણા ગવાહ બની રહ્યા છે.

૬ : રબે પોતાનો એ વાયદો પૂર્ણ કરી આપ્યો કે આદમ عليه السلام થી ક઼યામતના દિવસ સુધી દુનિયા એક પળ માટે પણ નબુવ્વતથી ખાલી નથી રહી. યાદ રાખશો કે 'ઝમાનાએ નબી' કાંઈક અલગ છે અને 'ઝમાનાએ નબુવ્વત' કાંઈક અલગ. પયગંબરની જાહેરી જિંદગીનો જમાનો એ 'ઝમાનાએ નબી' છે અને તેમના દીનના સલામત રહેવાનો જમાનો એ ' ઝમાનાએ નબુવ્વત' છે, જેથી ક઼યામત સુધી આપણા હુઝૂર ﷺનો જમાનો છે.

૭ : અંબિયાએ કિરામના થકી કિતાબોથી મુરાદ ક઼લામે ઈલાહી છે, ચાહે સહીફ઼ા હોય કે બાક઼ાયદા કિતાબો. જેમ કે આસ્માનથી ૧૦૦ સહીફ઼ા આવ્યા અને ચાર કિતાબો. અને કોઈ જમાનો અલ્લાહના ક઼લામથી પણ ખાલી ન રહ્યો. કયા નબી પર કેટલા સહીફ઼ા નાઝિલ થયા એ અમારી 'તફસીરે નઈમી'માં જુઓ.

૮ : મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે અહીં શહાદત (ગવાહી) એ ઈલ્મના અર્થમાં છે એટલે કે અમે અનુભવીને તારી રબૂબિયત તથા મઅબૂદિયત જાણી પહેચાની લીધી, અથવા ગવાહીના અર્થમાં એટલે અમે એકબીજાના આ તૌહીદના ઈકરાર પર ગવાહ બની ગયા.

૯ : એ રીતે કે આદમ عليه السلامએ ઊંચા સ્થળે ઉભા રહીને તે સૌને ઝાંકીને જોયા અને એક એકને ઓળખી લીધા. જેમ કે આગળના વર્ણન પરથી જાહેર છે. એનાથી જાણવા મળ્યું કે આદમ عليه السلام પોતાની સઘળી ઔલાદને જાણે ઓળખે છે, તો પછી આપણા હુઝૂર ﷺના ઈલ્મનું તો પૂછવું જ શું ?! હઝરત આદમ عليه السلامનો ઈલ્મ એ ઈલ્મે મુસ્તફ઼વીના સમુદ્રનું એક ટીપુ છે.

૧૦ : માલદાર તથા ફ઼ક઼ીર (ગરીબ)થી મુરાદ માલ, અમલો, ઈમાન સૌના માલદાર તથા ફ઼ક઼ીર મુરાદ છે. એટલે કે આપે દિલના ગની તથા ફ઼ક઼ીર, મો'મિન, કાફિર, મુત્તકી, ફાજિર અને માલના ગની તથા ફ઼ક઼ીર, માલદાર તથા મોહતાજ, શાહ તથા ગુલામ, એ જ પ્રમાણે ખૂબ સૂરત તથા બદ્‌સૂરત જોઈ લીધા. *(મિર્ક઼ાત)* યાદ રાખશો કે માલદારી તથા ફ઼ક઼ીરી દિલની ખૂબીઓ (ગુણો) છે, હુસ્નો જમાલ એ ચહેરા (દેખાવ)ની હાલતો છે, અલ્લાહ તઆલાએ તે દિવસે સર્વની સૂરતો પર જાહેરી તથા બાતિની હાલતો પ્રદર્શિત કરી આપી હતી જેનાથી આદમ عليه السلام કશાય ખચકાટ વિના દરેક વ્યક્તિના દરેક હાલને જોઈ રહ્યા હતા. યાદ રાખશો કે હુઝૂર ﷺએ પહેલાંથી આ સર્વ કાંઈને જોઈ ચૂક્યા હતા જેમ કે સહીહ હદીષોમાં આવેલ છે. કેમ ન હોય ! કે હુઝૂર ﷺ અલ્લાહ તઆલાના 'ગવાહે આ'ઝમ' અને સર્વ મખ્લૂક઼ના 'શાહિદે અકબર' છે.

૧૧ : એટલે કે લોકોની હાલતોની વિવિધતા તેમના શાકિરપણા અને મારી શુકુરિયતનો ઝરીયો છે એ રીતે કે દરેક વ્યક્તિ પોતાનાથી ઉતરતી કક્ષાની વ્યક્તિને જોઈને શુક્ર કરી લે કે હે ખુદા ! તારો શુક્ર છે હું એનાથી બેહતર છું. દા.ત. ગની ફ઼ક઼ીરની મોહતાજીને જોઈને શુક્રનો સજદો કરે અને ફ઼ક઼ીર ગનીના ઉલ્ઝનમાં પડેલા તથા હિસાબોની અધિક્તામાં વિચાર કરે તો શુક્ર કરે. એ જ પ્રમાણે હસીન બદ્‌સૂરતની કદરૂપતાને જોઈને શુક્રનો સજદો કરે, અને બદ્‌સૂરત હુસ્નની બલાઓને જોઈને હુસ્ન ન મળવા પર શુક્ર કરે. બાદશાહ પ્રજાની તંગદસ્તીને જોઈને શુક્ર કરે અને પ્રજા બાદશાહની ચિંતાઓ, મહેનતો વગેરે મુસીબતોને જોઈને શુક્ર કરે. શુક્ર આ'લા દરજાની ઈબાદત બલ્કે સર્વ ઈબાદતોનું મૂળ છે.

## શબે મેઅરાજના નવાફિલ

(કાર્યાલય)

**૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

**ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કબૂલ થશે.

**૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

**૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કઅ્દામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

**૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ,** બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે.

**ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

**૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهِ الطَّاهِرِيْنَ

وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

**ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

**રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

*(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

**૧૨** : નબી, રસૂલથી આમ છે, જેના પર વહી આવે તે નબી, અને જેને તબ્લીગનો પણ હુકમ હોય તે રસૂલ, જે નબી શરીઅત પણ ધરાવતા હોય તે મુરસલ. નબી એક લાખ ચોવીસ હજાર છે, રસૂલ–૩૧૩, મુરસલ–૪. દરેક રસૂલ, નબી છે તેનો અક્સ (પડછાયો) નથી. આદમ علیہ السلામએ તમામ નબીઓને તેમની શાનો તથા કમાલો સાથે જોયા. અમુક ચિરાગો જેવા, અમુક ફાનસ જેવા, અમુક ગેસ, અમુક વીજળી, અમુક ચાંદ જેવા અને આપણા હુઝૂર ﷺ સૂરજની જેમ હતા. કોઈની રોશની ચાંદની જેમ જમાલી હતી અને કોઈની તડકાની જેમ જલાલી. સૂરજ એ સૌમાં સામેલ છે.

**૧૩** : અંબિયાએ કિરામથી ખાસ બે અહદ (વાયદા) લેવામાં આવ્યા હતા. એક રિસાલતની અદાયગી તથા નબુવ્વતની તબ્લીગનો વાયદો, આ વાયદામાં આપણા હુઝૂર ﷺ પણ સામેલ હતા. એનું વર્ણન આ આયતે કરીમામાં છે. અને બીજો વાયદો નબી આખિરુઝ્ઝમાં પર ઈમાન લાવવું અને તેમની મદદ કરવી. એમાં આપણા હુઝૂર ﷺ સામેલ ન હતા. સૌથી આપણા હુઝૂર ﷺ પર ઈમાન લાવવાનો કરાર (વાયદો) લેવામાં આવ્યો. એનું વર્ણન આ આયતમાં છે : ثُمَّ جَاءَ كُمْ رَسُوْلٌ---

**૧૪** : એટલે કે સર્વ રૂહો પોતાના બાપોની પીઠોમાં પરત ગઈ પણ ઈસા علیہ السلامની રૂહ હઝરત મરયમના પેટમાં આપના મુંહ શરીફના માર્ગેથી દાખલ થઈ, કેમ કે આપનો જન્મ વિના પિતાએ થવાનો હતો.

## યહ આદત જાતે જાતે જાએગી ?!

**કાર્યાલય**

ઈસ્લામના નામ પર ચાલતા દીની ઈદારાઓમાં સારા અખ્લાક઼ તથા સભ્યતા અને સુસંસ્કારની તા'લીમ કુર્આન હદીષની રૂએ આપવામાં આવતી હોય છે. ગુનાહખોરી તથા મારધાડ, ખૂનામરકી, હુલ્લડ જેવા ધૃણાજનક ગુનાહોથી દૂર રહેવાની તા'લીમનું નામ જ ઈસ્લામી તા'લીમ છે. પણ ન જાણે તેમ છતાં ત્યાં શું તા'લીમ થતી હશે કે દેવબંદના ઈદારા સાથે સંબંધિત જમાઅતના તલબા તેમજ તબ્લીગી જમાઅત સાથે સંકળાયેલી વ્યક્તિઓ ત્રાસવાદી સંગઠનો ખડાં કરી બેઠી અને જગા જગા ત્રાસવાદ ફેલાવી નિર્દોષોનાં પ્રાણો હર્યા. જેના માટે પાછલા થોડાક વરસોના બનાવો સાક્ષી છે.

### દેવબંદમાં રાતના અંધકારમાં થયેલ ધાંધલ !

દારુલ ઉલૂમ દેવબંદે પોતાની છાપ સુધારવા ત્રાસવાદ વિરોધી ફત્વા તથા રેલીઓ ગુજરાતના વિવિધ શહેરો તથા દેશમાં વિવિધ ઠેકાણે છેવટે દિલ્હી રામલીલા મેદાનમાં ત્રાસવાદ વિરુધ્ધ સંમેલનો દેખાવો યોજ્યા. એક તરફ તે પોતાની છબી સુધારવા ખૂબ જ પ્રયત્નશીલ છે તો બીજી બાજુ તેમના ઘરમાં જ ભાંગફોડવૃત્તિ હજી જતી નથી. જેમ કે રાષ્ટ્રીય સહારા–મુંબઈના સમાચાર પત્રમાં છે કે,

''દેવબંદ– ૨ જૂન (યુ.એન.આઈ.) દારુલ ઉલૂમ દેવબંદના મોહતમિમ મૌલાના મરગૂબુર્રહમાનની ત્રાસવાદ વિરુદ્ધ વિશ્વશાંતિ કોન્ફરન્સમાં શિર્કત પછી આ દેવબંદની દર્સગાહમાં તોડફોડના બનાવો બન્યા છે. દા.ઉ. દેવબંદ તરફથી આજે અહીં પ્રસિદ્ધ થયેલા એક બયાનમાં જણાવવામાં આવ્યું કે શનિવારે રાત્રે ૧૧ વાગ્યાથી એક વાગ્યા દરમ્યાન દારુલ ઉલૂમના તલબા તથા અમુક બહારના લોકોએ ઈદારામાં ધાંધલ ધમાલ મચાવી. મોહતમિમ સાહબની ઓફીસમાં પ્રવેશીને તોડફોડ કરી. ધમાલ વખતે અંધારુ હતું જેથી ધમાલિયા તલબા વગેરેની ઓળખ નથી થઈ શકી. ધમાલ મચાવતા તલબાને મૌલાના સઈદ પાલનપુરી તથા મુફતી અમાન તથા અન્ય ઉસ્તાદોએ સમજાવી પતાવીને તેમના રૂમોમાં પરત મોકલ્યા. દારુલ ઉલૂમે આ સંબંધે પોલીસ કાર્યવાહી કરી નથી.'' *(રાષ્ટ્રીય સહારા–મુંબઈ, તા. ૩–૬–૨૦૦૮)*

### સૂરતમાં મોલ્વી ગયાવીનું તોફાન !

એક તરફ ત્રાસવાદ વિરોધી ફત્વા, સંમેલનો, દેખાવો યોજાય રહ્યા છે અને ઘરની હાલત તો ઉગ્રવાદથી ભરેલી છે ! એટલે જ કહેવું પડે કે, ''યહ આદત જાતે જાતે જાએગી ?!''

દેવબંદી જમાઅતના મુક઼ર્રિર તાહિર ગયાવી જે જ્યાં જાય ત્યાં હંગામા ખડા કરાવવામાં મશહૂર છે બલ્કે ખૂદ તેમના પ્રવચનમાં સ્વમુખે એ એવું બોલ છે તેની CD અમે જાતે સાંભળી છે. તેમના સૂરત ખાતેના રામપુરા આદમની વાડી ખાતેના પ્રવચનમાં તેમની ઝઘડા ખડા કરે તેવી વાણીના કારણે સુન્ની દેવબંદીનો હંગામો થઈ ગયો જેની વિગત આ પ્રમાણે જાણવા મળી છે કે, ''તબ્લીગી દેવબંદી જમાઅત તરફથી તેમના પ્રખર પ્રચારક બિહારી મોલ્વી તાહિર હુસૈન ગયાવીનું ધાર્મિક પ્રવચન રામપૂરા ખાતે તા. ૨૯/૫/૦૮ના રોજ યોજાયું તે પહેલાં તા. ૨૭ અને ૨૮ મીએ પણ ચોકબજાર મેમણ હોલ તથા રાંદેરમાં પણ યોજાયુ હતું જેમાં ઈસ્લામના પયગંબર صلی اللہ علیہ وسلم ની શાન વિરુધ્ધ અભદ્ર શબ્દપ્રયોગ (''નબી નાપાક થાય છે'' જેવા અસભ્ય શબ્દો ઉચ્ચાર્યા વગેરે ઉચ્ચારણો) તેમણે કર્યા, તેમજ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ સંબંધે તેમજ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સંબંધે, દરગાહો સંબંધે પાયાહિન વાતો તથા અસભ્ય બનાવટી કિસ્સા રજૂ કર્યા અને સુન્ની મુસ્લિમોની લાગણી દુભાવી. પ્રથમ દિવસે હોલમાં જે પ્રોગ્રામ હતો ત્યાં તેમણે દેવબંદી જમાઅતના શ્રોતાઓને લલકાર્યા અને કહ્યું કે **હોલમાં નહીં મેદાનમાં પ્રોગ્રામ રાખો ! સૂરતીઓ તમને ડર શાનો છે ?!** આમ ઉશ્કરણી કરી જાણે તેમનો ઈરાદો જ ધાંધલ કરાવવાનો હતો અને અંતે કરાવ્યું જ !

૨૯ મી એ પણ રામપૂરા ખાતેના પ્રવચનમાં સુન્નીઓને ચેલેંજ કરી કે, ''હિંમત હોય તો સામે આવે અને મારી વાતો ખોટી સાબિત કરે ! એઓ જૂઠા છે ! ક઼યામત સુધી સામે નહીં આવી શકે !'' તો આ પડકાર ઝીલીને બે સુન્ની યુવાનો મોલ્વી ગયાવી સમક્ષ હાજર થયા અને લેખિતમાં કાગળ આપ્યો કે જે વાતો તમે ત્રણ દિવસથી બોલો છો પયગંબર તથા સૂફી સંતો વિરુદ્ધ તેના હવાલા પુસ્તકો થકી રજૂ કરો ! તો તેનો જવાબ આપવાને બદલે ઉશ્કેરાઈ જઈને તેમણે તે સુન્ની યુવાનો તથા તેમના સાથે પ્રવચન સાંભળવા આવેલ અન્ય સુન્નીઓને મારવાનો આદેશ આપ્યો તો દેવબંદ જમાઅતના માણસોએ અલ્પ સંખ્યાના સુન્નીઓ પર જીવલેણ હુમ્લો કરી તેમની ખૂબ પિટાઈ કરી જેમાં ઘવાયેલાનાં વિશે વિવિધ સમાચારો સૂરતના વર્તમાન પત્રોમાં અઠવાડિયા સુધી આવતા રહ્યા. અને સૂરતની શાંતિમાં મોલ્વી ગયાવીએ આ રીતે પથરો નાખ્યો. જ્યારે જાહેરમાં ચેલેન્જ સાથે બયાન કરવામાં આવે તો જે વાતો કરી તેના સ્ટાન્ડર્ડ હવાલા રજૂ કરવા જોઈએ, નહીં તો પોતાની ભૂલની માફી માંગી તૌબા કરી લેવી જોઈએ. પણ તોડફોડ અને ધાંધલ મચાવવાની આદતવાળાઓ એવું કદી નહીં કરી શકે, ભલે પોતાની જમાઅતની છાપ સુધારવા દેવબંદ લાખ ત્રાસવાદ વિરોધી સંમેલનો ભરે પણ.... ''યહ આદત જાતે જાતે જાએગી ?!'' અલ્લાહ બેહતર જાણે !

આ બનાવથી પબ્લિકમાં ઉગ્ર માંગ ઉઠી છે કે મોલ્વી તાહિર ગયાવી બિહારી જે ધાંધલ કરે તેવાં ગલત બયાનો કરે છે જેથી તેમને ગુજરાતમાં ક્યાંય પણ બયાન માટે ગવર્નમેન્ટે પરમિશન આપવી જોઈએ નહીં જેથી સમાજની શાંતિમાં ભંગ ન પડે !

બઝ્મે ઔલિયા

# હમ પર હે એહસાન તુમ્હારા ઓ ખ્વાજા !

અઝ
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)

દરેક મુસલમાન માટે કિતાબુલ્લાહ (કુર્આન) એક દીવાદાંડી છે તથા સુન્નતે નબવી (હદીષ) એક માઈલ સ્ટોન છે. જેની બરકત તથા હિદાયતથી તે મંઝિલે મક્સૂદ સુધી પહોંચ હાંસલ કરે છે. રસૂલે અકરમ ﷺની પવિત્ર જિંદગીની પળે પળ કુર્આને પાકની રોશન તફસીર તથા ખુલફાએ રાશિદીન તથા સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હાર رضوان الله تعالى عليهم أجمعينની પૂરી જિંદગી શમ્એ હિદાયત છે જેની રોશનીમાં મુસ્લિમ ઉમ્મત સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ) પર ડગ ભરતી રહીને ઈબાદત તથા રબની ફર્માંબરદારી તથા રબ તઆલાની રઝાની સદ્‌નસીબીઓને ભેટતી રહેશે.

સહાબાએ કિરામે જિંદગીના દરેક મેદાનમાં ઈમાન તથા ઈસ્લામને પોતાનો હાદી તથા રહનુમા (માર્ગદર્શક) બનાવ્યો. જિંદગીના દરેક સંજોગોમાં રહેઠાણ પર કે સફરમાં કે જંગમાં જ્યાં પણ રહ્યા ત્યાં ઈસ્લામનો અમલી નમૂનો પેશ કરતા રહ્યા. અને તેમની પવિત્ર જિંદગીઓ આપણા સૌના માટે અજોડ અમલનો નમૂનો છે. ઈબાદત તથા રિયાઝત, અખ્લાક્ તથા કિરદાર, જેહાદ તથા મુજાહિદા, સત્ય બોલી, હલાલ રોજી, નફ્સની સફાઈ, દિલની પાકી, અંતરની સ્વચ્છતા, દા'વત તથા તબ્લીગ તેમજ અન્ય દીન તથા શરીઅતના ક્ષેત્રોમાં તેઓ પોતાનું દષ્ટાંત પોતે જ હતા.

સહાબાએ કિરામની દરમ્યાન અસ્હાબે સુફ્ફાના નામથી એક એવી જમાઅત પણ હતી જેના બારામાં રસૂલે અકરમ ﷺનો ઈર્શાદે ગિરામી છે : "હે અસ્હાબે સુફ્ફા ! તમને બશારત (ખુશખબરી) થાય, મારી ઉમ્મતના જે લોકો તમારી સિફત (ગુણ) વડે સજેલા હશે અને રાજીખુશીથી આકર્ષણભેર એ ગુણો પર જામેલા રહેશે તેઓ નિઃશંક ! જન્નતમાં મારી સાથે હશે."

સહાબાએ કિરામ પછી તાબઈનમાં જે પવિત્ર હસ્તીઓ તસવ્વુફવાળાઓ માટે અનુસરણ તથા તક્લીદનો નમૂનો છે એમાં હઝરત ઉવૈસ કરની (વિસાલ : હિ.સ. ૩૭) તથા હઝરત હસન બસરી (વિસાલ : હિ.સ. ૧૧૦, ઈ.સ. ૭૩૮) છે. અને જાહેર છે કે એ હઝરાતના માટે **તસવ્વુફ** એ જ હતો કે **કિતાબ (કુર્આન) તથા સુન્નત (હદીષ)ની રોશનીમાં અલ્લાહની રઝામંદીને તલબ કરવામાં આવે.**

તબએ تابعین رحمة الله عليهم તાબઈનના દૌરમાં ઈબાદત તથા ઝોહદ તથા વરઅમાં ખૂબ જ ડૂબેલા રહેનારા હઝરાતને કાયદાનુસાર સૂફીના લક્બથી યાદ કરવામાં આવવા લાગ્યા, જેમાં સૂફી અબુલ હાશિમ કૂફી (વિસાલ : હિ.સ. ૧૫૧, ઈ.સ. ૭૬૮) અગ્રક્રમે છે.

હવે ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે બાકાયદા ઝિક્ર તથા મુરાકબા શરૂ થઈ ગયા. હઝરત રાબિઆ બસરિય્યા (વિસાલ : હિ.સ. ૮૫, ઈ.સ. ૮૦૧)ને તસવ્વુફમાં ઉચ્ચ મકામ હાંસલ થયો.

હઝરત બાયઝીદ બુસ્તામી (વિસાલ : હિ.સ. ૨૬૧, ઈ.સ. ૮૭૫) હઝરત જુનૈદ બગદાદીની (વિસાલ : ૨૯૭, ઈ.સ. ૯૧૦) તબએ તાબઈનના દૌરના મહાન મશાઈખમાં ગણના થાય છે. હઝરત અબૂબક્ર શિબ્લી (વિસાલ : હિ.સ. ૨૩૪, ઈ.સ. ૯૪૯) પોતાના સમયના મહાન સૂફી હતા.

તસવ્વુફ તથા અસ્હાબે તસવ્વુફનો કારવાં સબ્ર તથા તવક્કુલ, ફક્ો ગનાઅ્, ઝિક્ર તથા મુરાકેબા,

ઈખ્લાસ તથા ત્યાગવૃત્તિ, પાકી તથા સફાઈ, રિયાઝત તથા મુજાહિદા, સોઝે ક઼લ્બ તથા ખિદમતે ખલ્ક઼, રઝાએ ઈલાહીની તલબના તથા સુન્નતે નબવીની પયરવીના જઝબા સાથે આગળ વધતો રહ્યો અને મહાન મહાન સૂફીઓ તથા મશાઈખે કિરામ એક પછી એક દરેક દૌરમાં પેદા થતા રહ્યા જેમની પવિત્ર જિંદગીઓ તથા ખિદમતોના વર્ણનના માટે મોટી કિતાબ રચવી પડે.

એ એક ઉઘાડી ઐતિહાસિક હક઼ીક઼ત છે કે હિંદુસ્તાનની અંદર કુદ્સી સિફતોવાળા સૂફીઓ તથા મશાઈખે કિરામના ઝરીયાથી જ ઈસ્લામની તબ્લીગ તથા પ્રચાર સૌથી વિશેષ થયો. પહાડ તથા રણ, જંગલ તથા વેરાન પ્રદેશ, વાદી તથા આબાદી જયાંથી પણ એ પસાર થઈ ગયા ઈસ્લામની શમ્અ રોશન થતી ગઈ અને જે જગાએ બેસી ગયા તેમની રૂહાનિયતથી ત્યાંની જમીન ખીલી ઉઠી અને મુર્દા દિલોમાં ઈસ્લામ તથા ઈમાનની તાજી રૂહ દોડી ગઈ.

એના અનુસંધાનમાં અતાએ રસૂલ, સુલ્તાનુલ હિંદ ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી સંજરી અજમેરી رضی اللہ عنہનું નામ સૌમાં મોખરે છે, એમના દસ્તે હક્ક઼ પરસ્ત પર શિર્ક તથા મૂર્તિપૂજાથી તૌબા કરીને અસંખ્ય ગૈર મુસ્લિમ ઈસ્લામથી માલમાલ થયા.

એ જ પ્રમાણે આપનાથી ફય્ઝ પામેલા ચિશ્તી મશાઈખે કિરામે પણ પોત પોતાના દૌરમાં દા'વત તથા તબ્લીગની અઝીમુશ્શાન ખિદમત અંજામ આપી અને પોતાના રૂહાની આકર્ષણ વડે લાખો ગૈર મુસ્લિમોને ઈસ્લામની દૌલતથી માલમાલ કર્યા જેમાં આ હઝરાત ખાસ ઉલ્લેખનીય છે :–

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી, હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી, હઝરત શૈખ ફરીદુદ્દીન ગંજ શકર, હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી, મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા, હઝરત શૈખ શમ્સુદ્દીન તર્ક પાનીપતી, હઝરત નસીરુદ્દીન મહમૂદ ચિરાગ દહેલ્વી, હઝરત ખ્વાજા બંદા નવાઝ ગેસૂ દરાઝ વગેરે رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن.


કુફ્ર તથા શિર્કથી ભરેલા હિંદુસ્તાનના શહેર શહેર, ગલી ગલીમાં આ બુઝુર્ગાને દીન તથા તેમના ખલીફાઓએ પોતાના ઈખ્લાસ તથા લિલ્લાહિયત, સીરત તથા કિરદાર, ઈન્સાની મુરવ્વત તથા હમદર્દી અને ખિદમતે ખલ્ક઼ના થકી તૌહીદનો દર્સ આપ્યો, ઈસ્લામની ઉચ્ચ અખ્લાક઼ી તા'લીમ પેશ કરી, પાકીઝા અમલી જિંદગીના ઉચ્ચ નમૂનાઓ રજૂ કર્યા ત્યારે હિંદુસ્તાનના વિવિધ ક્ષેત્રોમાં ઈસ્લામનો પરચમ લહેરાયો, તૌહીદનું ગીત ગુંજી ઉઠયું, મસ્જિદો તામીર થઈને આબાદ થઈ, ઈસ્લામી મર્કઝો સ્થાપિત થયાં, ઈલ્મો તથા વિદ્યાકળાઓના ચિરાગો રોશન થયા, દિલોની દુનિયા આબાદ થઈ, ગુમરાહીઓનો પડદો ચિરાઈ ગયો, અંધકારો દૂર થયા અને ચો તરફ નૂરે ઈલાહીનું અજવાળુ ફેલાઈ ગયું.

**ઈનકા સાયા ઈક તજલ્લી ઈનકા નક઼્શે પા ચિરાગ**
**યહ જિધર ગુઝરે ઉધર હી રોશની હોતી ગઈ**

એમનો જ ફય્ઝાને કરમ છે કે આપણા બાપદાદાઓ ઈસ્લામની નેઅમતથી નસીબવંત થયા અને તેમની જ કૃપા દૃષ્ટિ છે કે આપણી નજરો તથા દિલ બસારત તથા બસીરત (દૃષ્ટિ તથા સમજ)ની દૌલતથી માલમાલ થયાં. એટલા માટે આપણો દીની તથા ક઼ૌમી ફરીઝો છે કે તેમને યાદ રાખવાની સાથો સાથ તેમની જિંદગીને આપણા માટે દીવાદાંડી બનાવીએ, તેમના આદેશો તથા તા'લીમાત પર અમલ કરતા રહીને આપણી દુનિયા તથા આખેરતની ભલાઈનો સામાન કરીએ. તેમના દા'વત તથા તબ્લીગના તરીક઼ાને અપનાવીએ અને તેમના દર્દમય અંતર તથા ઈશ્કની ઉષ્મા તથા દિલની ગરમીની અમુક ચિંગારીઓ આપણામાં પેદા કરીને.....

***ખૂદ જલેં દીદાએ અગયાર કો બીના કર દેં.***

એ બુઝુર્ગોની રૂહને ખુશ કરવાનો સૌથી શ્રેષ્ઠ તરીકો એ જ છે કે તેમના ઈશ્કો ઈર્ફાનના મસ્લકનો પ્રચાર તથા અને ફેલાવો કરીએ અને તેમના રૂહાની તથા અખ્લાકી મિશનને આગળ વધારવામાં આવે છે. આ તરીકાને જો આપણે સાચા અર્થમાં અપનાવીશું તો તેમના સાચા વારસ તથા જાનશીન કહેવાઈશું, નહીં તો કમહિંમત અને નાખલફ (કપૂત) ઔલાદથી અધિક આપણી કોઈ હેસિયત નહીં હોય. *(નુકૂશે ફિક્ર, અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી, દારુલ કલમ–દિલ્હી)*



એવું નથી કે આપણે કેવળ તેમના મઝાર પર હાજરી આપી, મોંઘામાં મોંઘી ચાદર ચઢાવી, ફૂલોના ઢગલા કરીને તથા હજારોની ન્યાઝ કરીને મનમાં ફૂલાતા રહીએ કે અમે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની મહોબ્બતનો હક્ક અદા કરી આપ્યો ! બલ્કે **ખરેખર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની રૂહને ખુશ કરવાનો તરીકો તો એ છે કે જે અકીદા પર આપ રહ્યા અને જે નેક અમલો આપે કર્યા અને કરવાના આદેશો આપ્યા તેના પર અડગતાથી જામી જઈએ.** શું સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને શરીઅત વિરુધ્ધ વર્તવું, નમાઝોને છોડી દેવી, રોઝાની છૂટ્ટી, ઝકાત–ઉશ્રમાં સુસ્તી, ગરીબોની મદદમાં અરૂચી, શાદી વગેરેમાં હરામ કામો તથા ફુઝૂલખર્ચી કરવી, બેપર્દા સ્ત્રીઓનું ફેશનેબલ બનીને શરીરનાં અગો જાહેર થાય તે રીતે ઘૂમવું પસંદ હતું ?! શરાબખોરી, પર પુરૂષ પર સ્ત્રીના ખેલો–ડાન્સ જોવા, દાઢી મૂંડાવવી કે મુઠ્ઠીથી ઓછી કરવી, વ્યાજ ખાવું, જૂઠ બોલવું, હરામ રોજી કમાવું, કોઈનો માલ હડપ કરી જવો, માં બાપનો હક્ક, પતિ કે પત્નીનો હક્ક, ઔલાદના હક્કો, માં બહેનોના હક્કો ન જાળવવા પસંદ હતા ? વ્યભિચાર તથા બદ્‌નઝરી એવા અન્ય ખરાબ કામોથી આપને નફરત ન હતી ? યકીનન ! આપને સર્વ ગુનાહિત કામોથી સખત નફરત હતી અને નબી કરીમ ﷺની સુન્નતોથી બેહદ મહોબ્બત હતી. તો **આપણે આપણી જાતનો આપણા ઘરનો અભ્યાસ કરીને જો ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની મહોબ્બતનો દમ ભરતા હોઈએ તો આપણે તેમને પસંદ એવાં કેટલાં કામો રોજ ઉઠીને કરીએ છીએ અને નાપસંદ એવાં કેટલાં કામો કરીએ છીએ તેના પર ચિંતન મનન કરીને ગુનાહોથી તૌબા કરી સાચા "આશિકે ખ્વાજા" કે "ખ્વાજા કી દીવાની" બનવા ભરપુર કોશિશ કરવી જોઈએ તો આ આપણા ફૂલ ચાદર, ન્યાઝ વગેરેનાં કાર્યો પણ મકબૂલ થશે ! નહીં તો એ કેવળ રિયાકારી, શોબાઝી અને દેખાડો બનીને રહી જશે.**

આજે તો ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہના દરબારમાં જ બહેનો માથે નામની ઓઢણીનો ટુકડો તો રાખે છે પણ સ્લીવલેસ, ટૂંકા કપડાં પહેરીને ત્યાં જાણે પિકનિકમાં નીકળી તેમ ફરે છે અને ભાઈઓની હાલત પણ જોવા જેવી હોય છે ! અને દરગાહમાં ઠેઠ કબ્રે અન્વર પાસે ઔરતો પણ મર્દોની ભીડમાં કચડાતી તથા ભીંસાતી જોવા મળે છે ! આ શું ખ્વાજા સાહબની મહોબ્બત છે ?! તૌબા ! તૌબા ! ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہનાં એહસાનોની કદરની કેવળ એક જ રીત છે કે **જે તેમને પસંદ છે તે કરો ! અને તે છે શરીઅત પર પાબંદી !** રબ તઆલા તેના મહબૂબ બંદાઓના સદકામાં સૌને સાચી સમજ આપે. (આમીન)

**ક્યૂંઝે મદીના મિલતા હૈ અજમેર સે હી**
**રોઝા હૈ ઝીશાન તુમ્હારા યા ખ્વાજા !**

# મેઅરાજુન્નબી صلى الله عليه وسلم અને તેની હિકમતો

કાર્યાલય

سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ لَیۡلًا مِّنَ الۡمَسۡجِدِ الۡحَرَامِ اِلَی الۡمَسۡجِدِ الۡاَقۡصَا

*"પાક છે તે જાત જે લઈ ગયો રાતો રાત પોતાના બંદાને મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી."*

મેઅરાજની તારીખ સંબંધે ઉલમમામાં મતભેદ છે : (૧) ૧૭ રબીઉલ (૨) ૨૭ રબીઉલ અવ્વલ (૩) ૨૭ રમઝાન મુબારક (૪) ૨૭ રબીઉલ આખર (૫) ૨૭ રજબુલ મુરજજબ. *(સીરતે હલબી, પેજ–૪૦૪)* અને આખરી કૌલ એટલે ૨૭ રજબ જ અધિક સહીહ છે.

મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "મા ષબત બિસ્સુન્નહ"માં ફર્માવે છે, "યાદ રાખશો કે અરબના વિસ્તારમાં લોકો દરમ્યાન મશહૂર છે કે હુઝૂરે અક્દસ صلى الله عليه وسلمને મેઅરાજ શરીફ ૨૭ રજબુલ મુરજજબના થઈ." *(મા ષબત બિસ્સુન્નહ, પેજ–૧૩૯)*

અલ્લાહ તઆલાએ આયતે અસ્રાને سُبۡحٰنَ (સુબ્હાન) શબ્દ વડે શરૂ કરી કે જે આશ્ચર્યના સ્થાને વપરાય છે. મેઅરાજનો પ્રસંગ એક અજબનો બનાવ હતો જે માનવ બુદ્ધિથી પર હતો એટલા માટે કાફિરોએ ઈન્કાર કર્યો, જેથી સુબ્હાન (પાક છે તે જાત એટલે અલ્લાહ) ફર્માવીને નિર્દેશ કર્યો કે મેઅરાજનો બનાવ એક અજીબનો બનાવ છે પણ તે જાતે કરાવ્યો જે સુબ્હાન છે, અયબ તથા લાચારીથી પાક છે, તેને ત્યાં આ કાંઈ મુશ્કેલ નથી, તે દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે તો પછી ઈન્કાર શા માટે ? બીજુ એ કે "સુબ્હાન" શબ્દ એટલા માટે ફર્માવ્યો કે કાફિરોએ મેઅરાજનો બનાવ સાંભળીને અલ્લાહના હબીબ صلى الله عليه وسلمને જૂઠા કહ્યા. (મઆઝલ્લાહ !) તો અલ્લાહ તઆલાએ કાફિરોને જવાબ આપ્યો કે મારી જાત પાક છે એનાથી કે હું જૂઠો રસૂલ બનાવું, જેથી મારો રસૂલ સાચો છે, જૂઠા તો તમે જ છો.

મેઅરાજનું બીજુ નામ "અસ્રા" પણ છે. "અસ્રા"નો અર્થ રાતે ચલાવવું કે રાત્રે લઈ જવું. હુઝૂર صلى الله عليه وسلمના મેઅરાજના બનાવને રબ તઆલાએ سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ لَیۡلًا ના શબ્દો થકી બયાન ફર્માવ્યો છે એટલા માટે મેઅરાજનું બીજુ નામ "અસ્રા" પડી ગયુ. અને હદીષોમાં મેઅરાજનો બનાવ વર્ણન કરતાં હુઝૂર صلى الله عليه وسلمએ عُرِجَ بِیۡ (મને ઉપર ચઢાવવામાં આવ્યો)ના શબ્દો ફર્માવ્યા એટલા માટે આ બનાવનું નામ મેઅરાજ પડયું.

મેઅરાજની રાત્રે આપના ઘરની છત ખુલી અને એકાએક હઝરત જિબ્રઈલ علیہ السلام કેટલાક ફરિશ્તાઓની સાથે નાઝિલ થયા અને આપને કા'બાના હરમમાં લઈ જઈને આપના સીના મુબારકને ચાક કર્યું અને દિલ મુબારકને કાઢીને આબે ઝમઝમ વડે ધોયું પછી ઈમાન તથા હિકમતથી ભરેલી એક તશ્ત (થાળી)ને આપના સીનામાં ઠાલવીને ખોલેલ સીનો સરખો કરી આપ્યો. પછી આપ બુર્રાક પર સવાર થઈને બયતુલ મુકદ્દસ તશરીફ લાવ્યા. બુર્રાકની તે જ ગતિની સ્થિતિ એ હતી કે તેનો કદમ ત્યાં પડતો હતો જ્યાં તેની નજરની અંતિમ હદ હોતી. બયતુલ મુકદ્દસ પહોંચીને બુર્રાકને આપે તે વર્તુળમાં બાંધી દીધું જેમાં અંબિયાએ કિરામ علیہم السلام પોત પોતાની સવારીઓને બાંધ્યા કરતા હતા. પછી આપે સર્વ નબીઓ તથા રસૂલોને જેઓ ત્યાં મૌજૂદ હતા બે રકાત નમાઝ ઈમામ બનીને

જમાઅતથી પઢાવી.

જ્યારે ત્યાંથી નીકળ્યા તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ શરાબ તથા દૂધના પ્યાલા આપની સામે ધર્યા તો આપે દૂધનો પ્યાલો ઉઠાવી લીધો. એ જોઈને હઝરત જિબ્રઈલ علیہ السلامએ કહ્યું કે આપે ફિતરતને પસંદ કરી, જો તમે શરાબનો પ્યાલો ઉઠાવી લેત તો તમારી ઉમ્મત ગુમરાહ થઈ જાત. પછી હઝરત જિબ્રઈલ علیہ السلام આપને સાથે લઈને આસ્માન પર ચઢયા. પ્રથમ આસ્માન પર હઝરત આદમ علیہ السلام સાથે, બીજા આસ્માન પર હઝરત યહ્યા علیہ السلام તથા હઝરત ઈસા علیہ السلامથી મુલાકાત થઈ જેઓ બંનેવ મસ્યાય ભાઈ હતા. મુલાકાતો થઈ અને કેટલીક વાતચીત પણ થઈ. ત્રીજા આસ્માન પર હઝરત યૂસુફ علیہ السلام સાથે, ચોથા આસ્માન પર હઝરત ઈદરીસ علیہ السلام તથા પાંચમા આસ્માન પર હઝરત હારૂન علیہ السلام સાથે અને છઠ્ઠા આસ્માન પર હઝરત મૂસા علیہ السلام મળ્યા. અને સાતમા આસ્માન પર પહોંચ્યા તો ત્યાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام સાથે મુલાકાત થઈ. તે બયતુલ મઅમૂરથી પીઠ લગાડીને બેઠા હતા જેમાં દરરોજ ૭૦ હજાર ફરિશ્તા દાખલ થાય છે. મુલાકાત વખતે દરેક ફરિશ્તાએ "ખુશ આમદિદ ! હે સાલેહ પયગંબર !" કહીને આપનું સ્વાગત કર્યું. પછી આપને જન્નત તથા જહન્નમની સૈર કરાવવામાં આવી, ત્યાર બાદ આપ "સિદરતુલ મુન્તહા" પર પહોંચ્યા, એ ઝાડ પર અન્વારે ઈલાહીનું પ્રતિબિંબ પડયું તો એકદમ તેની સૂરત બદલાઈ ગઈ અને એમાં રંગ બેરંગી અન્વારની એવી તજલ્લી જોવા મળી જેની કૈફિયતોને શબ્દોમાં વ્યક્ત નથી થઈ શક્તી. ત્યાં પહોંચીને હઝરત જિબ્રઈલ علیہ السلام એવું કહીને અટકી ગયા કે આનાથી આગળ હું નથી વધી શક્તો. પછી હક્ક઼ તઆલા جل جلالہ એ આપને અર્શ બલ્કે અર્શની ઉપર જ્યાં સુધી તેણે ચાહ્યું બોલાવીને આપને નવાજ્યા, અને ખલ્વતગાહે રાઝ (એકાંત)માં રાઝો નિયાઝના તે પયગામ અદા થયા જેની લતાફત તથા નઝાકત શબ્દોમાં વ્યક્ત નથી થઈ શક્તી.

બારગાહે ઈલાહીમાં અસંખ્ય તોહફાઓ ઉપરાંત ત્રણ ખાસ ઈનામો અર્પણ થયા જેની અઝમતોને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ સિવાય કોણ જાણી શકે છે. (૧) સૂરએ બક઼રહની અંતિમ આયતો (૨) એ ખુશ ખબરી કે આપની ઉમ્મતનો દરેક તે શખ્સ જેણે શિર્ક ન કર્યું હોય તેને બખ્શી દેવામાં આવશે. (૩) ઉમ્મત પર ૫૦ વખતની નમાઝ.

જ્યારે આપ આ ખુદા તઆલાના તોહફાઓ લઈને પરત ફર્યા તો હઝરત મૂસા علیہ السلامએ આપને અર્ઝ કરી કે આપની ઉમ્મતથી આ પચાસ નમાઝોનો બોજ ન ઉઠી શકશે જેથી તમો પાછા જાવ અને અલ્લાહથી કમી કરવાની દરખાસ્ત કરો. જેથી હઝરત મૂસા علیہ السلامના મશ્વરાથી કેટલીકવાર આપ બારગાહે ઈલાહીમાં આવજા કરતા રહ્યા અને કમીની અર્ઝ કરતા રહ્યા, ત્યાં સુધી કે ફક્ત પાંચ સમયની નમાઝો રહી ગઈ અને રબ તઆલાએ પોતાના હબીબ صلی اللہ علیہ وسلمને ફર્માવ્યું કે, મારો ક઼ૌલ બદલાઈ નથી શક્તો, હે મહબૂબ ! આપની ઉમ્મતના માટે આ પાંચ નમાઝો પણ પચાસના બરાબર રહેશે. એટલે કે નમાઝો તો પાંચ હશે પણ આપની ઉમ્મતને પાંચ નમાઝો પર પચાસ નમાઝોનો અજરો સવાબ અતા કરીશ. પછી આપ આલમે મલકૂતની સારી રીતે સૈર ફર્માવીને અને આયાતે ઈલાહીયાનું નિરીક્ષણ તથા દીદાર કરીને આસ્માનથી જમીન પર તશરીફ લાવ્યા અને બયતુલ મુક઼દસમાં દાખલ થયા અને બુર્રાક઼ પર સવાર થઈને મક્કા મુકર્રમાના માટે રવાના થયા. રસ્તામાં આપે બયતુલ મુક઼દસથી મક્કા સુધીની સર્વ મંઝિલો અને કુરૈશના કાફલાઓને પણ જોયા. એ મરહલાઓને પાર કર્યા બાદ આપ મસ્જિદે હરામમાં પહોંચ્યા, હજી રાતનો ઘણો હિસ્સો બાકી હતો જેથી સૂઈ ગયા અને સવારે જ્યારે રાતના બનાવોને આપે કુરૈશ સમક્ષ વર્ણન કર્યા તો કુરૈશના રઈસોને ખૂબ જ આશ્ચર્ય થયું, એટલે સુધી કે અમુક દિલના આંધળાઓએ આપને જૂઠા કહ્યા. (મઆઝલ્લાહ !) અને અમુકે વિવિધ સવાલ કર્યા.

મોટા ભાગના કુરૈશના રઈસોએ વારંવાર બયતુલ મુક઼દ્દસને જોયું હતું અને એ પણ જાણતા હતા કે હુઝૂર ﷺ બયતુલ મુક઼દ્દસમાં નથી ગયા એટલા માટે ઈમ્તેહાનના રૂપે એ લોકોએ આપને બયતુલ મુક઼દ્દસના દરોદીવાર તથા તેના મેહરાબો વગેરે બારામાં પ્રશ્નોની ઝડી વરસાવી, તો તે સમયે અલ્લાહ તઆલાએ તુરત જ આપની નિગાહે નબુવ્વતની સમક્ષ બયતુલ મુક઼દ્દસની આખી ઈમારતનો નક્શો પેશ કરી આપ્યો. જેથી કુરૈશના કાફિરો આપનાથી સવાલો કર્યે જતા હતા અને આપ ઈમારતને જોઈ જોઈને તેમના સવાલોના સાચે સાચા જવાબો આપ્યે જતા હતા. આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફર્માવે છે :–

**ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમપે કરોડોં દુરૂદ**

મેઅરાજ શરીફનું આ તદ્દન સંક્ષિપ્ત વર્ણન છે, નહીં તો એક એક પ્રસંગનું વિગતે વર્ણન કરવામાં આવે તો એક મોટી કિતાબ તૈયાર થઈ જાય. આપે મેઅરાજની સફર દરમ્યાન બેનમાઝી, વ્યાજખોર, વ્યભિચારી, લાભીયાઓ, હરામ ખાનાર, વ્યભિચારી સ્ત્રીઓ, ચુગલખોરો, યતીમનો માલ ખાનારા....વગેરે બદ્અમલોના જે હાલ જોયા તેનું વર્ણન કંપાવી દે તેવું છે. તેમજ અન્ય વિગતોનું વર્ણન ફરી કોઈકવાર કરવામાં આવશે, અત્રે મેઅરાજ શરીફની શું હિકમતો રબ તઆલાની નજીક છે તેનું વર્ણન કરવામાં આવે છે.

## મેઅરાજ શરીફની હિકમતો ★

ઉલમાએ કિરામે મેઅરાજ શરીફની ઘણી હિકમતો વર્ણવી છે એમાંથી અમુક વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ :–

**(૧)** એક રાત્રે હુઝૂરે અકરમ ﷺની સમક્ષ આપની ઉમ્મતના અમલો પેશ કરવામાં આવ્યા. આપ ﷺ આપની ઉમ્મતના પુષ્કળ ગુનાહોને જોઈને રંજમય બની ગયા પણ મહબૂબના રબને એ ક્યારે પસંદ હતું કે તેનો મહબૂબ રંજમય બને ! જેથી રબ્બુલ આલમીન ﷻએ પોતાના મહબૂબ ﷺને શબે મેઅરાજમાં પોતાની પાસે બોલાવી લીધા, પોતાની રહમતના દરિયા અને મગફેરતના ખજાનાઓ દેખાડયા અને ફર્માવ્યું, હે મહબૂબ ! શું તારી ઉમ્મતના ગુનાહ વધારે છે કે તારા રબની રહમત તથા મગફેરત વધારે છે ?! આ હતી મેઅરાજની એક હિકમત. *(મઆરિજુન્નબુવ્વત, ભાગ–૩, પેજ–૯૧)*

આ પરથી આપણે પણ બોધ લેવો જોઈએ કે રબ તઆલાની રહમત તેના મહબૂબ ﷺના સદકામાં આટલી વિશાળ છે, તો આપણે રબનો શુક્ર અદા કરતા રહી ગુનાહોથી તૌબા કરતા રહેવું જોઈએ અને ખૌફે ખુદા સાથે ઈસ્લામી શરીઅત પર ચાલતા રહેવું જોઈએ, નહીં કે રહમતની તથા મગફેરતની બશારત વાંચીને શૈતાનના દોસ્ત બની જઈ ગુનાહોમાં ડૂબી જવું !

**(૨)** અલ્લાહ તઆલાએ પ્રથમ દિવસથી પોતાના મહબૂબ ﷺને ક઼યામતના દિવસમાં સર્વ મખ્લૂક઼ાતના માટે શફાઅત કરનાર બનાવ્યા છે. ક઼યામતનો દિવસ ઘણો જ ભયાનક હશે. દરેકના ઉપર ભય છવાયેલો હશે. કોઈને બીજાની હાલત માલૂમ કરવાની શક્તિ નહીં હોય, બલ્કે દરેકે દરેક પોતાની હાલતમાં ગુમ હશે. એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને શબે મેઅરાજમાં પોતાની પાસે બોલાવીને અજબ ગજબની ચીજો તથા જન્નતના દરજાઓ તથા દોઝખના તબક઼ાઓ દેખાડયા, જેથી કાલે આવનાર ક઼યામતની ધાક આપને પ્રભાવિત ન કરી શકે અને આપ વિના ભયે ગુનેહગારોની શફાઅત કરે. એ જ કારણે ક઼યામતના દિવસે સૌ નફ્સી નફ્સી બોલશે અને ખુદાના હબીબ ﷺ ઉમ્મતી ઉમ્મતી ફર્માવશે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૨)*

**(૩)** ક઼ાયદો છે કે મજાઝી બાદશાહ જ્યારે કોઈને પોતાની મહોબ્બતની સાથે ખાસ કરે છે તો તમામ ખજાનાઓ ભંડારો દેખાડીને પોતાની સર્વ ચીજોનો માલિક તથા અધિકારી બનાવે છે, એ જ પ્રમાણે

હકીકી બાદશાહ અલ્લાહ ﷻ એ પોતાના રસૂલે પાક હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને પોતાની મહોબ્બતની સાથે ખાસ કર્યા તો પોતાના મહબૂબને દુનિયાના સર્વ ખજાના તથા ભંડારો દેખાડયા. જેમ કે હદીષ પાકમાં છે, "મારી સમક્ષ સર્વ જમીન સમેટી દેવામાં આવી તો મેં તેના પૂર્વ તથા પશ્ચિમને જોયાં." *(અન્વારે મુહમ્મદિયા, પેજ–૩૦૪, મદારિજ, ભાગ–૧, પેજ–૧૩૯)*

જ્યારે જમીનના સર્વ ખજાનાઓ દેખાડી દેવામાં આપ્યા તો તેની ચાવીઓ આપીને અર્પણ કરીને માલિક તથા મુખ્તાર બનાવવામાં આપ્યા. સરકારે દો આલમ ﷺ ખૂદ ફર્માવે છે, "મને જમીનના ખજાનાઓની ચાવીઓ અર્પણ કરવામાં આવી." *(અન્વારે મુહમ્મદિયા, પેજ–૩૧૨, મદારિજ, ભાગ–૧, પેજ–૧૪૮, મિશ્કાત શરીફ, પેજ–૫૧૨)*

આસ્માનના ખજાનાઓ બાકી હતા જેથી મુહમ્મદ ﷺના રબ તઆલાએ ચાહ્યું કે શબે મેઅરાજમાં આસ્માની ખજાનાઓ પણ દેખાડી દેવામાં આવે અને જન્નત તથા દોઝખની ચાવીઓ દસ્તે અકદસમાં આપવામાં આવે, એટલા માટે મેઅરાજ શરીફ કરાવવામાં આવી. *(મઆરિજુન્નબુવ્વત, ભાગ–૩, પેજ–૯૨, ૯૩)*

**(૪)** અલ્લાહ તઆલા ફર્માવે છે, **(અર્થ)** : "અલ્લાહ તઆલાએ મો'મિનોનાં માલ તથા જાન ખરીદી લીધાં જન્નતમાં બદલામાં." જેથી અલ્લાહ તઆલા ખરીદાર તથા મો'મિન વેચનાર થયા. જાન તથા માલ સોદાની ચીજ થઈ અને જન્નત કિંમત થઈ અને હબીબે ખુદા ﷺ આ મહાન સોદામાં વકીલે આ'ઝમ છે. વકીલે આ'ઝમનું કામ હોય છે કે સોદાની ચીજને જુએ અને તેની કિંમતને પણ જુએ. જેથી આપને મેઅરાજ કરાવવામાં આવી કે આપે આપના ગુલામોના જાન તથા માલને જોઈ લીધા છે તો આવો જન્નત પણ જોઈ લો અને તેના બાગો તથા ઈમારતો, હૂરો વગેરે પણ જોઈ લો, બલ્કે ખરીદનારને પણ જોઈ લો ! જેમ કે ઈમામની કિરાઅત મુક્તદીની કિરાઅત હોય છે, ઈમામનું જોવું, સૌનું જોવું હોય છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૨)*

**(૫)** જ્યારે અલ્લાહ તઆલાએ જમીન તથા આસ્માનને પેદા ફર્માવ્યાં તો જમીન તથા આસ્માનમાં મુનાઝરો થયો. જમીને કહ્યું, હે આસ્માન ! હું તારાથી બેહતર છું, કેમ કે મારામાં ઝાડો, દિવસો, ફળો, જાનવરો તથા પક્ષી પંખીઓ અને જિન તથા માણસો છે. અને મને રંગબે રંગી ફૂલો વડે સજાવવામાં આવેલ છે. આસ્માને કહ્યું, મારામાં સૂર્ય, ચાંદ, તારાઓ, અર્શ તથા કુર્સી, લોહ તથા કલમ, જન્નત તથા દોઝખ છે અને હૂરો ગિલ્માનથી મને સજાવવામાં આવેલ છે. જમીને કહ્યું, મારા પર ખાનએ કા'બા શરીફ છે જેની ઝિયારત અંબિયા તથા ઔલિયા તથા તમામ મુસલમાન કરે છે. આસ્માને કહ્યું, મારામાં બયતુલ મઅમૂર છે જેનો તવાફ ફરિશ્તા કરે છે અને મારામાં જન્નત છે જ્યાં અંબિયા, અવલિયા, સાલેહ લોકો અને શહીદોની રૂહો રહે છે, અને કયામત પછી એમાં જ રહેશે. જમીને કહ્યું કે હે આસ્માન ! હું તારાથી બેહતર છું કેમ કે મારામાં હબીબે ખુદા ﷺ છે જે જન્નતના માલિક છે. આ સાંભળી આસ્માન ખામોશ થઈ ગયું. અને ખૂબ જ આજીજીપૂર્વક તેણે દુઆ માંગી કે ઈલાહી ! હું મુનાઝરામાં હારી ગયું છું જેથી એકવાર તારા હબીબ ﷺને આસ્માન પર બોલાવ, આપ ﷺ પોતાનો કદમ મારા પર રાખે અને હું જમીનની સરખામણીમાં શર્મિંદા ન બનું. જેથી અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને આસ્માન પર બોલાવીને આસ્માનની દુઆ કબૂલ કરી. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૩)*

**(૬)** જ્યારે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને સંબોધન કર્યું કે હઝરત આદમ عليه السلامને જમીનમાં મારો ખલીફા બનાવનાર છું, ફરિશ્તાઓએ અર્ઝ કરી :

તું એવાને તારો ખલીફા બનાવીશ જે ફસાદ કરશે તથા ખૂનરેજી કરશે ! તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "બેશક ! હું જે જાણું છું તમે નથી જાણતા." એટલે કે હું તેમની ઔલાદમાંથી મારો હબીબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ (ﷺ) પેદા ફર્માવીશ, તમારી

નજર હે ફરિશ્તાઓ ! ઝઘડાળુઓ તથા ખૂનરેજી કરનારાઓ તરફ છે અને મારી નજર મારા હબીબ (ﷺ)ની તરફ છે જેના વાસ્તે મેં ૧૪ તબક઼ા બનાવ્યા છે. ફરિશ્તાઓએ જ્યારે હુઝૂર પુરનૂર ﷺનું નામે પાક સાંભળ્યું તો આપના દીદાર માટે આતુર બન્યા અને ખુદાના દરબારમાં આ પ્રમાણે અર્ઝ કરવા લાગ્યા, ઈલાહી ! એકવાર તારા હબીબ ﷺને આસ્માન પર બોલાવ જેથી અમો પણ આપ ﷺની ઝિયારતથી મુશર્રફ થઈ શકીએ. અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓની એ દુઆ ક઼બૂલ ફર્માવી અને આપને શબે મેઅરાજમાં આસ્માન પર બોલાવીને ફરિશ્તાઓને ઝિયારત કરવાનો મોક઼ો આપ્યો. *(મદારિજ, ભાગ–૩, પેજ–૯૫)*

**(૭)** આસ્માન પરના ફરિશ્તાઓમાં અમુક મસાઈલમાં બહષ થઈ અને એ મુનાઝરામાં ચાર લાખ વરસો વહી ગયાં. પણ બહષ તથા મુનાઝરો ખત્મ ન થયો અને કોઈ સંતોષજનક જવાબ કોઈથી ન બની શક્યો. એટલામાં હબીબે ખુદા ﷺનો દુનિયામાં ઝહૂર થયો. ફરિશ્તાઓએ હુઝૂર પુરનૂર ﷺના કમાલોની ખ્યાતિ સાંભળી તો જાણી ગયા કે આપણા આ મસાઈલનો હલ હબીબે ખુદા ﷺ ફર્માવશે. જેથી ફરિશ્તાઓએ અલ્લાહના દરબારમાં દુઆ કરી કે, મૌલા ! એકવાર તારા હબીબ ﷺને અમારી પાસે મોકલ જેથી અમારી મુશ્કેલી હલ થઈ જાય. જેથી હુઝૂર પુરનૂર ﷺ ફરિશ્તાઓની મુશ્કેલી હલ કરવા માટે મેઅરાજ શરીફમાં તશરીફ લઈ ગયા. *(મઆરિજુન્નબુવ્વત, ભાગ–૩, પેજ–૯૭)*

**(૮)** મેઅરાજ શરીફની હિકમત એક એ પણ હતી કે હુઝૂર પુરનૂર ﷺની મહાનતા આસ્માનવાળાઓ તથા જમીનવાળાઓ પર જાહેર થાય. જમીનવાળાઓમાં સૌથી અધિક બુઝુર્ગ અંબિયા عَلَيْهِمُ السَّلَام હોય છે જેથી મેઅરાજની રાત બયતુલ મુક઼દ્દસમાં સર્વ અંબિયા عَلَيْهِمُ السَّلَامના ઈમામ બન્યા જેથી આપની મહાનતા જમીનવાળાઓ પર જાહેર થઈ ગઈ. અને આસ્માનમાં ફરિશ્તા મહાન હતા જેથી શબે મેઅરાજમાં બયતુલ મુઅમૂરમાં તેમના ઈમામ બન્યા જેથી આપની મહાનતા ફરિશ્તાઓ સમક્ષ જાહેર થઈ ગઈ. મેઅરાજ આપની બુઝુર્ગીનું એલાન છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૭)*

**(૯)** નિયમ છે કે દરેક ચીજ પોતાના વતન તથા રહેઠાણે જવાનું પસંદ કરે છે. જુઓ આગને સળગાવવામાં આવે તો તે ઉપરની તરફ જાય છે કેમ કે તેનું સ્થળ ઉપર છે, તો પોતાના સ્થળે જવાનો શોખ ધરાવે છે. બુલબુલ વગેરે પક્ષીઓ જેમનું વતન તથા સ્થળ બાગ હોય છે અને જ્યારે શિકારી તેમને પકડીને પિંજરામાં બંધ કરી દે છે તો તે પિંજરામાં ફરફરે છે કેમ કે તેને પોતાનું વતન જે બાગ છે તેની યાદ સતાવે છે. માણસ સફરમાં ગમે તેટલો આરામ તથા એશમાં હોય છતાં તેને તેનું વતન યાદ આવે છે, તેની તમન્ના તેના દિલમાં રહ્યા કરે છે. એ જ પ્રમાણે જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના નૂર વડે ભાગ પાડયા વિના નૂરે મુસ્તફાને પેદા કર્યું તો આપનું નૂર ત્રણ સ્થળોએ રહ્યું : મક઼ામે હયબત, મુક઼ામે લુત્ફ, મક઼ામે કુર્બ. એ ત્રણેવ સ્થળોએ હજાર હજાર સાલ રહ્યું જે એક લાંબી મુદ્દત છે. જ્યારે તે નૂર શરીર મુબારકમાં તશરીફ લાવ્યું તો આપને આપનું અસલ વતન યાદ આવ્યું, જે કુર્બનો મક઼ામ હતો એ મૂળ વતનની મહોબ્બત રહેતી હતી કે તેમાં પહોંચીને દિલને સાંત્વન હાંસલ થાય. જેથી અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને શબે મેઅરાજમાં આપના અસલી વતનમાં બોલાવ્યા જેથી આપને ચૈન તથા દિલી સુકૂન હાંસલ થાય. જ્યારે આપ ﷺ શબે મેઅરાજ પોતાના અસલ વતનમાં પહોંચ્યા જે કુર્બનો મક઼ામ હતો. તો મક઼ામ ઉમદા હતું એટલા માટે અર્ઝ કરી, મૌલા ! હવે હું પાછો જઈશ નહીં ! તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મહબૂબ ! જો પરત ન ગયા તો આપની ઉમ્મતના સર પર હાથ કોણ રાખશે ?! તેમની દસ્તગીરી કોણ કરશે ? એટલા માટે આપને પરત મોકલવામાં આવ્યા. જેથી આ સ્થાને કહેવામાં આવે છે કે આસ્માનો પર જવામાં આશ્ચર્ય નથી કેમ કે દરેક પોતાના વતનમાં જાય છે બલ્કે આસ્માનોથી

જમીન પર આવવું એ આશ્ચર્ય છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૮)*

**(૧૦)** અલ્લાહ તઆલાએ જેટલા મો'જિઝાઓ અને દરજાઓ તમામ અંબિયાએ કિરામ عليهم السلامને અલગ અલગ આપ્યા, તે સર્વે ઉપરાંત એનાથી વિશેષ પોતાના મહબૂબ ﷺને અતા કર્યા.

**હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયઝા દારી**
**આં ચે ખૂબાં હમા દારંદ તૂ તન્હા દારી**

હઝરત મૂસા કલીમુલ્લાહ عليه السلامને એ દરજ્જો મળ્યો કે કોહે તૂર પર આપને મેઅરાજ કરાવવામાં આવી. હઝરત ઈસા عليه السلامને ચોથા આસ્માન સુધી મેઅરાજ કરાવવામાં આવી. હઝરત ઈદરીસ عليه السلام તથા આદમ عليه السلامને જન્નત સુધી મેઅરાજ કરાવવામાં આવી. જે રબ તઆલાની હિકમત હતી કે હબીબે ખુદા ﷺને એવી મેઅરાજ કરાવવામાં આવે જેમાં ઉપરોક્ત સર્વ મેઅરાજો આવી જાય અને સૌથી વધી પણ જાય, એટલા માટે આપને એવી મેઅરાજ કરાવવામાં આવી જેમાં અલ્લાહ તઆલાથી કલામ (વાતચીત) પણ છે, આસ્માનોની સૈર પણ છે અને જન્નતમાં પ્રવેશ પણ છે. સારાંશ કે જે મકામો તથા દરજાઓને અન્ય અંબિયાએ અલગ અલગ પાર પાડયા હતા તે સૌને આપે પામી લીધા, તેમ છતાં પણ ઘણો ફરક છે. હઝરત કલીમુલ્લાહ કોહે તૂર પર અને હબીબુલ્લાહ અર્શે અઝીમ પર, કલીમુલ્લાહ ખૂદ જાય છે, અને હબીબુલ્લાહને બોલાવવામાં આવે છે.

આ ઉપરાંત મેઅરાજ શરીફની હિકમતો છે પણ લખાણ લાંબુ થવાના લીધે આટલેથી જ સંતોષ માનીએ છીએ. આ પરથી નબી કરીમ ﷺનો અલ્લાહને ત્યાં કેટલો મહાન મર્તબો છે તે સમજી શકાય છે.

# ફતવા વિભાગ

કાર્યાલય

## વહાબી પાસેથી મસ્જિદ બાંધકામમાં મદદ લેવી કેવી ?!

**સવાલ** : મસ્જિદનું નવેસર બાંધકામ થાય છે તો શું એ જગાએ નમાઝ ચાલુ રાખવી જરૂરી છે ? અને બાંધકામમાં બેનંબરી ધંધાવાળાના તથા દેવબંદી વગેરેના પૈસા લઈ શકાય કે નહીં ?

**જવાબ** : મસ્જિદનું કામ ચાલુ હોય અને જમાઅત કરવાની પોઝીશન ન હોય તો બાંધકામ દરમ્યાન બીજી જગાએ નમાઝ પઢી શકાય છે. અને બેનંબરી ધંધાવાળાની જો આવક કેવળ હરામની છે (અન્ય કોઈ હલાલ આવક નથી) તો દીની કામોમાં તેમનાથી ચંદો ન લેવામાં આવે જેથી તેમને સબક મળે, અને જો હલાલ આવક પણ છે તો તેમની રકમ મસ્જિદમાં લગાડી શકાય છે. અને દેવબંદી વગેરે કોઈપણ બદ્‌મઝહબ પાસેથી કોઈ મદદ લેવી જાઈઝ નથી, કે એમનાથી આ રીતનો સંબંધ દીન ઈમાન માટે કાતિલ ઝહેર છે. ફકીહે મિલ્લત હઝરત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمة الله عليه આ પ્રકારના એક સવાલના જવાબમાં લખે છે : જમાઅતે ઈસ્લામી, તબ્લીગી જમાઅત, દેવબંદી, વહાબી અને શીઆ વગેરે મુર્તદો, ગુમરાહ તથા ગુમરાહ કરનાર છે જેથી તેમનાથી ચંદો લેવો જાઈઝ નથી, તેમનાથી ચંદો લેવો ઘણો જ મહાન ફિત્નાનો સબબ છે. એટલા માટે કે જેઓ એમનાથી રૂપિયા લેશે તેઓ એમની સાથે મેલજોલ રાખશે, સલામ, કલામ કરશે, તેમની તા'ઝીમ કરશે, પોતાના પ્રસંગોમાં સામેલ કરશે અને પોતે ખૂદ તેમને ત્યાં જશે, અને આ સર્વ **હરામ** છે. હદીષ શરીફમાં છે : "બદ્‌મઝહબોથી દૂર રહો અને તેમને તમારાથી દૂર રાખો, ક્યાંક તેઓ તમને ગુમરાહ કરી દે અને ફિત્નામાં સપડાવી દે." *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૧૦, ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, બાબ ફીલ મસ્જિદ, પેજ–૧૭૦)*

**લખનાર** : (મુફતી) કલીમુલ્લાહ નિઝામી

ચાંદ ૩/જમાદીઉલ આખર/હિ.સ.૧૪૩૯

**અલ્ જવાબ સહીહ** : (મૌલાના) મુહમ્મદ ફીરોઝ અહમદ [દારુલ ગુલશને અજમેર, રયહાન નગર–ભરૂચ]

બયાન

# બ મૌક્આ જશ્ને ૧૦૦ સાલા હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ

# વહાબી તેહરીક઼ ઔર અંગ્રેજ સાઝિશ કી તારીખી દાસ્તાન !

અઝ : **મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી** (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)

**૧૮૫૭ પહેલે વહાબી ગૈર મુક઼લ્લિદ કોઈ ન થા !**

મૈં બતા રહા થા, અર્ઝ કર રહા થા કે આપ ઝરા સોચો, **૧૮૫૭ સે પહલે પૂરી દુન્યામેં સિર્ફ મસ્લકે એહલે સુન્નત હૈ, પૂછો ઈન ગૈર મુકલ્લિદોં સે કે ૧૮૫૭ સે પેહલે તુમ્હારા કોઈ વજૂદ ?! ઈન વહાબીયોંસે પૂછો ૧૮૫૭ સે પેહલે તુમ્હારા કોઈ વજૂદ ? ઈનસે પૂછો ! ઉસ વક઼્ત સે પેહલે જો ભી થે વો હમ થે !** મૈં કેહના ચાહતા હૂં અગર તુમ અંગ્રેજો કી સાઝિશોં કો બુન્યાદ બનાના ચાહતે હો તો આઓ ફૈસલા કરો ! **૧૮૫૭ સે પેહલે બર્રે સગીરમેં મુસલમાનોં કા જો અક઼ીદા હૈ ઉસ પર હમ ભી મુત્તફિક હો જાએં, તુમ ભી મુત્તફિક હો જાઓ !** યે ચેલેંજ મૈંને બર્તાનિયા મેં ભી દિયા હૈ, દુન્યા કે દુસરે ઈલાકોં મેં ભી દિયા હૈ, વો ફિત્ને જો અંગ્રેજોને પૈદા કિયે થે. અબ તો વો ખુલ કે ખૂદ ભી કેહ રહે હૈં, મૌલાના ખૂદ ભી કેહ રહે હૈ ૧૮૫૭ કે બાદ યહાં ફિત્ને પૈદા કિયે ગયે ઔર ઓલમા કો સૂલી દે દી ગઈ ઔર ઉસી કે બાદ અરબ કી તકસીમ કા મનસૂબા ભી બનાયા ગયા. ઉસી કે બાદ બનાયા ગયા. લોરેન્સ ઓફ અરબિયા, તારીખ કા બળા હી નામવર ઈન્સાન હૈ, બળા હી મશ્હૂર મુનાફિક઼ ! બળા હી અઝીમ દજ્જાલ ! અરબોં કો અરબિય્યત કા શઊર દેનેવાલા, ઔર અરબી ક઼ૌમિય્યત પર માઈલ કરનેવાલા ઔર તર્કી કે સાથ એલાને બગાવત કરનેવાલા, લોરેન્સ ઓફ અરબિયા આજ ભી બર્તાનવી તારીખમેં વો બાઝાબ્તા તૌર પે ઝિંદા હૈ. આપ અચ્છી તરહ જાનતે હૈં યે શખ્સ કૌન થા, બાત દર અસલ યે હુઈ કે તર્કી કા ખૌફ હમેશા યૂરપ કો રહા હૈ. યૂરપ કી બાઝ હુકૂમતોં મેં બાદશાહોંસે બવક઼્તે બાદશાહત અહદ લિયા જાતા થા કે હમ તર્કી કો ક઼ત્લ કરેંગે, હમ તર્કીયોંસે લળેંગે, યે બાઝાબ્તા ઉનસે અહદ લિયા જાતા થા, ઈસી લિયે કે તર્કીને યૂરપ કે દિલ પર ક઼બ્ઝા કર લિયા થા. તર્કીયોં કી બળ્હતી હુઈ રફતાર કો રોકને કે લિયે પૂરે યૂરપને સોચા કે તર્કી કે દસ્તો પા તોળ દિયે જાએં, અરબોં કો કહા જાએ કે તુમ અરબ હો ! પયગંબર તુમમેં આયે થે ! તર્કીવાલોં કો હુકૂમત કરને કા ક્યા હક઼્ક઼ હૈ ? ઔર ફિર ઉન્હેં અસ્લહે સપ્લાય કીયે જાયેં. જૈસે ઈસ વક઼્ત કિયા ગયા. નતીઝા યે હુવા, લારેન્સ ઓફ અરબિયાને કબાઈલ કા દૌરા કિયા, નજદ કા દૌરા કિયા, ઈરાકી કબાઈલ કા દૌરા કિયા, મિસરી કબાઈલ કા દૌરા કિયા ઔર ઉન્કો બતાયા, ઉન્કો ઝેહન દિયા કિ તુમ્હેં તર્કી કી ગુલામી સે નિકલના હોગા. હમ અસ્લહા સપ્લાય કરેંગે. ચુનાન્ચે ફ્રાન્સ સે અસ્લહા લિયા, યક઼ીન માનો બર્તાનિયા અસ્લહા દેતા રહા ઔર ઉસકે બાદ બાઝાબ્તા ઈન્હેં ખિલાફતે ઈસ્લામિયા કે ખિલાફ આમાદા કિયા. ભૂલ ગયે હો, મુહમ્મદ અલી જૌહર કો ! ભૂલ ગયે હો શૌકત અલી કો ? ઈનસે પૂછો ! ઈન્કી કિતાબોં કા મુતાલિઆ કરો. ઉસ દૌરમેં ઈન્કી તેહરીર કા મુતાલિઆ કરો કે જબ સઊદી ક઼બ્ઝા હો રહા થા તો યે રોતે હુએ ગયે થે કે ઐસા મત કરો ! ઐસા મત કરો ! યે બરેલી કે ખાનવાદા કે લોગ નહીં થે ! બાત દર અસલ યે હૈ કે બાદમેં તુમ્હારે ઝમીરોં કો પૈસે સે ખરીદ લિયા ગયા હૈ. મગર ઉસકે પાસ ઉત્ના પૈસા નહીં થા કે મુહમ્મદ અલી કો ખરીદા જા સક્તા, શૌક઼ત અલી કો ખરીદા જા સક્તા. અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! ખિલાફત તેહરીક કા રિપોર્ટ પળ્હો, ઉસ ઝમાને કે મુસલમાનોં કા જાએઝા લો,

તુમ્હેં માલૂમ હોગા કે ફિર વો વક્ત આયા ઔર વો ઝમાના આયા કે પૂરે અરબમેં બગાવત કી હવા દૌરાઈ ગઈ ઔર કહા ગયા કે હમ તર્કીયોં કો નિકાલેંગે. ચુનાન્ચે મિસર સે ઈક્તેદાર હટાને કી કોશિશ કી ગઈ. હિજાઝમેં ફિત્ના બરપા કિયા ગયા. મગર હિજાઝી ફિર ભી મુસલમાન થા. નજદીયોંમેં ભી કહીં કહીં ઈસ્લામી હિસ્સ મૌજૂદ થી. જબ વો મુસલમાનોં કો ગોલી મારતે તો યા અલ્લાહ ! કેહ કર કે ગિર જાતા, તો વો કેહતે, યે તો યા અલ્લાહ ! કેહ રહા હે ! ઔર હમસે કહા ગયા થા કે હમેં કાફિરોં સે લળના હે ! કઈ મર્તબા કબાઈલને તલવારેં ફેંકી તો મરે હુએ અબ્દુલ વહાબ નજદી કી તેહરીરોં કો દો બારા સઊદી ઈકતેદાર કે તેહત ઝિંદા કિયા ગયા ઔર યે કહા ગયા કે મક્કે ઔર મદીનેમેં બસનેવાલે, બગદાદ ઔર મિસ્રમેં બસનેવાલે યે મુશ્રિક હો ગયે હૈં. તુમ જેહાદ મુસલમાનોં સે નહીં કર રહે હો, મુશ્રિકોં સે કર રહે હો. **યે ફત્વા અંગ્રેજો કી સાઝિશ કી બુન્યાદપે દિયા ગયા થા જો આજ ભી દિયા જા રહા હૈ.** મગર કુર્બાન જાઓ ! ૧૮૫૭ કે બાદ મુસલમાનોં કા અક઼ીદા બદલને કી કોશિશ કી જાનેવાલી થી અલ્લાહ તઆલાને આ'લા હઝરત મુજદ્દિદે મિઅતે હાજરા કો ૧૮૫૬ મેં પૈદા કર દિયા, તા કિ જો બદલનેવાલે હૈં વો બદલ જાએં. મગર જો હક઼ પે રહનેવાલે હૈં વો ઈમામ કે સાયેમેં ઝિંદા રહેં. ડો. યા'કૂબ ઝકીને ફર્માયા, કાશ ! સન ૧૯૨૧ કે બાદ ૨૫–૨૬ તક આ'લા હઝરત હોતે તો યક઼ીનન ! ઈબ્તેદામેં તર્કી કે ખિલાફ ઉઠનેવાલી કુવ્વત કે સિલસિલેમેં કુછ કર સક્તે. વો એક ઐસા તુફાન થા કે જિસે ઉઠના હી થા, જિસે બરપા હોના હી થા, લેકિન ! જહાં તક અક઼ીદે ઔર નઝરિયે કે તહફ્ફુઝ કી બાત હે, આ'લા હઝરત ગયે તો મુફતીએ આ'ઝમે હિંદ છોળ ગયે. જો આજ ભી બચા રહે હૈં ઔર કલ ભી બચાતે રહેંગે. આ'લા હઝરત ઝિંદા હે, ૨૬ કે બાદ ભી મુફતીએ આ'ઝમ કી શકલમેં આ'લા હઝરત ઝિંદા હે, આક઼ાએ નેઅમત કી શકલમેં આ'લા હઝરત ઝિંદા હે, ઉન્કે મુક઼દ્દસ તલબા કી શકલમેં, ઉન્કે માનનેવાલોં કી શકલમેં, અભી જબ બર્તાનિયા કે લોગોં ને પૂછા કે તુમ સઊદી અરબ કો બચાને ક્યૂં ચલે ગયે ? તો ઉન્હોંને બાઝાબ્તા એક ફિલ્મ દિખાઈ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ જિસમેં સઊદી બાદશાહોં ઔર ઈન્કે ખાનઝાદેકે પૈક કા ઈઝહાર કિયા ગયા. બાઝાબ્તા પ્રુફ કે ઝરિયે સે. આપ અગર ચાહો તો બાઝાબ્તા વો કેસેટ આપ કો દિલવા દુંગા. મૈં ઉસમેં કામ કર રહા હૂં. બહોત હી જલ્દ એક બહોત હી બળી કિતાબ સઊદી યહૂદી ઔર ઈંગ્લિશ રવાબિત પર આનેવાલી હે. લેકિન હમારા યે ફર્ઝ હે, હમારા ઈનસે મુઆહિદા હે કે તુમ સઊદી અરબમેં કોઈ કામ હમારી મર્ઝી કે મુતાબિક઼ ન કરોગે ઔર જબ ભી તુમ પે કોઈ આફત આએગી પૂરા બર્તાનિયા ઔર પૂરા અમરિકા તુમ્હારા સાથ દેગા ! યે મુઆહેદા હે વહાં જો કુછ ભી હોગા વો અમરિકા કી મર્ઝી કે મુતાબિક હોગા. મૌજૂદા બાદશાહ કે પરદાદા કો ઉસ ઝમાને મેં પાંચ હજાર પૌન્ડ બર્તાનવી હુકૂમતસે વઝીફા મિલતા થા. જબ વો એક કબાઈલી હેસિયતસે ઝિંદગી ગુઝારતા થા, ઉસકી કોઈ હેસિયત નહીં થી.

**ઈસ્લામ કે ખિલાફ બર્તાનવી સાઝિશ !**

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! આજ ભી બર્તાનિયા પોલિટિકલ અસાઈલમ કે નામ પર, દુસરી ચીઝોં કે નામ પર દુન્યાભર કે બાગી લોગોં કો પનાહ દિયે હુએ હે. હિંદુસ્તાન ઉસે મેહસૂસ કરતા હે. ઉસ ઝમાનેમેં ભી જહાં જહાં સે બગાવત ઈસ્લામ કે ખિલાફ હો સક્તી થી ઉન્હેં વઝીફા ભી દિયા જાતા થા ઔર પનાહ ભી દી જાતી થી ઔર બાદ મેં અસ્લહે ભી દીએ જાતે થે. યે વો હક઼ાઈક઼ હૈ જિસસે બર્તાનિયા ઈન્કાર નહીં કર સક્તા. અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! નતીઝા યે હુવા કે બાઝબ્તા લોરેન્સ ઑફ અરબિયા કે બરપા કિયે હુવે તરીક઼ે સે હુકૂમતે તર્કી કા ટુકળા ટુકળા કર દિયા ગયા. ઈરાક અલગ હો ગયા, કુવૈત અલગ હો ગયા, મિસ્ર અલગ હો ગયા, હિજાઝ અલગ હો ગયા, ઔર ઈનમેં બાઝાબ્તા એક દુસરે કો લળાયા ગયા. નતીઝા યે હે કે વો ક઼ૌમ જો દુન્યા કી ઈમામત કર સક્તી થી વો

અપને ઝમાને કે પીછે લગી હૂઈ હે. ઔર દુસરી બાત યે થી કે અંગ્રેજ યે જાનતા થા કે મુસલમાન એક ઐસી તાક઼ત રખતા હે કે જિસકે નામ પર ફિર મુત્તફિક઼ હો સક્તા હે ઔર વો ઈશ્કે રસૂલ કા જઝબા હે, ઈશ્કે રસૂલ કી તાક઼ત હે. યે અંગ્રેજ જાનતા થા. ચુનાન્ચે ફ્રાન્સમેં મુસલમાનોં કે દૌરે ઝવાલમેં મસ્તશ્રેકીન કી એક કાન્ફ્રન્સ હુઈ થી ઉસ કાન્ફ્રન્સમેં મુસ્તશ્રેકીનને કહા થા કે કયા વજહ હે કે મુસલમાન ઝવાલ પઝીર હોને કે બાદ ભી આગે બળ્હતા હે ?! યે એક બળા સવાલ હે ! ખાસ તૌર પે મુઅર્રિખીન કે લિયે ઔર તારીખદાનોં કે લિયે ! ગ઼ૌર સે સુનિયે ! ઔર આમ તૌર પર આપ લતીફે સુનને કે આદી હૈં, તો મૈં લતીફા કેહના ભૂલ ગયા હૂં. પેહલે ભી ન કેહતા થા, એક રોનેવાલે સે લતીફા સુનોગે ?! જો ટુકળે હો રહા હો ઉનસે તુમ કહાનિયાં સુનોગે ! મૈં ઈસ ક઼ાબિલ નહીં રહ ગયા હૂં. ઈસ લિયે અગર ગ઼ૌર સે મેરી બાત સુન સક્તે હો તો સુનો ! શાયદ મૈં તુમ્હેં કોઈ મુતાલા પેશ કર સકું ઔર તુમ્હારે લિયે મુતાલા કે હજારોં દરવાઝે ખોલ સકું. દેખો ફ્રાન્સિસિયોંને યે સોચા કે ઐસા ક્યૂં હોતા હે ? ઉન્કે સામને તારીખ કે કુછ હવાલે થે. ઉન્હોંને યે કહા કે એક તેહઝીબ જબ સિયાસી મૌત મર જાતી હે ફિર નહીં ઉભરતી. યુનાન અપની સિયાસી મૌત પર ગયા ફિર નહીં ઉભરા. કન્ફ્યુસિયશકા ચીન અપની સિયાસી મૌત મર ગયા ફિર ઉસકી તેહઝીબ નહીં ઉભરી. ઓસ્તા કા ઈરાન અપની તેહઝીબી મૌત મર ગયા ફિર નહીં ઉભરા, અરસ્તુ ઔર સુકરાત કા મુલ્ક અપની ફિકી મૌત મર ગયા ફિર નહીં ઉભરા, મિસ્ર કી ફરાએના કી તેહઝીબ મર ગઈ ફિર નહીં ઉભર સકી. ઔર ઈસ તરહ સે એક ઔર મુલ્ક હે જહાં બહોત કુછ લિખ્ખા ગયા મગર ફિકી મૌત કે બાદ ફિર નહીં ઉભર સકા. તો જબ દુન્યામેં હમેશા ઐસા હોતા આયા કે એક મુલ્ક, એક ક઼ૌમ જબ અપની તેહઝીબી ઔર ફિકી મૌત મર જાતી હે તો ફિર નહીં ઉભરતી. તો સ્પેન કે ઝવાલ કે બાદ મુસલમાનોં કો મર જાના ચાહિયે થા! બગદાદ કે હલાકૂ કી તબાહી કે બાદ મુસલમાનોં કો મર જાના ચાહિયે થા, દિલ્લી કા સુહાગ ઉજળને કે બાદ મુસલમાનોં કો મર જાના ચાહિયે થા. મગર યે ક્યા મામલા હે કે જિસ સદીમેં ૧૪૯૧ મેં સ્પેનમેં ઝવાલ હો રહા હે તો જાવા ઔર સુમાત્રા કી મમલેકતેં ઈસ્લામ કી આગોશમેં દાખિલ હોતી જા રહી હે !

## એક તરફ ઝવાલ તો દુસ્રી તરફ ઉરૂઝ !

**ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હે**
**ઉતના હી ઉભરેગા જિત્ના તુમ દબાઓગે**
**જહામેં એહલે ઈમાં સૂરતે ખુર્શિદ જીતે હૈં**
**ઈધર ડૂબે ઉધર નિકલે ઉધર ડૂબે ઈધર નિકલે**

સ્પેન મુસલમાનોં કા મર્કઝ થા, મગર વહાં ઝવાલ હો રહા હે, ઔર ઉસસે બળી મમલેકત ઈન્ડોનેશિયા દુન્યા કે ઈસ્લામી નક્શે પે ઉભર રહી હે ! આજ દુન્યા કી સબસે બળી મમલેકત જહાં કોઈ મુહમ્મદ ઈબ્ને ક઼ાસિમ નહીં પહોંચા, કોઈ તારીખ ઈબ્ને ઝિયાદ નહીં પહોંચા. કોઈ હઝરતે ખાલિદ ઈબ્ને વલીદ નહીં પહુંચે. ઉસ સરઝમીન પર કોઈ ફાતેહ નહીં પહુંચા. ઉસ સરઝમીન પર સિર્ફ ઈસ્લામ પહુંચા, તાજિરોં કે હાથમેં માલે તિજારત થા યા કુર્આન થા. ઈસ કે ઝરિયે સે ઈત્ની બળી મમલેકત વજૂદમેં આઈ. હૈરતઝદા હો ગયે ! સ્પેન કે ઝવાલ કે બાદ તો ટૂટ જાના ચાહિયે મગર યે ક્યા કે ઈસ્લામ ફૈલ રહા હે ! બગદાદ જબ બિખરા થા સઅદીને મર્ષિયા લિખા થા :–

**આસમાં રા હક્ક઼ બબદ ગર ખું બબારદ બર ઝમીં**
**બરસુકૂતે મુલ્કે મુસ્તાસમ અમીરુલ મુઅમિનીન**

આપ ઝરા સોચો ! ગૌર કરો કે સઅદીને મર્ષિયા લિખા થા ઔર દફન કર દિયા થા બગદાદ કો, મગર ૨૫ સાલ નહીં ગુઝરા કે જિન્હોં ને બગદાદ કે હાથોમેં ઝંજીર ડાલી થી, દરયાએ દજલામેં મુસલમાનોં કા ખૂન બહા થા, ઉન્હીં લોગોંને ઈસ્લામ કી ઝંજીર પહેન લી !

**હે અયાં ફિત્નએ તાતાર કે અફસાને સે**
**પાસબાં મિલ ગયે કા'બે કો સનમખાને સે**

જો કા'બા કો ઢાને કા ફૈસલા કર રહે થે વહી કા'બા કે તહફ્ફુઝ કે લિયે તૈયાર હો ગયે !

દુન્યા હેરતઝદા હે ! ઈસ્લામ સિયાસી એ'તેબાર સે ભી ટૂટતા હે તલવાર સે ભી ટૂટતા હે, ઈકતેસાદી એ'તેબાર સે ભી મરતા હે, ફિર આગે બળ્હ રહા હે ! ઔર ભી ઐસે વાકિઆત હુએ હે.

અભી કલ કી બાત હે, મૈં યહાં આને સે પેહલે ફ્રેન્કફર્ટ ગયા થા. ફ્રેન્કફર્ટમેં મૈંને એક નયે ઈસ્લામિક સેન્ટર કી બુન્યાદ રખ્ખી હે, ઈન્શાઅલ્લાહ ! બહોત જલ્દ બન જાએગા, મગરબી જર્મનીમેં યે ફિત્ના કાદયાનિયોં કા બહોત આગે બળ્હ ગયા હે. વહાં ઈત્તેફાકસે અહમદિયા ઔર પાકિસ્તાની મુસલમાન ૫૦૦૦ હે. ઔર કાદયાની પોલિટિકલ અસાઈલમ લેકર કે આઠ દસ હજાર પહુંચ ચૂકે હે. એક બહોત બળા ચેલેંજ હે હમારે સામને વહાં હમને એક ઈદારા કાયમ કિયા, ઈન્શાઅલ્લાહ ! કામયાબી હોગી. મૈં અર્ઝ કરના ચાહતા હૂં કે ઉસ ઈદારે કે સિલસિલેમેં મૈં ગયા તો અમરિકા કે કાલે ફૌજી જો બર્તાનિયા મેં તકસીમે બર્લીન કે ઝમાને સે મૌજૂદ હે. કમ્યુનિઝ મેં જબ આધા બર્લીન તકસીમ કરવા લિયા થા ઉસ કે ઝમાને સે અમરિકા કી રિઝર્વ ફોર્સિસ બર્લીન કી હિફાઝત કે લિયે બાઝાબ્તા જર્મની કે મુખ્તલિફ મમાલિકમેં મૌજૂદ હે. ઔર ફ્રેન્કફર્ટમેં એક મર્કઝ હે વહાં કુછ કાલે મુસલમાન આયે ઔર ઉન્હોંને મુઝે તકરીર કી દા'વત દી. મૈં ગયા તો માલૂમ હુવા કે **બગદાદ કી જંગ કે બાદ કમો બેશ દેઢસો કાલે ફૌજીયોંને ઈસ્લામ કબૂલ કર લિયા.** (સુબ્હાનલ્લાહ !)

મૈં રોતા રહા, મૈં બેકરાર રહા, મૈં કાલોં કો દેખતા રહા, મૈંને કહા કે ઝવાલ કે બાદ તુમ લોગ તૂટી હુઈ તલવાર કા સાથ નહીં દેતે. તુમને ઐસે વક્ત પે કૈસે ઈસ્લામ કબૂલ કર લિયા ? તો ઉન્હોંને કહા, હમને મેહસૂસ કર લિયા હે કે હમારી રગોં કા ખૂન પેટ્રો ડા'લર કે ઝરીએ બાઝાબ્તા તૌર પે ચૂસા ગયા હે ઔર બહાયા ગયા હે. અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા યે ઈસ્લામ ફેલ રહા હે ઈસ ટોપિક પર કોન્ફરન્સ હુઈ. સોચના યે થા કે ઈસ્લામ ક્યૂં ફેલ રહા હે ? તલવારેં તૂટતી હેં, મુલ્ક તબાહ હોતે હેં બગદાદ ઔર દિલ્લી ઉઝળતે હે ઔર ઈસ્લામ ફૈલતા હે ! તો સબોંને મિલ કર કે જો નતાઈઝ અખ્ઝ કિયે વો બતા રહા હૂં, ઉન્હોં ને કહાં, મુસલમાનોં કે પાસ એક ઐસી તાકત હે જિસ્કા દુન્યા કે કિસી ભી મઝહબમેં કોઈ જવાબ નહીં ! દુન્યા કા હર મઝહબ સિર્ફ દિમાગ રખતા લેકિન મુસલમાન દિલ ભી રખતા હે. ઔર ઈન્કેલાબાત દિમાગ સે નહીં આતે, દિમાગસે નક્શે ઈન્કેલાબ કે તૈયાર કિયે જા સક્તે હે. મગર જબ ભી કિસી ઝમીર પર ઈન્કેલાબ આતા હે તો દીવાનોં સે આતા હે, દિલ કે ઝરિયેસે આતા હે ઔર મુસલમાન ચૂં કે મહબ્બત ભરા દિલ રખતા હે ઈસ લિયે મરના ભી જાનતા હે, કુર્બાન ભી હોના જાનતા હે. ઉન્હોંને કહા, ઉસકી મિષાલ દેખો, ઈસાઈ જિસ મુલ્ક મેં ગયા ઉસમેં અપના નામ બદલ દિયા. હિંદુસ્તાનમેં આયા તો રામ કિશન નામ હો ગયા. પાકિસ્તાનમેં ગયા તો અબ્દુલ્લાહ ઔર અબ્દુલ મસીહ નામ હો ગયા, મગર કેહતે હેં મુસલમાન કા યે આલમ હે નબી સે મહબ્બત કા, અપને નબી સે તઅલ્લુક કા કે દુન્યામેં જહાં ભી બસ રહા હો ઉસકા નામ ગુલામ મુહમ્મદ હોતા હે, અબ્દુન્નબી હોતા હે, ગુલામે રસૂલ હોતા હે. જો અપને નબી સે અપને નામ કી નિસ્બત ન તૌળ સકે વો અપને દિલ કી નિસ્બત ક્યા તોળ સકેગા ?!

**મહબ્બતે રસૂલ ઈમાન કી જાન !**

ઉન્હોંને કહા કે અગર ઉન્હેં બેજાન કરના હે તો ઉન્કે દિલોં સે મહોબ્બતે મુસ્તફા નિકાલની હોગી. એક જો કુવ્વતે મા'ફિકા હે જો મર્કઝે સિકલ હે એક જો જમા હોને કી સલાહિય્યત હે. તર્કી કા મુસલમાન હો વો ભી નઅત મેં વહી કેહ રહા હે જો ઈમામ અહમદ રઝા કેહ રહે હેં, ઈમામ બુસૈરી વહી કેહ રહે હેં જો બરેલી કા તાજદાર કેહ રહા હે, યે જો એક જઝબા હે એક આતેફા હે એક શઉર હે, એક ફિકી રિવાયત હે ઔર દિલ કા એક બહાવ હે, ઈસ પર કાબૂ કરના હોગા. જબ તક ઈનકે દિલમેં ઈશ્કે મુસ્તફા કી શમ્અ જલતી રહેગી ઉસ વક્ત તક ઈન પર કાબૂ નહીં પાયા જા સક્તા. યે દીવાનેં હેં અપને રસૂલ કે નામ કે ઔર દિન કે. મૈં

અર્ઝ કરના ચાહતા હૂં, યે ફ્રાંસિસી મુસ્તશરીકીન ને કહા થા, યે તો બળે આલી દિમાગ લોગ થે ના ! મગર અરબ કે કાફિરોંને ભી યહી બાત કહી થી ! યાદ હૈ આપ કો જબ અલ્લાહ કે રસૂલને ફર્માયા કે કૈસરો કિસરા કે ખઝાને તુમ્હારે હાથોં મેં આ જાએંગે. તો અરબ કે કાફિરોંને અપને એક ઝહીન આદમી કો સરકાર ﷺ કી બારગાહમેં ભેજા. વો ઝહીન આદમી કૈસર કે દરબારમેં ભી ગયા થા ઔર કિસરા કે દરબારમેં ભી ગયા થા. જબ વો સરકાર ﷺ કે દરબારમેં પહુંચા. ગયા ઈસી લિયે થા તા કિ વો સરકાર ﷺ કી ફૌજી કુવ્વત કા જાએઝા લે, કે અસ્લહે તામીર કર લિયે હૈં, કીલએ બના લિયે હૈં, સમરે હયાત મુતકલ કર લિયા હૈ, ફૌજ બહોત બળી તૈયાર કર લિયા હૈ. પયગંબરે સેહરાનશીં બોરિયાનશીં કૈસરો-કિસરા કે સદીયોં કી હુકૂમત કે પરખચે ઉળાને કી બાત કિસ તરહ કર રહા હૈ ?! યે જાએઝા લેને કે લિયે એક શખ્સ ગયા થા. જબ વો મસ્જિદે નબવી કે કરીબ પહુંચા તો અઝાન હો રહી થી. લોગ અઝાન કી આવાઝ સુનકર મસ્જિદ કી તરફ જા રહે થે ઔર સરકાર ﷺ વુઝૂ કર રહે થે. ઉસને કહા, ઔર દેખા કે સરકાર ﷺ વુઝૂ કર રહે હૈં તો વુઝૂ કા કોઈ કતર-એ આબ ઝમીન પર નહીં ગિરતા ! લોગ અપને ચેહરે પર લેતે હૈં, આંખોં મેં લગા લેતે હૈં, હાથ મેં ઉઠા લેતે હૈં ! કતરા ઝમીન પે નહીં ગિરતા, લોગ ઉસે મિઝગાને હયાતમેં સજા લેતે હૈં, ઝિંદગી કે તાકે મેહફૂઝમેં રખ લેતે હૈં. વો સિર્ફ યે દેખ કે આ ગયા ઔર ઉસને અપની કૌમ સે કહા, મુહમ્મદે અરબી યકીનન ! કિસરા કો ભી ફતહ કર લેંગે ઔર કૈસર કો. ક્યા બહોત બળી ફૌજ ઈકટ્ટા કર લી હૈ ? કહા, નહીં ! ક્યા બહોત બળી તાકત ઈકટ્ટા કર લી હૈ ? કહા, નહીં ! કહા, ફિર કૈસે ફતહ કર લેંગે ?! કહા, ઈસી લિયે કે મૈંને કૈસરો કિસરા કો દેખા હૈ, જબ તક વો તખ્ત પર હોતે હૈ એહતેરામ હોતા હૈ, તખ્ત સે ઉતર જાતે હૈ સલાઈયાં ફૈર દી જાતી હૈ.

**સહા કે કોહલે જવાહર થી યા કેહલે જવાહર થી**
**ખાકે પા જિનકી ઉન્હીં કી આંખોંમેં ફિરતી સલાઈયાં દેખી**

મગર મૈંને મદીને મેં પયગંબર કો દેખા હૈ જિન્હોંને તખ્ત નહીં બિછાયા હૈ, કુર્સી નહીં બિછાઈ હૈ, ચટાઈ પે બેઠે હૈં, બોરિયાનશીન હૈ મગર જબ વુઝૂ કરતે હૈં તો હર કતરા સહાબા કી આંખો મેં ચલા જાતા હૈ. પયમાને નિગાહસે પી લેતે હૈ, પયમાને નઝર સે પી લેતે હૈ ! **તો સુનો ! જો કૌમ અપને નબી કા વુઝૂ કા પાની ગિરતા હુઆ નહીં દેખ સક્તી વો અપને નબી કા ખૂન બેહતા હુઆ કૈસે દેખ સક્તી હૈ ?!** મુહમ્મદે અરબીને દીવાનેં પૈદા કિએ હૈં ! દુન્યા ફરજાનોસે ટકરા સક્તી હૈ મગર દિવાનોં સે નહીં ટકરા સક્તી, દુન્યા કા ફરજાના ચલા કરતા હૈ તો રાસ્તા ભૂલ જાતા હૈ, મગર દીવાના ચલા કરતા હૈ તો જહાં બૈઠ જાતા હૈ મંઝિલ બન જાયા કરતી હૈ ! જિન રાહોં સે ગુઝર જાતા હૈ વો રાહેં શાહ રાહે હયાત બન જાતી હૈ.

## ઈરાક પર હુમ્લેસે પેહલે ક્યા કિયા ગયા ?!

**દીવાનગાને ઈશ્કે મુહમ્મદ કો દેખ કર,**
**ગભરા ગઈ હૈ ગર્દીસે દૌરા કભી કભી**
**ગરદનમેં હાર ડાલે હૈ માહો નજૂમને,**
**ગુઝરા હૈ ઉન હદોં સે મુસલમાં કભી કભી**

દુન્યા કા દીવાના ચલા કરતા હૈ તો રાસ્તા ભૂલ જાયા કરતા હૈ મગર રસૂલુલ્લાહ ﷺ કા દીવાના ચલા કરતા હૈ તો હવાદિષાતે ઝમાના કતરા જાયા કરતે હૈં, ઈસ લિયે અબ ઉન પર કાબૂ નહીં પાયા જા સક્તા. ઔર સુનો ! એક ઔર તારીખ હૈ જબ ફરદીનને સ્પેન કો તબાહ કરના ચાહા, તો ઉસને સબસે પેહલે યે કામ કિયા કે એક નીમ દીવાને કો ગરનાટા કી સળક પર ખળા કર દિયા, ઔર ઉસસે કહા કી મુહમ્મદે અરબી કી તૌહીન કરો ! ઉસને સરકાર ﷺ કે ખિલાફ નાઝેબા કલેમાત કહે, દાનિશ્વર ગુઝરે ઔર કહા, ગુઝર જાને દેં, "ફ્રિડમ ઓફ એક્સ્પ્રેશન" કા ઝમાના હૈ, ઈઝહારે ખયાલ કી યે આઝાદી બક રહા હૈ. ગુઝર ગયે યે લોગ, કિસીને ઉસ દીવાને કા દામન નહીં થામા કે તુમ્હેં ક્યા હક્ક હૈ કે પયગંબરે ઈસ્લામ કે ખિલાફ કુછ

બોલો ?! ફરદીનને સમઝ લિયા યે ઝર્બ લગાને કા વક્ત હૈ, રૂહે મુહમ્મદ મર ગઈ હૈ ! હમલા કરો ગરનાટા તૂટ કર કદમોંમેં ગિર જાએગા. ઉસકે બાદ હમલા કિયા ઔર ગરનાટા તૂટ કર ગિર ગયા. સલમાન રશ્દી કે મસ્અલે કો તુમને ક્યા કોઈ મામૂલી વાકેઆ સમઝા હૈ ?! તુમને ક્યા સલમાન રશ્દી કી બળ સમઝી હૈ ?! બગદાદ કી તબાહી કા નક્શા તૈયાર કિયા જા ચૂકા થા. અરબ કે વસાએલ કો સમેટને કા ફૈસલા કર દિયા જા ચૂકા થા. સિર્ફ મુસલમાનોં કા "ટેમ્પરેચર" નાપના થા ! બુખાર નાપના થા, ઈશ્કે મુસ્તફા નાપના થા, સલમાન રશદીસે ગુસ્તાખી કરવાઈ ગઈ અરબ કી હુકૂમતેં ખામોશ રહી, કુવૈત ખામોશ રહા, સઊદી અરબ ખામોશ રહા, હમ ચીખતે રહ ગયે, હિંદુસ્તાન કા મુસલમાન મરતા રહ ગયા, પાકિસ્તાન કી અવામ મરતી રહી, મગર અરબોંને કુછ નહીં સમજા ! કુછ નહીં કિયા. સમઝ ગયે યે લોગ કે જો અપને નબી કી આબરૂ પર જમા ન હો સકે વો ઈરાક પર ક્યા જમા હો સકેંગે !

ઉસી તરહ સ્પેનમેં ભી દીવાને સે ગુસ્તાખી કરવાઈ ગઈ. યહાં ભી બર્તાનિયા મેં ભી ગુસ્તાખી કરવાઈ ગઈ ઔર યે સોચ લિયા ગયા કે ઈશ્કે મુસ્તફા કો નાપ લો, ઝિંદા હૈ તો મત છેળો દીવાનોં કો ! મર ગયા હૈ તો લૂટ લો ઈન્હેં ! મૈં પૂછના ચાહતા હૂં, આ'લા હઝરત ઈશ્કે મુસ્તફા કે દાઈ હૈ તો હમારે જેહાદ કે દાઈ હૈ, હમારી ઝિંદગી કે દાઈ હૈ, હમારે ઈક્તેદાર કે દાઈ હૈ. હમારી શૌકત કે દાઈ હૈ, હમારી કુવ્વત કે દાઈ હૈ, હમારી અઝમત કે દાઈ હૈ, હમારી ઈફખાર કે દાઈ હૈ.

યે વો દા'વત દેના ચાહતે હૈ જિસ સે હમ ઝિંદા રહે ઔર ડો. ઈકબાલ બરેલી મેં નહીં પેદા હુવા થા ? બોલો હુવા થા ? જર્મની સે ઉસને હાયડલ બર્ગ સે ડિગ્રી લી થી, ઉસકી કલાસ કો દેખકર આયા હૂં મૈં. ઉસને યૂરપમેં તા'લીમ હાસિલ કી થી મગર યૂરપ કી કૌમો કા મિજાઝ પળહને કે બાદ કહા થા;

**યે ફાક઼ા કશ કે મૌત સે ડરતા નહીં ઝરા**
**રૂહે મુહમ્મદ ઉસકે બદન સે નિકાલ દો !**
**ઝિક્રે અરબ કો દે કે અઝમ કો તસવ્વુરા ત**
**ઈસ્લામ કો હિજાઝો યમન સે નિકાલ દો !**

તો યે રૂહે મુહમ્મદ ઈશ્કે મુહમ્મદ હી હૈ ! **ઈશ્કે મુહમ્મદ જબ નિકલ જાએગા તો ઈસ્લામ હિજાઝ સે ભી નિકલ જાએગા ઔર યમન સે ભી નિકલ જાએગા. ઈશ્કે મુહમ્મદ હમારી ઝિંદગી કી ઝમાનત હૈ, ઈશ્કે મુહમ્મદ હમારી કામયાબી કી ઝમાનત હૈ,** જેહાદ ઔર ઈશ્કે રસૂલ ﷺ. અબ આઓ ! ઝરા સોચો ! મુસલમાન અપને દૌરે ગલબામેં જેહાદ સે આગે બળ્હતા થા, ઔર દૌરે મગલૂબી મેં તબ્લીગસે. ઈન્હોંને દોનોં પે કબ્ઝા કિયા, તબ્લીગ કી ચલત ફિરત કો જેહાદ કહ દિયા ઔર તબ્લીગ હમ કાફિરોમેં કરતે થે યે મુસલમાનોં કા દરવાઝા ખટખટાને લગે ! રૂખ બદલ દિયા ગયા તબ્લીગ કા, કાફિરોં સે બોલને કી કોઈ ઝરૂરત નહીં હૈ, અપને હી ઘરોં કો ખોદતે ઔર બનાતે રહો ! નતીઝા યે હૈ કે ઉન્કી સરહદેં મેહફૂઝ હૈ. હમારા કાફિલે હયાત રૂક ગયા હૈ, હમેં હમારા અંદાઝે ફિક્ર બદલના હોગા, હમેં અપના તર્ઝે હયાત બદલના હોગા. હમેં અપને તર્ઝે ઝિંદગી કો બદલના હોગા. કલ મૈં ઈસ મઝમૂન કો સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કે હયાત પર મુકમ્મલ કરુંગા. કલ મૈં અપને સાથિયોં સે ચાહુંગા કે મુઝે ઝરા પેહલે વક્ત દે દિયા જાએ તા કિ જાગતા હુઆ મજમા મિલે. ઈન્શાઅલ્લાહ ! ઈસ લિયે કલ તક કે લિયે ખુદા હાફિઝ !

## લેખ હરીફાઈ............

વિષય : **ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર અને આપણે**

દારુલ ઉલૂમ, મદરસા, સ્કૂલ, કોલેજના તલબા (વિદ્યાર્થીઓ) ભાગ લે અને દીન માટે ક઼લમ ચલાવે. તા. **૧૨/૭/૨૦૦૮** સુધીમાં લેખ મોકલવો. સ્થળ સંકોચને કારણે આ અંકમાં પરિણામ આપી શક્યા નથી આ વિષયે હજી લખી શકો છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ઈમામ અહમદ રઝા અને તર્બિયતે તલબા

-:::: રજૂકર્તા ::::-
**મૌલાના ઈમરાન રઝા દયાદરવી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

અંગ્રેજોના આગમન પૂર્વે હિંદુસ્તાનમાં હજારો મદરસાઓ તથા ઈસ્લામિક કોલેજો હતી જેમની વ્યવસ્થા તથા સંચાલન માટે મુગલોએ મોટી મોટી જાગીરો વક્ફ કરી દીધી હતી. આ મદરસાઓમાં ફિલોસોફી, મેડિકલ, મેથ્સ, ભૂગોળ તથા હિક્મતનું પણ શિક્ષણ આપવામાં આવતું. દીની, દુનિયવી, ધાર્મિક તથા રાજનૈતિક આગેવાની આજ મદરસાના ફારિગોના માથે હતી. પરંતુ શાસન પર કબ્જો જમાવતાંની સાથે જ અંગ્રેજોએ ઈસ્લામી મદરસાઓ માટેની વિશેષ સંપત્તિઓ જપ્ત કરી લીધી જેથી ગ઼રીબીના કારણે મદરસાઓનો અંત થઈ જાય તથા ઈલ્મે દીન પ્રાપ્ત કરવાનો જઝબો મંદ પડી જાય. તેમને ભય હતો કે જો આ મદરસાઓને બંધ કરવામાં નહીં આવે તો સ્વતંત્રતાનો જઝબો જાગૃત થઈ જશે અને હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્ય જોખમમાં પડી જશે.



ઈ.સ. ૧૮૫૭માં જંગે આઝાદી પછી અંગ્રેજ સહાયક એવું ઉલ્માનું એક જુથ ઉભુ થયું જેમાંથી અમુકને અંગ્રેજો તરફથી વેતન પણ મળતું, અંગ્રેજો દ્વારા અમુક મદરસા પણ સ્થાપિત થયા જેમના સંચાલકોમાં અમુકના અંગ્રેજો સાથે સંબંધ પણ હતા જેઓ મુસલમાનોમાં વિખવાદ ઉભો કરતા. આશ્ચર્યની વાત તો એ કે અમુક કહેવાતા આલિમોએ જ બારગાહે રિસાલતમાં ગુસ્તાખીભર્યાં લખાણો ચિતર્યાં. આવા સમયે જ્યારે ઈલ્મ દ્વારા મુસલમાનોમાં વિવાદ ઉભો કરવામાં આવતો તથા ધાર્મિક માન્યતા અને એ'તેક઼ાદી પાયમાલી ફેલાવાતી હતી તેવા સમયે મુફક્કિરે ઈસ્લામ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી (જન્મ : હિ.સ. ૧૨૭૨, ઈ.સ. ૧૮૫૬, વિસાલ : ૧૯૨૧)એ બરેલીમાં હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪માં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનો પાયો નાખ્યો જેના ફારિગોએ અખંડ ભારતમાં નામૂસે રિસાલત (રસૂલે પાક ﷺની ઈજ્જત તથા તા'ઝીમ)ની હિફાઝત માટે પ્રયાસો કર્યા અને હિંદુસ્તાની મુસલમાનોમાં મહોબ્બતે રસૂલ ﷺની રૂહ ફૂંકી દીધી.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ પચાસથી અધિક ઉલૂમ તથા વિદ્યાઓના નિષ્ણાત હતા. અનુવાદક, મુફસ્સિર, મુહદ્દિષ, ફક઼ીહ અને માહિરે તા'લીમ હતા. આપ વિજ્ઞાની પણ હતા અને ફિલોસોફીના વિધ્વાન પણ હતા, સાથે જ એક સાચા મુસલમાન અને સુવિચારોના માલિક હતા.

મોલ્વી હાકિમ અલી નક઼શબંદી મુજદ્દિદી (B.A.) પ્રોફેસર સાઈન્સ ઈસ્લામિયા કોલેજ લાહોરએ ઘણી જ હૃદયાકર્ષક તા'લીમ આપતા ફર્માવ્યું :–

"ફક઼ીર (ઈમામ અહમદ રઝા)ના ચાહવાવાળા ! સાયન્સ આમ મુસલમાન નહીં થાય કે આયતો અને દલીલોમાં દૂર દૂરનાં અર્થઘટનો કરી ઈસ્લામી મસાઈલને સાયન્સના મુજબ કરી લેવામાં આવે !

આમ તો મઆઝલ્લાહ ! ઈસ્લામે સાયન્સ કૂબૂલ્યું (એવું થશે !) ન કે સાયન્સે ઈસ્લામ સ્વીકાર્યો. તે (સાયન્સ) મુસલમાન થાત તો એ પ્રમાણે કે જેટલા ઈસ્લામી મસાઈલમાં સાયન્સનો મતભેદ છે તે સૌમાં ઈસ્લામી મસાઈલને રોશન કરવામાં આવે, સાયન્સની દલીલોને રદિયો આપવામાં આવે, ઠેકઠેકાણે સાયન્સના જ કથનો દ્વારા ઈસ્લામી મસાઈલને સાબિત કરવામાં આવે, સાયન્સને બાતિલ કરવામાં આવે."

૨૦મી સદીનો પ્રારંભ મુસલમાનો માટે ઘણો જ કસોટીનો સમય હતો. ઘણા બધા મુસ્લિમ લીડરો 'હિંદુ મુસ્લિમ એકતા'ની આડ લઈ મઝહબી ગૈરતનો સોદો કરી મુશ્રિકોની નિશાનીઓને રિવાજ આપી રહ્યા હતા. આવા સંજોગોમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના કરી અને અકાઈદ તથા આ'માલની બુરાઈઓને અટકાવવા પોતાના શાગિર્દોની એક જમાઅત તૈયાર કરી તથા હિંદુઓ સાથે સંગઠનના નુકસાનોથી મુસલમાનોને આગાહ કર્યા. આ ક્રમમાં આપની કિતાબ "અલ્હુજજતુલ મુઅતમિના ફી આયતિલ મુમ્તહિના" હિ.સ. ૧૩૩૯ ઘણી જ ચિંતનાત્મક છે તથા મુસલમાનો માટે પોઝિટિવ વિચારધારા રાખનારાઓ માટે દા'વતે ફિક્ર છે. આ કિતાબમાં કુસંસ્કારી બનાવતી અંગ્રેજી તા'લીમ વિશે આપ લખે છે :–

"અંગ્રેજી (પદ્ધતિ) અને તેવા નકામા તથા સમયનો વ્યય કરતા શિક્ષણો (વિષયો) જેમની ન તો દીનમાં કોઈ જરૂરત પડે છે ન દુનિયામાં, તેમને બસ એટલા માટે (કોર્સમાં) રાખવામાં આવે છે કે વિદ્યાર્થીઓ આ તે નકામી વાતોમાં વ્યસ્ત રહી દીનથી ગાફેલ રહે જેથી તેમનામાં દીની પ્રેમભાવના પેદા ન થાય તેમને એ જ ખબર ન હોય કે આપણે કોણ છીએ અને આપણો ધર્મ શું છે."

કોઈ પણ સંસ્થાના સંસ્થાપકના વિચારો તેના હેતુઓને નિયત કરે છે. ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ ઈમાન અને અકીદાની સલામતી સાથે મુસલમાનોની પ્રગતિ ચાહતા હતા અને શિક્ષણના દરેક ક્ષેત્રે મુસલમાનોને આગળ જોવા ઈચ્છતા હતા. આપની સ્પષ્ટ તા'લીમી તથા રચનાત્મક વિચારધારા આપની કિતાબોના અભ્યાસથી પ્રકાશમાં આવે છે.

આજકાલ વિદ્યાની ઘણી ધૂમધામ છે પરંતુ જ્ઞાનનો કોઈ ફાયદો નથી જણાતો. વિદ્યા પ્રાપ્તિનો મકસદ કમાઈ બની ગઈ છે. સંસ્કાર વિરુધ્ધ તા'લીમ અને કોર્સની નબળાઈ જેમાં દીને ફિતરતના તકાઝાઓ માન્ય રાખવામાં નથી આવતા. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ શિક્ષણ પ્રશિક્ષણના ઉતાર ચઢાવથી સારી રીતે વાકેફ હતા અને નિસાબના (કોર્સના) નિષ્ણાત પણ હતા. આપના તા'લીમી નઝરિયાત (ખયાલો) વિશે પ્રોફેસર મસ્ઊદ અહમદ બરકાતી નક્શબંદી رحمۃ اللہ علیہ લખે છે :–

કોઈપણ દીની મદરસાના સ્થાપક માટે જરૂરી છે કે ઈખ્લાસ અને સારી વિચારશૈલી સાથે તા'લીમ વિશે તેની વિચારદૃષ્ટિ સ્પષ્ટ અને ફાયદાકારક હોય. આ ઍંગલથી જ્યારે આપણે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના દૃષ્ટિકોણને જોઈએ છીએ તો આપ એક અજોડ શિક્ષણ નિષ્ણાત જણાય છે. અહીંયા અમુક અંશો રજૂ કરવામાં આવે છે :–

૦૧. તા'લીમનું મધ્યબિંદુ ઈસ્લામ હોવું જોઈએ.

૦૨. તા'લીમનો મૂળ હેતુ ખુદા સુધી પહોંચ તથા રસૂલ ﷺની ઓળખ હોવી જોઈએ.

૦૩. સાઈન્સ તથા ફાયદાકારક બૌદ્ધિક જ્ઞાનોની પ્રાપ્તિમાં કોઈ વાંધો નથી પરંતુ વસ્તુઓની વાસ્તવિક્તાથી વધુ તેમના સર્જનહારની મારેફત જરૂરી છે.

૦૪. પ્રારંભિક કક્ષાએ રસૂલુલ્લાહ ﷺનો નક્શ દિલ પર બેસાડવામાં આવે સાથોસાથ આલ તથા અસ્હાબ અને અવલિયા વ સાલિહીનની મહોબ્બત પણ.

૦૫. જે પઢાવવામાં આવે તે વાસ્તવિક્તા પર આધારિત હોય, જૂઠી વાતો ઈન્સાની સ્વભાવ પર દુષ્પ્રભાવ નાખે છે.

૦૬. એ જ ઈલ્મોની તા'લીમ આપવામાં જે દીન તથા દુનિયામાં કામ આવે, બેફાયદા તથા બિન જરૂરી જ્ઞાનોને કોર્સમાંથી કાઢી નાખવામાં આવે.

૦૭. ઉસ્તાઝોના દિલોમાં ઈખ્લાસ, મહોબ્બત તથા કૌમના નિર્માણની લગન હોય.

૦૮. તલબામાં સ્વંયની ઓળખ તથા ખુદ્દારીનો જઝબો પેદા કરવામાં આવે કે કોઈના સમક્ષ હાથ ન ફેલાવે.

૦૯. તલબામાં તા'લીમ તથા તેના સંબંધિત વસ્તુઓનો એહતેરામ પેદા કરવામાં આવે.

૧૦. તલબાને કુસંગતથી બચાવવામાં આવે. લાભદાયી રમતો એટલી હદ સુધી જરૂરી છે કે તલબામાં સ્ફુર્તિ પેદા થાય.

૧૧. તા'લીમી ઈદારાનો માહોલ શાંત પ્રભાવશાળી હોય જેથી તાલિબે ઈલ્મના દિલમાં ગભરાહટ તથા ઉલ્ઝન ન ઉપજે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કોર્સ રચના અને ઉલૂમે અક઼લિયા વ નક઼લિયામાં આપની મહારતના અંગે ઘણા બધા તહક઼ીક઼ી મક઼ાલાત (લેખો) લખાઈ ચૂક્યા છે. તદ્ઉપરાંત M.Ed સ્તરે ૧૦થી વધુ લેખો લખવામાં આવ્યા છે અને હજી આ ક્રમ ચાલુ છે.

દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪માં થઈ, પહેલા વરસનો પૂરો ખર્ચ ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતે ઉઠાવ્યો. પ્રોફેસર ડોકટર મસ્ઊદ અહમદ رحمۃ اللہ علیہ લખે છે :–

''ઈ.સ. ૧૮૭૦ હિ.સ. ૧૨૮૬માં ફારિગ થયા પછી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ થોડાક વરસો સુધી ઘરમાં જ તા'લીમ આપી. કારણ કે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ તો ઘણા સમય પછી ઈ.સ. ૧૯૦૪માં સ્થાપિત થયું. ત્યાર બાદ થોડોક સમય મન્ઝરે ઈસ્લામમાં પણ પઢાવ્યું પછી અત્યંત વ્યસ્ત રહેવાના કારણે ઘરે અમુક તલબાને વિશેષ ઉલૂમો ફુનૂનની (ઈલ્મો વિદ્યાઓની) તા'લીમ આપી. મન્ઝરે ઈસ્લામના સ્થાપક ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સંચાલક મૌલાના હામિદ રઝા અને નાઝિમ આપના નાના ભાઈ મૌલાના હસન રઝા ખાન હતા. મૌલાના હામિદ રઝા ખાન સંચાલકની સાથે સાથે શૈખુલ હદીષ પણ હતા. આપે મન્ઝરે ઈસ્લામને ખૂબ પ્રગતિ આપી જેમ કે મૌલાના સલામતુલ્લાહ નક઼શબંદી મુજદ્દિદીએ (હિ.સ. ૧૩૩૮ ઈ.સ. ૧૯૧૯) દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનું નિરીક્ષણ કર્યા પછી પોતાની રિપોર્ટમાં લખ્યું, ''એની મિષાલ હિંદુસ્તાનમાં નથી.''

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલ પછી એક અરસા બાદ હિ.સ. ૧૩૫૨ ઈ.સ. ૧૯૩૫માં જશ્ને દસ્તારબંદીના મૌકા પર હિંદુસ્તાનના અગ્રણીઓ સિવાય અજમેર દરગાહ શરીફના દિવાન સૈયદ જમાઅત શાહ અને અલીપૂર સૈયદાંના મશ્હૂરો મા'રૂફ શૈખે વક્ત સૈયદ જમાઅત શાહ નક઼શબંદી મુજદ્દિદી મોહદ્દિષે અલીપૂરી વિશેષ મહેમાન શરીક થયા.''

દારુલ મન્ઝરે ઈસ્લામના નિસાબે તા'લીમ (કોર્સ)માં તફસીર, હદીષ, ઊસૂલે હદીષ, ફિક઼્હ, ઊસૂલે ફિક઼્હ, સર્ફ, નહવ, બલાગ઼ત, અદબ, મન્તિક઼, હિક઼મત ક઼લામ, રિયાઝી, ફરાઈઝ, મુનાઝરા... વિગેરે ઉલૂમ સામેલ હતા. પઢાવવામાં આવતા

ઉલૂમો ફુનૂનની (વિદ્યાઓની) સંખ્યા ૩૦ હતી જેમના હાલમાં પઢાવવામાં આવતા ઉલૂમના હિસાબે વધુ પ્રકારો થઈ શકે છે.

મન્ઝરે ઈસ્લામથી સૌ પ્રથમ ફારિગ થનાર તલ્બામાં મલેકુલ ઉલ્મા અલ્લામા ઝફરુદ્દીન બિહારી (લેખક : હયાતે આ'લા હઝરત) અને મૌલાના રશીદુદ્દીન હતા. અલ્લામા ઝફરુદ્દીન બિહારી ત્યાંના મુદર્રિસ પણ હતા. આપ પોતાના સમયમાં ઈલ્મે ફલકિયાત (ખગોળશાસ્ત્ર) અને હયઅત તથા ફિલોસોફીમાં ઉસ્તાદોના ઉસ્તાદ હતા. મન્ઝરે ઈસ્લામના ફાઝિલોએ અખંડ ભારતમાં નિખાલસપણે ઈસ્લામનો ફેલાવો કર્યો અને દરેક નાઝુક મોડ પર મિલ્લતે ઈસ્લામિયાની રહનુમાઈનો ફરીઝો અંજામ આપ્યો. દીની મદરસા બનાવ્યા જ્યાં અલ્લાહ તઆલાની મહાનતા તથા રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતની તા'લીમને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું. આથી રૂહે ઈમાનથી ખાલસા કરતી જમાઅતોનું જોર ઢીલું પડયું.

અહીંયાના ફારિગોની સંખ્યા ઘણી બધી છે પરંતુ અમુક સુવિખ્યાત ઉલ્માના નામ આ પ્રમાણે છે, અલ્લામા હશ્મત અલી ખાન લખ્નવી, મોહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ ફૈસલાબાદી, મૌલાના અબ્દુલ ગફ્ફાર હઝારવી, હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલ અઝીઝ (બાની અલ્ જામિઅતુલ અશ્રફિયા), મોહદ્દિષે આ'ઝમે હિંદ અલ્લામા સૈયદ મુહમ્મદ કછોછવી, અલ્લામા મુફતી રિફાકત હુસૈન, મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહમાન, મુફતીએ આ'ઝમ મૌલાના મુસ્તફા રઝા ખાન, મુફસ્સિરે આ'ઝમ મૌલાના ઈબ્રાહીમ રઝા ખાન. رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن

આ દારુલ ઉલૂમનો નિસાબ (કોર્સ) પોતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ તૈયાર કર્યો. અહીંના શૈક્ષણિક પ્રમાણનો અંદાજો તફસીર, હદીષ તથા ફિકહની એ કિતાબોથી કરી શકાય છે જે મન્ઝરે ઈસ્લામની સનદે હદીષમાં વર્ણવવામાં આવી છે. જે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હયાતમાં જારી થઈ હતી. ૨ ઝિલ હજ્જ હિ.સ.૧૩૩૮ ઈ.સ. ૧૯૨૦માં મૌલાના અબ્દુલવાહિદ રઝવી ઈબ્ને મૌલાના ગાઝીઉદ્દીન રહેવાસી ગરહીકપૂરા (પેશાવર, પાકિસ્તાન) નામે જે સનદ જારી થઈ હતી તેના પર મૌલાના હામિદ રઝાએ અને મૌલાના રહમ ઈલાહી તથા મૌલાના ઝહરુલ હુસૈન ફારૂકી નક્શબંદી મુજદ્દિદીએ મુદર્રિસ તરીકે હસ્તાક્ષર કર્યા. આ સનદમાં ખાસ વાત એ છે કે તેમાં સિહાહ સિત્તા સિવાય અન્ય હદીષ, મઆજીમ, મસાનીદ અને શર્હોની તમામ મશ્હૂર કિતાબોનું વર્ણન છે જે ત્યાં પઢાવવામાં આવતી. ફિકહે હન્ફી સિવાય ત્રણેવ ઈમામોના મઝહબથી સંબંધિત કિતાબો પણ પઢાવવામાં આવતી. કુલ ત્રીસ ઉલૂમ (વિદ્યાઓ) મન્ઝરે ઈસ્લામમાં પઢાવવામાં આવતા હતા.

બાની દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના તા'લીમી સુવિચારોનો અભ્યાસ કરીએ છીએ તો આશ્ચર્યમાં વધારો જ થતો જાય છે. વિધ્વાનોએ આપના ઈલ્મી નવાદારિત તરફ ધ્યાન દોરવું જોઈએ. આપના તા'લીમી નઝરિયાતના ઘણા બધાં પાસાંઓ છે અને દરેકમાં આપ વિશિષ્ટ નજર આવે છે. આપે શિક્ષણના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપ્યું. ઈલ્મ તથા તેની જરૂરિયાતની અદબ શીખવી. ઉસ્તાઝ અને ઉલ્માના ફઝાઈલ બતાવ્યા. ઈલ્મે દીનના વિકાસને પ્રાથમિક્તા આપી. નિસાબનું તસવ્વુર એવું (કોર્સની ગોઠવણ એવી) કે વ્યક્તિત્વનું ઘડતર થાય અને તાલિબે ઈલ્મ નેક સાલેહ તબિયતનો માલિક બને. અઝીમુલ્લાહ જદરાન M.A. ઉર્દૂ જામિઆ પંજાબ (લાહોર) M.Ed ઈસ્લામિયા યુનિર્વસિટી (બહાવલપૂર)એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કોર્સની ગોઠવણ અંગે નિમ્ન લિખિત અંશો

લખ્યા છે :–

૦૧. નિસાબ (કોર્સ)ની ગુણવત્તા એ હોવી જોઈએ કે તે સંપૂર્ણ જીવનના સિદ્ધાંતો અનુસાર બનાવવામાં આવે. જીવન વિશેની માન્યતા વિરુદ્ધ કોઈપણ બાબત તેમાં સામેલ ન હોય.

૦૨. નિસાબ સંપૂર્ણ હોય અને તલ્બાની નફ્સિયાતી (માનસિક) જરૂરતોને પૂરી કરી શકે.

૦3. બેફાયદા તથા સમય બગાડનારી તા'લીમ કોઈ કામની નથી. નિસાબ સામાજિક જરૂરતોને પણ પૂરી કરે.

૦૪. નિસાબ (અભ્યાસક્રમ)માં તર્બિયત (અખ્લાકી કેળવણી) પણ સામેલ હોય.

૦૫. નિસાબ વર્તમાન જરૂરતોના અનુસાર હોય પરંતુ દીને મતીનની બુનિયાદો પર આધારિત હોય.

૦૬. પ્રચલિત સાઈન્સી દષ્ટાંતોને ઈસ્લામી માન્યતાઓની રોશનીમાં પારખીને જ નિસાબ (અભ્યાસક્રમ)માં સામેલ કરવામાં આવે.

૦૭. નિસાબ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત અને ઈતાઅતથી ભરપૂર હોય.

૦૮. અભ્યાસક્રમ અમલને સ્વીકારી શકાય એમ હોય, ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ ફાયદાકારક તા'લીમ આપવામાં આવે.

૦૯. અભ્યાસક્રમ તૈયાર કરતી વેળા તા'લીમના મક્સદ એટલે કે દીનની સમજને સામે રાખવામાં આવે.

૧૦. તેવા ઈલ્મ અને ફન (વિદ્યા) જે દીનથી ફેરવી દે તથા ગાફેલ કરી આપે જેનાથી દીન તથા ઈમાનને નુકસાન પહોંચવાનો અંદેશો હોય તેમને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં ન આવે.

દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના બાની ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પાકીઝા ઈલ્મનું તસવ્વુર આપ્યું. આપ ઉલૂમે અક્લિયા તથા નક્લિયામાં બેમિસાલ અને ઈલ્મો ફનના નિષ્ણાત હતા, આપે પશ્ચિમી બુદ્ધિજીવીઓ પર ટીપ્પણી કરી, નક્લી દલીલોની સાથે સાથે અક્લી દલીલોથી પણ કામ લીધું.

ઈસ્લામી ફિક્ર (વિચારશૈલી)ને પ્રકાશિત કરી કિતાબો પણ લખી. અમુક કિતાબોનાં નામ જોઈએ : (૧) નુઝૂલે આયાતે કુર્આન બસુકૂને ઝમીનો આસ્માન હિ.સ. ૧૩૩૯ (૨) ફવઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન હિ.સ. ૧૩૩૮ (૩) અલ્કલેમતુલહેમા ફિલ્હિકમતે વલ્મહકમા હિ.સ. ૧૩૩૮ (૪) મક્ામિઉલ હદીદ અલા ખદ્દિલ મન્તિક્લિ જદીદ હિ.સ. ૧૩૦૪ (૫) મુઈને મુબીન બહરે દૌરે શમ્સો સુકૂને ઝમીન હિ.સ. ૧૩૩૮

આપે અખ્લાકી બંધારણ અને સજાના ખયાલો વિશે પણ ચર્ચા કરી છે. તા'લીમી સંસ્થાના માહોલ અને તલ્બાની અખ્લાકી કેળવણી વિશે પણ કાયદા આપ્યા છે. એ જ પ્રમાણે તા'લીમો તઅલ્લુમના ઉતાર ચઢાવથી પણ આપ ખૂબ આગાહ હતા. સારાંશ કે જે ગુણો એક શૈક્ષણિક સંસ્થાના વ્યવસ્થાપકમાં હોય એ સૌ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہમાં સંપૂર્ણપણે હતા. વધુ જાણકારી માટે વાંચો :–

૦૧. વાર્ષિક મઆરિફે રઝા, કરાચી, ઈ.સ. ૨૦૦૧, સદ્સાલા જશ્ને દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ, બરેલી વિશેષાંક.

૦૨. ફતાવા રઝવિય્યા શરીફ (નવું પ્રકાશન) ભાગ–૨૩, પ્રકાશિત પોબરંદર–ગુજરાત

03. **Imam Ahmad Raza Khan Baraily's Theories of Education.** લેખક : તુર્ક વલી મુહમ્મદ કાદરી (M.A.E.AD) (L.L.B.) પ્રકાશિત કરાચી.

# જાહિલિયતનું પુનરાગમન અને આપણી જિમ્મેદારી
(ઈસ્લામ પૂર્વની હાલત)

રજૂકર્તા : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી

દોસ્તો ! આજે દુનિયા ઘણી પ્રગતિ કરી ચૂકી છે અને મોટા ભાગની જાતિઓ પ્રગતિશીલ થઈ ચૂકી છે પરંતુ દુનિયામાં એક અજીબ અજંપો છે કે માનવને ન માનવ પર વિશ્વાસ છે ન પોતાની પ્રગતિથી સંતોષ છે. જાણવા મળ્યું કે કેવળ ઈલ્મ જ ઈલાજ નથી બલ્કે ઈલ્મ પછી પણ કોઈ અન્ય ચીજની જરૂરત બાકી રહે છે. ઈલ્મ એ જેહાલત (અજ્ઞાનતા)નું વિરોધાર્થી છે. ઈલ્મે કૌમોની જેહાલત (અભણતા) ચોક્કસ દૂર કરી છે પણ કેવળ જેહાલત દૂર કરવું જ પૂરતુ નથી, કેમ કે **જો જેહાલત (અભણતા) દૂર કરવું જ પૂરતુ હોત તો પશ્ચિમી સમાજમાં લગભગ દરેક વ્યક્તિ એજ્યુકેટેડ છે, તેમ છતાં પણ તેમને માનસિક શાંતિ કેમ નથી ?!** માનવ શાસ્ત્રીઓએ બહાર પાડયું કે **એકલા બ્રિટનમાં દર ચોથો માણસ માનસિક બિમાર છે, ક્યાં તો ઢંગઘડા વિનાનો બકવાસ કરે છે અથવા શંકાશીલ દિમાગવાળી બીમારીમાં સપડાયેલ છે** અને આવો જ હાલ લગભગ દરેક પશ્ચિમી સમાજનો છે. હકીકત એ છે કે જેહાલત (અભણતા)ની સાથે સાથે જાહિલિયત પણ દૂર થવી જોઈએ. **'જાહિલિયત'** કોઈ જમાનાનું નામ નથી બલ્કે **તે ખાસ અકીદાઓ (માન્યતાઓ) તથા અમલોનું નામ છે** જે એ જમાનામાં માનવી પર છવાયેલા રહ્યા જે સમયે તે અલ્લાહ તઆલાની શરીઅત અને નબુવ્વતની તા'લીમથી દૂર રહ્યો છે. આવો ! આપણે એ અકીદાઓ અને અમલોની યાદી જોઈ લઈએ :–

કુર્આને પાક તથા નબવી હદીષોમાં તે અકીદાઓ તથા અમલોનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે અને તેના સામે ઈસ્લામી શરીઅતનું ચડિયાતાપણુ જાહેર કરવામાં આવ્યું છે.

## જાહિલિયતની માન્યતાઓ

**(૧) શિર્ક :** આ માનવના વૈચારિક અધઃપતનની સીમા છે કે તે હકીકી માલિકની જાત અથવા તેની સિફતો (ખૂબીઓ)માં કોઈ અન્ય ચીજને શરીક (ભાગીદાર) કરી લે. તેને પ્રદર્શિત થવાનાં સ્થાનો વિવિધ હોય છે, મૂર્તિઓની પૂજા, ઝાડો તથા પથ્થરો વગેરેની પૂજા અથવા જ્યોતિષોના કહેવા પર વિશ્વાસ કરવો વગેરે અથવા માણસોની વાતને ખુદાના હુકમ સામે મોટી માનવી.

**(૨) ખાલિક (સર્જનહાર)નો ઈન્કાર :** આ માનવીની દિમાગી કમજોરીની હદ છે કે એ જાતનો ઈન્કાર છે જેના પર ખૂદ તેનું અસ્તિત્વ ગવાહ છે.

**(૩) કોઈ ખાસ અકીદા પર કાયમ ન રહેવું :** આ તે કૌમો તથા સમાજોની દિમાગી સ્થિતિ હોય છે જેઓ તૌહીદથી દૂર હોય છે, કેટલાયે પ્રકારના વેરવિખેર અકીદાઓ તેમના પર છવાયેલા હોય છે. ક્યારેક તેઓ કોઈનો ઈન્કાર કરે છે તો કોઈનો ઈકરાર કરે છે.

**(૪) વિના દલીલે રદિયો :** વિના દલીલે અન્યની વાતને રદ કરવી અને રિવાજ પ્રમાણેની માન્યતાઓ પર જામેલા રહેવું.

**(૫) વહેમો પર યકીન :** પાયા વિનાના વહેમો પર યકીન કરી લેવું, જેમ કે અરબવાસીઓ તીરો વડે તથા પક્ષીઓ વડે ભાવિની ખબરો પર યકીન કરી લેતા હતા.

**(૬) દીન એટલે અમુક રસમો :** પ્રથમ તો એ કે દીન (ધર્મ) તે કૌમોમાં હોતો નથી અને હોય પણ છે તો તે અમુક રસમો રિવાજનું નામ હોય છે, કોઈ ખાસ અકીદો તથા અમલનો ખાસ તરીકો નથી

હોતો, જેમ કે આપણે આજે હિંદુસ્તાનમાં વિવિધ ધર્મોના માનવાવાળાઓમાં જોઈએ છીએ.

### જાહિલિયત (ઈસ્લામ પૂર્વે)ના અમલો

(૧) પુત્રીઓથી તિરસ્કાર, તેમને મારવું, જીવતી દાટી દેવું. (૨) શરાબ તથા નશો. (૩) વ્યભિચાર, ઈજ્જત તથા પવિત્રતા (ચારિત્ર)નો લેહાઝ ન કરવો. (૪) મુરદાર ખાવું. (૫) નાજાઈઝ તરીકાથી માલ ખાવો, જેમ કે લાંચ, હાકિમોથી ચુગલખોરી કરીને માલ મેળવવો. (૬) કબીલાવાળી (ગૃપબંદી) વ્યવસ્થા સ્થાપિત કરવી જેમાં માનવ એકતાનો કોઈ ખયાલ ન હોય. (૭) માનવ જીવોને નાહક્ક કત્લ કરવું. (૮) નાચ કૂદ તથા ગાવા વગાડવાની મેહફિલો. (૯) છાટી કૂટવું, માતમ કરવું. (૧૦) જાત પાત અને વંશના કારણે મર્તબા સ્થાપિત કરવા. (૧૧) મજૂરો તથા કમજોરોને સતાવવા. (૧૨) તા'લીમથી કેવળ અંગત લાભની જ ઉમ્મીદ કરવી અને માનવતાની ઉચ્ચતા માટે તેનો ઉપયોગ ન કરવો. (૧૩) વ્યાજખોરી તથા એવા વેપારના તરીકા અપનાવવા જેનાથી ગરીબો તથા કમજોરોનું શોષણ થાય. (૧૪) નગ્ન રહેવું તથા અયોગ્ય રીતે અંગોને જાહેર કરવાં.

### જાહિલિયત (ઈસ્લામ પૂર્વ)ની તસ્વીરનાં કેટલાંક અન્ય પાસાંઓ

(૧) ઈસ્લામ લાવ્યા બાદ મદીનાના બે મશ્હૂર અન્સાર કબીલાઓ અવસ તથા ખઝરજમાં એક યહૂદીની શરારતથી કાંઈક ગલત ફહમી થઈ ગઈ અને બંને કબીલાના અમુક લોકો લડાઈ માટે તૈયાર થઈ ગયા. સરકારને ખબર મળી તો આપ ત્યાં પહોંચી ગયા અને એ જાતિવાદ પર નારાજ થઈને ફર્માવ્યું, ''હે મુસલમાનો ! તમે હજી પણ જાહિલિયતની પદ્ધતિ પર થઈ ગયા ! જ્યારે કે હું તમારી સમક્ષ મૌજૂદ છું, એ પછી કે અલ્લાહ તઆલાએ તમને ઈસ્લામથી પાવન કર્યા અને તમારાથી જાહિલિયતનો ભારે બોજ ઉતારી દીધો અને તમારાં દિલોને એક કરી દીધાં.'' *(સાવી, ભાગ–૧, પેજ–૧૬૦)*

જો કે આ ક્ષણિક બનાવ હતો, પછી તો સહાબાઓ એવાં સંભલી ગયા કે કુર્આનની આયત સાક્ષી છે કે, ''કાફિરો પર સખ્ત અને આપસમાં રહમ દિલ''એ એમનો ગુણ થયો.

આ હદીષે પાકમાં કબીલાવાળી ગૃપબંદીને જાહિલિયતની ખાસિયત દર્શાવી અને હદીષના બીજા વાક્યમાં إصر الجاهلية (જાહિલિયતના બોજ)નો હવાલો આપ્યો કે જાહિલિયતના ભારે બોજાઓ શું છે ? તે જ સખ્ત અને મુશ્કેલ તથા નાજાઈઝ ઉસૂલ જેણે માનવતાને મૃતપાય કરી દીધી હતી અને પછી જેને અલ્લાહ તઆલાએ ઈસ્લામી શરીઅતથી નાબૂદ કર્યું. અને ઈસ્લામનો યોગ્ય નકશો તે છે જે હઝરત જઅફર ઈબ્ને અબી તાલિબે હબ્શા ખાતે નજ્જાશીના દરબારમાં ઈસાઈ આલિમોની સમક્ષ ઈસ્લામની ઓળખ કરાવતી વખતે રજૂ કર્યો હતો, તે આ મુજબ છે :–

### જાહિલિયતવાળા કેવા હોય છે ?!

''હે બાદશાહ ! અમે જાહિલિયતવાળા લોકો હતા કે મૂર્તિઓને પૂજતા, મુરદાર ખાતા, અસંસ્કારી કામો કરતા, સંબંધો તોડતા, પડોસી સાથે બુરુ કરતા, અમારામાંથી શક્તિશાળી કમજોરને ખાતો. અમે સૌ કેદી હતા, ત્યાં સુધી કે અલ્લાહે અમારામાંથી એક રસૂલ મોકલ્યા. અમે તેમની ખાનદાની હૈસિયત, સદાકત, અમાનત, પાકદામની (સચરિત્રતા)ને સારી પેઠે જાણીએ છીએ, તો તેમણે અમને દા'વત આપી કે અમે અલ્લાહ તઆલાને એક માનીએ, તેની જ પૂજા (ઈબાદત) કરીએ અને જે ચીજોને એટલે કે પથ્થરો, મૂર્તિઓની અમે તેમજ અમારા પૂર્વજો પૂજા કરતા હતા તેને તદ્દન છોડી આપીએ. અને તેમણે અમને વાતની સચ્ચાઈ, અમાનત અદા કરવાની, સંબંધો જોડવાની, પડોશી સાથે ભલાઈ કરવાની અને હુર્મતને પાત્ર (હરામ ઠરેલી) ચીજોથી અને જાનવરોથી દૂર રહેવાનો હુકમ આપ્યો, બિભત્સ વાતો, જૂઠી સાક્ષી કહેવા, યતીમનો માલ ખાવા, પાક સાફ સ્ત્રી પર

આક્ષેપ લગાડવાથી મના કર્યું અને અમને તૌહીદ સમજાવી કે અમે કેવળ અલ્લાહની જ ઈબાદત કરીએ અને તેનો કોઈ શરીક ન ઠરાવીએ અને અમને નમાઝ, ઝકાત તથા રોઝાનો હુકમ આપ્યો." *(સીરતે ઈબ્ને હેશામ, ભાગ–૧)*

આજે ઈસ્લામી શરીઅત સિવાયના જેટલા પણ મુબલ્લિગો (પ્રચારકો) છે સૌ જાહિલિયતના જ મુબલ્લિગો છે ચાહે તેમના શબ્દો ગમે તે હોય. અને આ જાહિલિયત (ઈસ્લામ પૂર્વની બુરી ચીજો) ઘણી જ ચુપકીદીથી મુસ્લિમોના સમાજમાં ઘુસી આવી છે. બિદઅતોથી નફરત અને નવી ઉદ્‌ભવ પામતી ચીજોથી અલગ રહેવાનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે મુસ્લિમ સમાજમાં જાહિલિયત પરત ન આવે.

**(૧) વ્યાજ** : એ જાહિલિયતનું ખાસ હથિયાર છે અને વ્યાજખોર દરેક પ્રકારના જાલિમથી વધીને જાલિમ હોય છે. કોઈ ઘડી એવી નથી હોતી જ્યારે એ જાલિમ કમજોરોનું લોહી ન પીતો હોય.

મુસ્લિમ દેશો તથા ખાસ કરીને પૂર્વની પ્રજાની કમાણીનો લગભગ ૯૮% હિસ્સો યૂરોપી દેશોની બેંકોમાં જમા છે અને આ દેશો તે પૂર્વી ગરીબ દેશોને તેમની જ પ્રજાનો પૈસો વ્યાજ પર આપે છે અને એ કરજની મજબૂરીથી આ માલદાર તથા પ્રગતિ પામેલ દેશો આ ગરીબ તથા પછાત દેશો પાસે નીચ શરતો મનાવે છે. આ વ્યાજમય વ્યવસ્થાથી એ ગરીબ દેશોની પ્રજાની જિંદગી મુશ્કેલ થઈ ગઈ છે. એ દેશોમાં અમુક તો એવા છે કે તેમની પબ્લિકના સામાન્ય માણસોની કમાણી કેવળ લોટ ખરીદવા જેટલી પણ નથી હોતી.

એ દેશોમાં રાજકરણી વ્યક્તિઓ એવી આંધળી છે અને જાહિલિયતના આ કાનૂનમાં મસ્ત છે અને સમજે છે કે વ્યાજ તરીકાનું અંગ છે. મુસલમાનો ! આ બુરી રસ્મ અને એ હાકિમો તથા જાહિલિયતના જુલ્મની વિરુધ્ધ ઉભા થવું લાઝમી છે અને આ એલાન કરવું આપણી ફરજ છે કે, **أَحَلَّ اللهُ البيع وحرّم الربوا** "અલ્લાહે સોદાને હલાલ કર્યો અને વ્યાજને હરામ." *(પારા–૩૦, રુકૂઅ–૫, આયત–૨૭૪)*

**فان لم تفعلو افاذنوا بحرب من الله و رسوله** "જો એવું નહીં કરો તો તમે ખબરદાર થઈ જાવ અલ્લાહ તથા રસૂલની જંગથી." *(પારા–૩, આયત–૨૭૮)*

**(૨) મુરદાર ખાવું** : ઈલ્મી તથા વૈજ્ઞાનિક દષ્ટિએ **મુરદાર ખાવું તંદુરસ્તીના માટે અતિશય ખતરનાક છે** પણ યૂરોપી દેશો અને ખાસ કરીને ગૈર મુસ્લિમ ઈલ્મી પ્રગતિ છતાં પોતાને એનાથી દૂર ન રાખી શક્યા. મને યાદ આવે છે કે ફ્રાંસના એક સહેલાણીએ જમના નદીમાં દિલ્હીની પાસે પાણીમાં સૈર કરતાં કરતાં એક મુર્દા મરઘી જે પાણીમાં તણાતી હતી તેને ઉઠાવીને ખાવાનું શરૂ કરી આપ્યું હતું. આ દશ્યને એક પત્રકારે વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કર્યું હતું. **આજે એ દેશોમાં ઘણાયે એવા ઝબહના તરીકા શોધી કઢાયા છે કે જેનાથી ઈસ્લામી ઝબહને કોઈ સંબંધ નથી,** દરેક મુસલમાનની જિમ્મેદારી છે કે એ રીતના ઝબહ કરેલાં જાનવરોથી ખૂદ બચે અને અન્યોને બચાવે. ખાસ કરીને જાનવરને દસ દિવસ ભૂખ્ય તરસ્યુ રાખીને એક તીવ્ર ઓજાર વડે આખી ગરદન એટલે મશીનના થકી અલગ કરી દેવામાં આવે છે. આ રીતનું ઝબીહા (ઝબહ થયેલ) જાનવર મુરદારના હુકમમાં છે.

**(3) ઝિનાકારી** : જે હરામ કૃત્ય છે એના માધ્યમો પણ હરામ હોય છે. જેમનું માધ્યમ હોવું યક઼ીનન ! માલૂમ હોય. **આજે પશ્ચિમી સમાજમાં આ ચીજ કોઈ અચબની વાત નથી,** અલ્બત્ત તેઓ બળાત્કારને ગુનોહ માને છે, આ તેમની ભૂલ છે કેમ કે બળપૂર્વક કે રાજીખુશીથી ઝિના થયો તેના વિશે આ મામલામાં કાનૂની રીતે ફરક કરવું મુશ્કેલ છે. જે સત્તાધારીઓ પશ્ચિમી સંસ્કૃતિના આશિક છે તેઓ ઈસ્લામી સમાજમાં આ લાનત પર કોઈ પાબંદી નથી રાખતા. દરેક મુસલમાનની ફરજ છે કે તેઓ આ બુરાઈને શક્ય ત્યાં સુધી રોકવાની

કોશિશ કરે. મુસ્લિમ પબ્લિક પર ફર્ઝે અયન ઠરે છે કે તેઓ એ તમામ માધ્યમોથી પોતાને દૂર રાખે, મુસ્લિમ પબ્લિકે જોઈએ કે તેઓ એવા સત્તાધારીની પસંદગી કરે જે જાહિલિયતથી સંપૂર્ણપણે લડત આપી શકે અને આ ઝિનાની લા'નતથી જેનાથી ખાનદાનને નુકસાન પહોંચે છે, તંદરુસ્તી બર્બાદ થાય છે અને વિવિધ પ્રકારની બીમારીઓ પેદા થાય છે એને તો હવે દરેક માણસ જાણે છે.

**(૪) સ્ત્રીઓની મઝલૂમિયત (જુલ્મ પીડિતપણુ)** : સ્ત્રીઓ તથા છોકરીઓના સંબંધે જાહિલિયત હમેશાં ઘણી જાલિમ રહી છે. પશ્ચિમી જાહિલિયતમાં સ્ત્રીઓનું ખૂબ જ ભયાનક શોષણ કરવામાં આવી રહ્યું છે, તેઓ જો કે તેને આઝાદીનું નામ આપે છે, પણ આ આઝાદીમાં સ્ત્રીનું અસ્તિત્વ ખૂબ જ પરેશાનીના વમળમાં દાખલ થઈ ચૂકેલ છે. તેણીને વાસનાનું નિશાન બનાવી લેવામાં આવેલ છે, મજૂર બનાવી લેવામાં આવી અને તેણી પર તે તમામ જિમ્મેદારીઓ નાખી દેવામાં આવી જે તેણીના શરીરના બંધારણથી તદ્દન વિરોધાભાસી છે. **આજે જાહિલિયતે તેણીને ડ્રાઈવર, હાકિમ, પાયલોટ સર્વ બનાવી દીધી પણ તેણી હવે સ્ત્રી જ નથી રહી.** વળી પૂર્વી સમાજમાં પણ સ્ત્રી એક બોજ છે, તેણી સાથે દહેજની બુરી રસ્મ તથા શાદીઓ પર અઢળક ખર્ચ કરવો, આ સર્વે સ્ત્રીના અસ્તિત્વને લાચાર બનાવવા માટેના જાહિલિયતના તરીક઼ાઓ છે. શું આ જાહિલિયતને મિટાવવા માટે દરેક મુસ્લિમ પર વાજિબ નથી કે તેઓ આના અનુસંધાનમાં ઈસ્લામના સાદગીભર્યા નિયમો પર અમલ કરે.

**(૫) કબીલાબંધીવાળો અમલ** : માનવતા તથા તૌહીદના બદલે ખાનદાન, કબીલાઓ, નાતજાત તથા પ્રદેશના આધારે વ્યવસ્થા ઊભી કરવી એ સૌ જાહિલિયતનું પ્રદર્શન છે. ખિલાફતે રાશિદા અને શરીઅતના ઉસૂલો સિવાય જે પણ સંગઠનો સામે આવે છે તે સૌ વિભાજનના અંદાજો છે. પશ્ચિમી ક઼ૌમોએ મુસલમાનોની એકતાને તોડવા માટે આ હથિયાર ખૂબ ઉપયોગમાં લીધું છે. અને તેઓ એમાં કામયાબ થઈ ગયા, તેમણે તુર્કીઓ અને આરબોની એકતાને નષ્ટ કરી નાખી જેના લીધે ઈસ્લામી જગત ખૂબ જ કમજોર પડી ગયું. **ઉષ્માનિયા ખિલાફ઼ત નાબૂદ થતાં હવે વિશ્વમાં એવી કોઈ તાકાત ન રહી જે યૂરોપ તથા અમેરિકાને મનમાની કરવાથી દૂર રાખી શકે.** અરબોને જણાવવામાં આવ્યું કે અમે તમને તુર્કીઓથી આઝાદ કરાવવા આવ્યા છીએ અને એ રીતે તુર્કીઓને આરબોથી વિરુધ્ધ કરવામાં આવ્યા. આ સર્વ કાંઈ બીજા વિશ્વયુદ્ધથી પહેલાં જ કરી લેવામાં આવ્યું હતું. **કેટલા ભોળા લોકો હતા જેમણે અંગ્રેજોનો ભરોસો કરી લીધો અને સમજી લીધું કે ઈસાઈ અમને આઝાદ રાખશે !** જ્યારે ઈસ્લામી જગત ટુકડે ટુકડા થઈ ગયું, જાતિવાદની જાહિલિયત એમાં પોતાના પંજાઓ પર ખડી થઈ ગઈ તો હવે તેમને વશમાં લેવા માટે, તેમની દૌલત તથા તેલ પર ક઼બ્જો જમાવવા માટે બળપ્રયોગ કરવામાં આવ્યો.

સર્વ મુસ્લિમ દેશોને પ્રથમ તો આર્થિક ક્ષેત્રે જકડવામાં આવ્યા અને શક્તિ તથા દબાણ અને જાત જાતના આક્ષેપો લગાડીને જ્યારે પણ ચાહ્યું કોઈપણ મુસ્લિમ દેશને બેઈજ્જત કરી દીધો અને પોતાની ઉચ્ચતાને સ્વીકારવા માટે દરેક મુસ્લિમ દેશ તથા મુસ્લિમ પ્રજાને મજબૂર કરી અને કરવામાં આવી રહી છે. **એ અમેરિકા જેની પાસે એટલાં એટમી શસ્ત્રો છે કે આખા જગતને ૨૭ વખત નાબૂદ કરી શકાય છે તે દરેક મુસ્લિમ દેશની તપાસ કરી રહેલ છે !** અને એ દેશવાળા પોત પોતાની તપાસ કરવા ઈજાઝત આપી રહ્યા છે ! **જો જાતિ ભેદભાવ અને જાહિલિયતના કારણે ઈસ્લામી જગતના ભાગલા ન પડત, તુર્કીઓ તથા અરબોની એકતા ક઼ાયમ રહેત અને વિશાળ ઈસ્લામી હુકૂમત મૌજૂદ હોત તો આજે દુનિયામાં શક્તિનું પલ્લુ મુસ્લિમોનું જ**

**ભારે રહેત, જો આ જાહિલિયતનો મુકાબલો આપણે શરૂમાં કરી લેત.**

**(૬) શિર્ક તથા અવ્યવસ્થિત અક઼ીદા :** એક કેન્દ્રિય તૌહીદના અક઼ીદા તથા આખેરતના અક઼ીદાથી હટવું જાહિલિયતનો ખાસ અંદાઝ છે. આજે પશ્ચિમી સમાજમાં અને તેના વહેણમાં ઈસ્લામી સમાજમાં પણ અક઼ીદાવાળાઓની ભેળસેળ ઉપસ્થિત થઈ રહી છે, એનો પ્રતિકાર કરવો એ મુસ્લિમ મુબલ્લિગો પર ફર્ઝ છે. રિસાલતનો મર્તબો, તૌહીદની હક઼ીક઼ત અને ક઼યામત પર ઈમાનને આ જાહિલિયત સૌથી પ્રથમ નાબૂદ કરવા ચાહે છે.

જ્યારથી દુનિયામાં અમુક અપૂર્ણ સાઈન્સી માન્યતાઓ મશ્હૂર થઈ ત્યારથી દીનની વિરોધી શક્તિઓએ તેને પાયો બનાવીને ઈસ્લામી અક઼ીદાઓને પાછળ હટાવવાની કોશિશ શરૂ કરી આપી. એમાંથી અમુક આ પ્રમાણે છે :–

**अ. Evolution Theory** (ઉત્ક્રાંતિવાદ) : એનો ખુલાસો એ છે કે, "માનવીનો વર્તમાન દેખાવ એ ક્રમે ક્રમે જાનવરમાંથી પ્રગતિ પામેલ છે." આ માન્યતા કેવળ ધારણા પર આધારિત હતી પરંતુ એને પશ્ચિમી જગતે માનવની શરીઅત મુજબની તથા ઈસ્લામી હૈસિયતને ચેલેંજ કરવાના માટે રજૂ કરી દીધી, અને એ માન્યતાને કેવળ માન્યતા ન રાખી બલ્કે એને સાબિતી પામેલ અક઼ીદો (સિદ્ધાંત) બનાવીને રજૂ કરી દીધો. વનસ્પતિ તથા પ્રાણીઓમાં એના પર સંશોધન કરવું કાંઈ નુકસાનકર્તા ન હતું પણ તેને ઈમાન તથા અક઼ીદો બનાવવાની આટલી જરૂરત પણ ન હતી.

**ब. સૃષ્ટિનું આપોઆપ સર્જન** : એટલે કે ચીજની અસલિયતમાં ખૂદ એટલી ક્ષમતા છે કે ખૂદ અસ્તિત્વ પામી શકે છે, એની અમુક ખાસિયતો પર ચર્ચા કરીને આધુનિક જાહિલિયતે તેને એક વૈજ્ઞાનિક પરીક્ષણ ન રાખ્યું બલ્કે એક સાબિત થયેલ અક઼ીદો (સિદ્ધાંત) બનાવી લીધો અને તેના પર સર્વ સૃષ્ટિની હાલતોનો પાયો રાખી દીધો. અને તેના પછી પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ, વગેરે માન્યતાઓને કેવળ પરીક્ષણ ન રાખી બલ્કે એક સિદ્ધાંત રૂપે તેને રજૂ કરી.

જ્યારે કે આકર્ષણનો હક઼ીક઼ી સબબ મૂળ ચીજની શક્તિ હોય એના માટે કોઈ દલીલ નથી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જાહિલિયતના આ સિદ્ધાંતની રદ કરતાં શરીરોના ખેંચાણની રદ નથી કરી બલ્કે ખેંચાણનો હક઼ીક઼ી સબબ આકર્ષણ છે એનો રદ કર્યો હતો, અને તેનો રદ કરવામાં વાત એ હતી કે અર્વાચીન જાહિલિયત આકર્ષણનો હક઼ીક઼ી સબબ અસલ ચીજને દર્શાવીને સૃષ્ટિ હમેશાંથી આપોઆપ હોવા સંબંધે દલીલ લાવવા ચાહે છે. *(ફૌઝે મુબીન)*

ગઈ સદીમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો મક઼ામ એટલા માટે બુલંદ છે કે તેમણે દરેક ગલત માન્યતાનો ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો અને જાહિલિયતને સર્વ લિબાસોમાં ઓળખી અને તેને બેઈજ્જત કરીને (ખુલ્લી પાડીને) છોડી.

**મૈં તો જબ જાનું કે ભર દે સાગર હર ખાસો આમ**
**યૂં તો જો આતા ગયા પીરે મુગાં બનતા ગયા**
–*(સાહિર)*

અને એટલા માટે એમને મુજદ્દિદ કહેવામાં આવે છે. આપ કેવળ પુષ્કળ કિતાબો લખવાના કારણે મુજદ્દિદ નથી થયા બલ્કે જાહિલિયત સાથે એક વ્યવસ્થિત જંગ લડવાના કારણે મુજદ્દિદ થયા.

વહાબિયતે જાતિ ભેદભાવનો સાથ આપીને ઈસ્લામી જગતના ટુકડે ટુકડા કર્યા, સૈયદ અહમદ રાયબરેલ્વીએ સરહદી પઠાણો સાથે જંગ કરીને મુસલમાનોને કમજોર કર્યા અને આ રીતે એ લોકોએ જાહિલિયતનો સાથ આપ્યો એટલા માટે એ લોકોનું અસ્તિત્વ ઈસ્લામી જગત માટે એક ખતરનાક ઝટકો પુરવાર થયું. જાહિલિયત સાથે જંગ લડવા માટે આજે વહાબિયતને મિટાવવી જરૂરી છે. *(જુઓ, કિતાબ હક઼ાઈકે તેહરીકે બાલાકોટ, અલ મજઉલ ઈસ્લામી–મુબારકપુર)*

**(૭) રિસાલતના મક઼ામ સાથે ગુસ્તાખી :** એ જાહિલિયતની ખાસિયત રહી છે કે એ રીતે

મુસ્લિમના દિલમાં એક ચિંગારીને બુઝાવી શકાય છે જેના થકી તે પહાડ તથા જંગલોને ધ્રુજાવી શક્તો હતો. રિસાલતના મક઼ામને સામાન્ય માનવોના બરાબર કરવો, રસૂલેપાક ﷺ સાથે લાગણીઓનો સંબંધ કાપવો જે ગિરોહનો અંદાજ હોય તે જાહિલિયતનો હામી છે. આજે વહાબી દેવબંદી દરેક તે માણસનો સાથ ખૂબ જ ખુલીને આપે છે જે મક઼ામે રિસાલતની તૌહીનમાં કાર્યરત હોય, તો છેવટે એ લોકોને ઈસ્લામના હામી કઈ રીતે કહી શકાય છે ?! અમે તેમનાં લખાણો, તક઼રીરો, અક઼ીદા તથા અમલનું જ્યારે નિરીક્ષણ કરીએ છીએ તો વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે એ લોકો રિસાલતના મર્તબાને કોઈ મહત્વનો મર્તબો નથી સમજતા. આ જ તે ખતરનાક સોચ છે જેનાથી આજે દરેક મુસલમાનને બચાવવો ફર્ઝ છે, જો તેના દિલમાં રિસાલતના મક઼ામની અઝમત બાકી ન રહેશે તો ઈમાન કઈ રીતે બાકી રહી શકે છે. આપ આ સ્થળે આ હદીષને પઢી શકો છો : "તમારામાં કોઈ મો'મિન નથી ત્યાં સુધી કે હું તેના માટે તેના દિલમાં તેનાં માં બાપ, ઔલાદ અને સર્વ લોકોથી અધિક પ્રિય ન ઠરું. *(મિશ્કાત શરીફ, ભાગ-૧૨)*

**(૮) બિદઅતે સૈયેઅહ્ (બુરી બિદઅત) :** જાહિલિયતને પરત થવાનો એક ખાસ દરવાજો બિદઅતે સૈયેઅહ્ છે ચાહે તે અમલમાં હોય કે અક઼ીદામાં, એટલા માટે દરેક મુસલમાન પર ફર્ઝ છે કે તે સહીહ અક઼ીદાઓ તથા સુન્નતથી વાકેફ હોય જેથી કરીને આવનારી જાહિલિયતને ઓળખી શકે.

ખુદા હિદાયત આપે દેવબંદી વહાબીઓને કે તેઓ સલામ તથા દુરૂદને બિદઅત બનાવી બેઠો છે જ્યારે કે જે ચીજ ખૂદ ઈસ્લામનું સમર્થન કરે છે તે બિદઅત શાથી ? બિદઅત તો છેવટે એ જ થશે કે કોઈ ઈસ્લામી અક઼ીદા તથા સુન્નત સાથે ટકરાશે. મૂળ બિદઅત તો એ છે કે ઈશ્કે રસૂલ ﷺને મિટાવવું, ઈસ્લામી હુકમોને બદલી નાખવા, અંગ્રેજોના ઈશારાઓ પર મુસ્લિમ એકતાના ટુકડે ટુકડા કરવા છે જે વહાબિયતે કરેલ છે. એના માટે તમો વહાબિયતનો ઈતિહાસ વાંચી લેશો. *(તારીખે નજ્દો હિજાઝ, ઈફ્તેરાકે બૈનુલ્ મુસ્લિમીન કે અસ્બાબ તથા ગુજરાતીમાં "મુસ્લિમોમાં વિખવાદના સબબો")*

સારાંશ દરેક તે ચીજ જે ઈસ્લામના ધ્યેયની વિરુધ્ધ હોય તેને બિદઅત કહેવામાં આવશે.

**જાહિલિયતથી લડવાના તરીક઼ા**

જાહિલિયતની ઘણી સ્થિતિઓ હોય શકે છે. **મૂળભૂત રીતે જાહિલિયત તૌહીદ, રિસાલતના મક઼ામ, હયા તથા ઈજ્જત, આખેરત પર ઈમાન, કુર્આન તથા સુન્નતની તા'ઝીમ સાથે ટકરાય છે,** જેથી જાહિલિયત સાથે જંગમાં દરેક મુસલમાને તૌહીદના અક઼ીદા, આખેરત પર ઈમાન, તથા ઈશ્કે રિસાલત, સુન્નતની મહોબ્બતથી સંપૂર્ણપણે સજ્જ હોવું જોઈએ. એના માટે સુન્નતોને જીવંત કરવું પ્રથમ દરવાજો છે અને તેની સાથોસાથ સર્વ બાતિલ ફિર્ક઼ાઓ, દા.ત. વહાબી, બહાઈ, કાદ્યાની, ગૈર મુકલ્લિદ, શીઆથી સારાંશ દરેક બાતિલ પરસ્તથી દૂર રહેવું જરૂરી છે. ઈસ્લામની તા'લીમની સાથોસાથ ઈસ્લામની સાચી મહોબ્બત સર્વ મુસ્લિમોના દિલમાં ઉદ્ભવ પામવી અનિવાર્ય છે.

અને વિશેષતઃ જાહિલિયતના મુક઼ાબલાના માટે ઈસ્લામ અને તેના ક઼ાનૂનની ઉચ્ચતાનો અક઼ીદો સૌથી પાયાની ચીજ છે. આજે ઘણી શૈક્ષણિક સંસ્થાઓ ખાસ કરીને એ સંસ્થાઓમાં જેમને અર્વાચીન શિક્ષણના માટે બનાવવામાં આવેલ છે તેમનામાં જાહિલિયત તથા પશ્ચિમી સંસ્કૃતિના માટે ઘણો નરમ ખૂણો જોવા મળે છે અને મોટાભાગના લોકો એ કલ્ચર પર ગર્વ કરે છે, **એવી સંસ્થાઓમાં શિક્ષણ તો મળી શકે છે પણ જેહાલત દૂર નથી થઈ શક્તી.** કેમ કે એ લોકોના દિલમાં સુન્નતોના માટે કોઈ તા'ઝીમ નથી બલ્કે **પશ્ચિમી સ્ટાઈલની જીવન પદ્ધતિને તેઓ એક આઈડિયલ સમજે છે.**

એટલા માટે આ પ્રકારની સંસ્થાઓ ભલે ઈસ્લામના નામ પર બને પણ તેનાથી ઈસ્લામને કોઈ ફાયદો નથી થઈ શક્તો. **જ્યાં ઈસ્લામી નિશાનીઓ દાઢી, કુર્તો, બેસીને ખાવું, બેસીને પેશાબ કરવો, વહેલા સવારે ઉઠવું, નાચગાનથી બચવું, જેવાં કામોને મુલ્લાઓની સોચનું નામ આપવામાં આવે છે એ સંસ્થાઓને મુસલમાનોના માટે કેમ કરીને લાભદાયી કહેવામાં આવી શકે છે !** ઈસ્લામની નિશાનીઓના સંબંધે જે લોકો આવા વિચારો ધરાવે છે તેઓ ઈસ્લામના માટે શું કોઈ ખિદમત કરી શકે છે ? હરગિઝ નહીં ! **જ્યાં સુધી ઈસ્લામી નિશાનીઓની ઉચ્ચતાનો એહસાસ ન હોય ત્યાં સુધી જાહિલિયત સાથે જંગ નથી થઈ શક્તી.**

હકીકત એ છે કે આ વિચારધારા પશ્ચિમની તે ગુલામીનું પરિણામ છે જેમાં લગભગ ૨૦૦ વરસથી મુસલમાનોનું દિમાગ જકડવામાં આવી ચૂક્યું છે અને તેની વિચારધારા પર જાહિલિયતે કબજો જમાવી લીધો છે. પશ્ચિમી કલ્ચરની અગ્રતાનો ખયાલ એ વૈચારિક ગુલામીનો અંદાઝ છે, અને એ જ તે માર્ગ હતો જેના થકી ઈસ્લામી જગતમાં જાહિલિયતને પ્રવેશ મળ્યો, પશ્ચિમે એ રસ્તેથી વૈચારિક જાહિલિયતને મોકલી અને પછી અમલી જાહિલિયતને રવાના કરી અને પછી તમામ ઈસ્લામી જગતનું માળખુ વિખેર્યું, કેટલાય દેશોની પબ્લિકે જ્યારે કાનૂનનો અભ્યાસ કર્યો તો દેશના વડાઓને કહ્યું કે અમે મુલ્લા હુકૂમત સ્થાપિત થવા નહીં દઈએ. (જેમ કે તુર્કસ્તાન કે હાલમાં પણ ત્યાં આ જ સ્થિતિ છે) એ જિમ્મેદારોનો અવાજ જાહિલિયતનો અવાજ હતો જેમાં એ લોકો જકડાયેલા છે અને સમજે છે કે અમે આઝાદ છીએ. ઈસ્લામી કાનૂનથી બેઅમલી થકી પણ તમો યહૂદી તથા નસારાને ખુશ નથી કરી શક્તા, બલ્કે તેઓ એનાથી પણ વિશેષની માંગણી તમારી પાસે કરી રહ્યા છે ! જેમ કે રબ તઆલા ફર્માવે છે :–

**ولن ترضى عنك اليهود ولا النصارى حتى تتبع ملتهم**

"યહૂદી તથા નસ્રાની તમારાથી હરગિઝ રાજી ન થશે તેમના દીનની પયરવી સિવાય."

**જે લોકો ઈસ્લામી સંસ્કૃતિ (કલ્ચર) સામે પશ્ચિમી સંસ્કૃતિના તરફદાર છે તેઓ ન ઈસ્લામના ચિંતક હોઈ શકે છે ન મુસ્લિમ કૌમના લીડર થઈ શકે છે** અને ન કોઈ તેમનું એહસાન ઈસ્લામી જગત પર છે, બલ્કે તેઓ જાહિલિયતના તરફદાર છે, **ભલે તેઓ તા'લીમના માટે કોઈ કિલ્લો પણ કેમ ન બાંધી લે.** કેમ કે ઈસ્લામનો મકસદ કેવળ જેહાલત (અજ્ઞાનતા)ને દૂર કરવું નથી બલ્કે જેહાલતની સાથે સાથે જાહિલિયતને પણ દૂર કરવું છે. ઈસ્લામી જગત પર રાજસત્તા કરનારા અને મુસલમાનોના લીડર બનનારાઓને જાણ હોવી જોઈએ કે વિશાળ ઈસ્લામી જગત આમ જ કબજામાં ન આવ્યું હતું, બલ્કે એના માટે લાખો મુજાહિદોએ જાનો કુર્બાન કરી છે અને પોતાને ખુદાની રાહમાં શહીદ કર્યા હતા. આ ઈસ્લામી જગત અને મુસલમાન તે શોહદાએ કિરામ, અવલિયાએ કિરામ, ઉલમાએ એઝામનો વારસો છે જેમણે તમામ આરામને ત્યજીને પોતાના જિગરના લોહી વડે એ જમીનોનું સિંચન કર્યું છે. એ પશ્ચિમના ચાહક લીડરોને ઈસ્લામી જગત પર હુકૂમત કરવાનો શું હક્ક છે ? મુસલમાનોના માર્ગદર્શનના દાવાનો શું હક્ક પહોંચે છે ?! જેથી **જાહિલિયત સાથે જંગના માટે મુસલમાનોમાં ઈસ્લામી સંસ્કાર તથા ઈસ્લામી નિશાનીઓના માટે ઉચ્ચતાનો એહસાસ પેદા કરવો પ્રથમ ફર્ઝ છે,** એની સાથે એક વિશાળ ઈસ્લામી સલ્તનતના માટે અમલ કરવો જેથી તેના સત્તાબળ થકી જાહિલિયતને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવામાં આવે. એ જ તો દરેક મુસ્લિમનો ફર્ઝ છે અને એ જ તજદીદે દીન (દીનને જીવંત કરવું) છે. *(અશ્રફિયા મંથલી, મુબારકપુર, ઓગસ્ટ–૨૦૦૫)*

# નરમી અને ભાઈચારો

## હદીષના પ્રકાશમાં

**અઝ : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)

અલ્લાહ તઆલાએ પોતાની અપાર કૃપાઓથી આપણને ઈન્સાન બનાવ્યા અને આપણામાં મહોબ્બત અને પ્રેમના ગુણો રાખ્યા. અને સાથે અક્કલ અને સાચી સમજનો મોટો ભાગ અતા ફર્માવ્યો. એ અલ્લાહ ﷻએ જેવી રીતે પોતાની મખ્લૂક સાથે કૃપાઓ કરી એમને અસ્તિત્વ અતા કર્યું એ જ રીતે તે ઈચ્છે છે કે એના બંદાઓ સાથે અને પશુ પક્ષીઓ સાથે કૃપા કરવામાં આવે.

અલ્લાહ તઆલાના જે પ્રખ્યાત નવ્વાણુ નામો છે એમાં જેના અર્થમાં કૃપાનો અર્થ સમાયો છે એ વધારે છે અને એણે આપણને જે નબી અતા કર્યા એ પણ સઘળા જગતોની કૃપા છે. ખૂદ નબીએ પાક ﷺનો પ્યારો પ્યારો ઈર્શાદ છે, "હું ભેટ કરવામાં આવેલી રહમત છું." *(મિશ્કાત)*

અલ્લાહ અને રસૂલ મહેરબાન દયાળુ છે અને એમની આપણાથી એ જ માંગ છે કે આપણે પણ એની મખ્લૂક સાથે કૃપા કરીએ.

અલ્લાહ તઆલાનું ફર્માન છેઃ–

**اَحْسِنْ كَمَا اَحْسَنَ اللّٰهُ اِلَيْكَ** "જેમ અલ્લાહ તઆલાએ તારી સાથે ભલાઈ કરી તું પણ ભલાઈ કર."

આયતમાં "ભલાઈ કર" ફર્માવવામાં આવ્યું પણ કોની સાથે ભલાઈ કરવી એનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો, એનો મતલબ સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલા બધાની સાથે ભલાઈની માંગ કરી રહ્યો છે.

**કરો મહેરબાની તુમ અહલે ઝમીં પર**
**ખુદા મહેરબાં હોગા અર્શે બરીં પર**

સખ્તી અને કડકાઈથી વાત મનાવી ન શકાય, વાત પર અમલ કરાવી શકાય. જેમ કોઈ રાજા જાલિમ હોય તો લોકો એને દિલથી માનતા નથી, એના હુકમને કોઈ મહત્વ આપતા નથી પણ ચૂપચાપ અમલ કરતા રહે છે. જ્યારે એહસાન, ભલાઈ, દયા અને ભાઈચારગીથી માણસના તો શું પશુ પક્ષીનાં દિલોને પણ જીતી શકાય છે. દિલ પણ સાથે રહે અને શોખથી અમલ થાય એ કડકાઈમાં નહીં કૃપા અને મહેરબાનીમાં રાખવામાં આવ્યું છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ**

"અય સાંભળનાર ! અનિષ્ટને દૃષ્ટિ વડે ટાળ તો તરત જ તે કે જેની અને તારી વચ્ચે શત્રુતા હતી તે એવો બની જશે જાણે કે ગાઢ મિત્ર." *(સૂ. સિજદહ, પારા–૨૪, આયત–૩૪)*

આ કારણોને લઈને અલ્લાહ તઆલાએ આપણને પોતાની મખ્લૂક સાથે એહસાન અને ભલાઈ કરવાનો આદેશ આપ્યો અને આપણા નબી ﷺએ એ પ્રમાણે અમલ કરીને બતાવ્યું.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "ઈમાન પછી અમલોમાં અતિ ઉત્તમ લોકોથી મહોબ્બત રાખવી છે." *(તબ્રાનીએ મકારિમે અખ્લાકમાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૫૩)*

**ફાયદો** : મહોબ્બત હોય તો દયા આવે અને દુશ્મની હોય તો ક્રોધ આવે. દયા હોય તો મહેરબાની થાય અને ક્રોધ હોય ત્રાસ થાય. અલ્લાહને પસંદ છે કે આપણે મખ્લૂક સાથે મહેરબાની કરીએ તો મહેરબાની જે ગુણથી અસ્તિત્વમાં આવે છે એ ગુણને ઈમાન પછી અમલમાં અતિ ઉત્તમ બતાવ્યો, અને એ છે લોકો સાથે મહોબ્બત રાખવી.

**હદીષ ૨** : હઝરત સઈદ બિન મુસય્યિબ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું,

''અલ્લાહ તઆલા પર ઈમાન લાવ્યા બાદ મૂળ અક્કલ લોકો સાથે મહોબ્બત રાખવી છે. કોઈ વ્યક્તિ મશ્વેરાથી બેપરવા નથી. દુનિયામાં ભલાઈવાળા જન્નતોમાં પણ ભલાઈવાળા હશે અને દુનિયામાં બુરાઈવાળા આખેરતમાં પણ બુરાઈવાળા હશે.''

**ફાયદો :** જ્યારે આપણા અસ્તિત્વમાં અલ્લાહ તઆલાએ પ્રેમભાવ અને મહોબ્બત રાખી છે તો એ ગુણ આપણાથી અલગ ન થવો જોઈએ. મૂળ અક્કલ અને સમજ એ જ છે કે એ પોતાના અસ્તિત્વમાં રાખવામાં આવેલા ગુણને અમલમાં લાવે અને એ છે મહોબ્બત અને પ્રેમ લોકો સાથે. જેનામાં મહોબ્બતનો ગુણ હોય એ મહોબ્બત અમલમાં લાવે છે અને મહોબ્બત અને પ્રેમમાં દયા અને મહેરબાની આવે છે.

હઝરત રાબિઆ رضی اللہ تعالیٰ عنہا એ ફર્માવ્યું :–

**اِنَّ الْمُحِبَّ لِمَنْ يُحِبُّ مُطِيْعُ** ''મહોબ્બત કરનાર મહોબ્બતના ફર્માનનું પાલન કરે છે.''

**હદીષ ૩ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, ''તમારો દરેક પોતાના (મુસ્લિમ) ભાઈનો અરીસો છે જ્યારે એની સાથે કોઈ તકલીફની વસ્તુ જુએ તો એને એનાથી દૂર કરે.'' *(તિર્મિઝી, કિતાબુલ બિર્રે વસ્સિલહ)*

**ફાયદો :** અરીસામાં માણસ જેવો હોય એવો જ દેખાય છે જાણે કે અરીસામાં એ પોતે જ છે. એક મુસ્લિમ ભાઈને તકલીફ થાય તો એ દરેક ભાઈની તકલીફ સમાન છે, અને જેમ આપણને એ પસંદ છે કે આપણી તકલીફમાં આપણી કોઈ મદદ કરે આમ દરેકને પસંદ છે કે તકલીફમાં એની મદદ કરવામાં આવે, તો એક મુસલમાનને તકલીફ હોય તો એને દૂર કરવામાં બીજા મુસલમાનોએ મદદ કરવી જોઈએ.

**હદીષ ૪ :** હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''બેશક ! અલ્લાહ તઆલા રફીક છે, નરમી પસંદ કરે છે અને નરમી પર જે આપવામાં આવે છે એને કડકાઈ પર આપવામાં નથી આવતું. અને બીજા કશામાં પણ આપવામાં નથી આવતું.'' *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૪૩૧)*

**ફાયદો :** અલ્લાહ તઆલા આપણો માલિક છે અને એ મહાન શક્તિવાળો છે એ ઈચ્છે તે હુકમ આપણને આપી શકે છે. એના પર વાજિબ મખ્લૂકનું કશું નથી તો પણ એ કેટલો મહેરબાન છે કે કાયદા કાનૂનમાં આપણી તાકાતનો ખયાલ ફર્માવ્યો. જરૂરતથી ઓછી પાબંદી આપણને આપી અને એટલે તો અલ્લાહ તઆલાએ આપણને પણ લોકો સાથે નરમી કરવાનો હુકમ ફર્માવ્યો. એનો ઉલ્લેખ આગળ પણ થઈ ગયો કે નરમી અને મહેરબાનીથી જે કામો બને છે એ કડકાઈ અને બીજા કશાથી બની શકતા નથી એટલે મહેરબાની અને નરમીથી સફળ બનવાની કોશિશ કરો.

**હદીષ ૫ :** હઝરત જરીર رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, ''જે નરમીથી બેમુરાદ (વંચિત) રહ્યો એ દરેક ભલાઈથી બેમુરાદ રહ્યો.'' *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૪૩૧)*

**હદીષ ૬ :** હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું હઝરત આઈશા رضی اللہ عنہا ને કે, ''તારા માટે નરમી જરૂરી છે કડકાઈ અને બુરી વાતથી દૂર રહે ! નરમી જેનામાં હોય એને શણગાર આપે છે અને જેનાથી અલગ કરી લેવામાં એને અયબવાળો બનાવી દે છે.'' *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૪૩૧)*

**ફાયદો :** જ્યારે અલ્લાહને નરમી પસંદ છે સખ્તી નહીં તો પછી માણસ માટે શણગારની વસ્તુ નરમી છે સખ્તી નહીં. નરમ માણસથી એની નરમીને લઈને મહોબ્બત કરવામાં આવે છે અને સખ્ત માણસથી લોકોના દિલ મેળ ખાતા નથી. અને બીજા માણસની તકલીફ જોઈ એની મદદ માટે પ્રથમ કોશિશ કરનાર એ જ માણસ હોય શકે છે જેના દિલમાં નરમી હોય. ભાઈચારગી માટે નરમીની સિફત મૂળ સમાન છે.

**હદીષ ૭ :** હઝરત આઈશા رضی اللہ عنہا થી

રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેને નરમીનો ભાગ આપવામાં આવ્યો એને દુનિયા અને આખેરતની ભલાઈ આપવામાં આવી અને જે નરમીના ભાગથી બેમુરાદ (વંચિત) રહ્યો એ દુનિયા અને આખેરતની ભલાઈથી બેમુરાદ રહ્યો." *(મિશ્કાત, પેજ–૪૩૩, શરહુસ્સુન્નહ)*

**ફાયદો** : જેને નરમીની સિફત આપવામાં આવી એ પોતાની નરમીથી લોકોના દિલ જીતી લેશે, અને દિલ જીતી લેવામાં આવે તો એ લોકોને દીન પર લાવવા ઈચ્છે તો લોકો એના કહેવાથી માર્ગે આવી જશે. અને જેને નરમી આપવામાં આવી એ ત્રાસ પર સબ્ર કરી લેશે પણ કોઈના પર ત્રાસ નહીં કરે. તકલીફવાળા પર નરમીને લઈને મદદ કરશે, આ અસંખ્ય સારાં કામો એની નરમીને લઈને અસ્તિત્વમાં આવશે તો એના આધારે દુનિયા પણ એના માટે ઉત્તમ રહી અને એના નેક અમલોનો બદલો એને આખેરતમાં મળશે. તો ત્યાં પણ એ કામયાબ રહ્યો, અને જેને નરમી ન મળી એ સખ્તીને લઈને લોકો પર ત્રાસ કરશે, કોઈ એના પર ત્રાસ કરશે તો એ ઈંટનો જવાબ પથ્થરથી આપવા ચાહશે, દિલ સખ્ત છે તો કોઈના પર એને રહમ નહીં આવે, તો એવો માણસ લોકોની મદદમાં પણ પાછળ રહેશે. એની સખ્તીને લઈને લોકો એનાથી નફરત કરશે તો કોઈ એની નજીક આવવા નહીં માંગે અને એની વાત નફરતને લઈને માન્ય પણ નહીં રાખે. આમ અસંખ્ય ખરાબીઓ અસ્તિત્વમાં આવે છે. એટલે કહેવામાં આવ્યું કે જેને નરમી ન આપવામાં આવી એ દુનિયાની ભલાઈથી પણ બેમુરાદ (વંચિત) રહ્યો અને આખેરતની ભલાઈથી પણ બેમુરાદ રહ્યો.

**હદીષ ૮** : હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે ઘરવાળાઓ માટે અલ્લાહ તઆલા નરમીનો ઈરાદો કરે તો એમને નફો આપે છે અને જેમને બેમુરાદ (વંચિત) કરે છે એમને નુકસાન."

**ફાયદો** : નરમી મળવી અલ્લાહ તઆલા તરફથી આપણા માટે નફા અને ફાયદાનો ઈરાદો છે અને એનાથી બેમુરાદ થવું અલ્લાહ તઆલા તરફથી આપણા નુકસાનનો ઈરાદો છે.

આપણે નફો અને ફાયદો જોઈતો હોય તો આપણે નરમીની સિફત આપણામાં લાવવાની કોશિશ કરવી જોઈએ. કોઈનામાં કડકાઈ છે તો એનો મતલબ એ નથી કે એનામાં નરમી નથી, દરેક જ માણસમાં બંને ગુણો હોય છે પણ કોઈ પોતાનું નરમીને આગળ રાખી સખ્તીને કચડી નાખે છે અને કોઈ સખ્તીને આગળ રાખી નરમીથી મુક્ત થઈ જાય છે. તો આપણે ફાયદો લેવા નરમીને જ આગળ રાખવી જોઈએ. અને નરમી આગળ ન હોય તો એને જ આગળ લાવવાની ભરપૂર કોશિશ કરવી જોઈએ.

**હદીષ ૯** : હઝરત તમીમદારી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! દીન છે : અલ્લાહ, એની કિતાબ, એના રસૂલ, મુસલમાન રાજાઓ અને સઘળા મુસલમાનોની ભલાઈની ઈચ્છા કરવી." *(બુખારી, ભાગ–૧, પેજ નં. ૧૩, હદીષ : ૫૭)*

**ફાયદો** : અલ્લાહ સાથેની ખેરખ્વાહી છે ઈમાન લાવવું એને અયબથી પાક માનવું, એના હુકમોનું પાલન કરવું, નાફર્માનીથી બચવું, જે એનો બન્યો એને આપણો બનાવવું અને જે એનો દુશ્મન હોય એને આપણો દુશ્મન માનવો, શુક્ર અદા કરવો, ઈબાદત અને બંદગી ઈખ્લાસથી કરવી વગેરે.

**કિતાબની ખેરખ્વાહી છે** : એના પર ઈમાન લાવવું. અદબથી તિલાવત કરવી એને સમજવું, એનો કાયદા કાનૂન પર અમલ કરવો, એની બીજાને તા'લીમ આપવી વગેરે.

**રસૂલુલ્લાહ ﷺ સાથેની ખેરખ્વાહી છે** : આપની રિસાલત પર ઈમાન, આપની લાવેલી વાતો પર ઈમાન. આપના હુકમોનું પાલન, આપના દીનની મદદ, આપ પર દુરૂદ પઢવુ... વગેરે.

**મુસ્લિમ આગેવાનોની ખેરખ્વાહી છે** : હક્ક વાતમાં એમનો સાથ આપવો, ગુનાહ પર એમ નરમીથી બતાવવું, બળવો ન કરે, દીનના આગેવાન ઉલમાએ કિરામની ઈજ્જત કરવી, એમની વાતો શરીઅત પ્રમાણે હોય તો માન્ય રાખવી, સહકાર

આપવો... વગેરે.

સામાન્ય પબ્લિક સાથે ખેરખ્વાહી છે : એમને દીનદાર બનાવવા કોશિશ કરવી, એમને સારી શિખામણો આપવી, તકલીફો ન પહોંચાડવી, અયબ પર પર્દો રાખવો, બીમાર હોય તો ખબર લેવી વગેરે.

**હદીષ ૧૦ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "તમારો કોઈ ત્યાં સુધી પાકો ઈમાનવાળો નથી થઈ શક્તો જ્યાં સુધી એ પોતાના ભાઈ માટે એ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે." *(બુખારી શરીફ, હદીષ-૧૩)*

**ફાયદો :** જેમ આપણને પસંદ છે કે ભલાઈ મળે, નેઅમત મળે, સુખ અને ચેન મળે, આપણા કામો બનેલાં રહે, આપણને જરૂરત હોય તો કોઈ આપણી મદદ કરે, આપણને સાથ આપે... વગેરે તો એ પ્રમાણે આપણે આપણા મુસ્લિમ ભાઈ માટે પણ નિય્યત રાખવી જોઈએ. આ નિય્યત અને ઈરાદો લાવવા હસદથી મુક્તિ જરૂરી છે. કારણ કે હસદ અને ઈર્ષામાં માણસનું થિંકીંગ (માનસ) નકારાત્મક અને નેગેટીવ હોય છે.

**લૂછો ના કોઈનાં આંસૂ તો તમારાં કોણ લૂછવાનું ?!**

આપણે એ જોઈતું હોય કે બીજા લોકો આપણા માટે સારા બની જાય તો એના માટે પ્રથમ પોતે બીજા લોકો માટે સારા બનવું પડશે. બાવળ વાવનાર કાંટા પામે અને ગુલાબ વાવનાર ફૂલ પામે, આપણા અમલો જ બીયારણ છે, એ જેવાં હશે એવાં જ વૃક્ષો આપણા માટે અસ્તિત્વમાં આવવાનાં છે.

**હદીષ ૧૧ :** હઝરત અબૂ બુર્દાથી રિવાયત છે. એમણે કહ્યું, "અય અલ્લાહના રસૂલ ! ﷺ કયો ઈસ્લામ ઉત્તમ છે ?" ફર્માવ્યું, "જેની જીભ અને હાથથી મુસલમાનો સલામત રહે." *(બુખારી, હદીષ-૧૧)*

**ફાયદો :** જીભથી સલામતી છે : ચુગલી, ગીબન ન કરવી, સામે અને પીઠ પાછળ બુરાઈ ન કરવી, ન પોતે તકલીફ આપવી, ન બીજાને તકલીફ આપવા તત્પર કરવો, ન હાથથી બુરાઈનું લખાણ કરવું, ન એક તકલીફમાં બીજાની મદદ કરવી, ન પોતે કરવું ન બીજાની સાથે રહી એનાથી કરાવવું... વગેરે. સારાંશ એ છે કે એક મુસલમાન પોતાના દીનમાં સશક્ત ત્યારે જ થાય જ્યારે એના અખ્લાકો અલ્લાહ અને રસૂલની ઈચ્છા પર આધારિત હોય.

**હદીષ ૧૨ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, મેં અબુલ ક઼ાસિમ સાચા અને સાચમાં પ્રખ્યાત (નબી) ﷺથી સાંભળ્યું કે આપ ફર્માવે છે, "કૃપા બદ્‌નસીબના (દિલમાં)થી કાઢી નાખવામાં આવે છે." *(ઈમામ અહમદ મુસ્નદમાં, તિર્મિઝી, મિશ્ક઼ાત)*

**ફાયદો :** આ હદીષમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે જેના દિલમાં અલ્લાહના બંદાઓ માટે કૃપા અને મહેરબાની ન હોય એ માણસ બદ્‌નસીબ છે એને એક મહાન ભલાઈથી દૂર કરી દેવામાં આવ્યો, જેથી માણસે સદ્‌ભાગી બનવા માટે નરમીનો જ સહારો લેવો જોઈએ.

**હદીષ ૧૩ :** હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેઓ અલ્લાહની મખ્લૂક પર કૃપા કરે છે, રહમાન (અલ્લાહ) એમના પર કૃપા કરે છે. તમે જમીનવાળાઓ પર કૃપા કરો આકાશવાળો (અલ્લાહ તઆલા) તમારા પર કૃપા કરશે." *(અબૂ દાવૂદ, તિર્મિઝી, મિશ્ક઼ાત)*

**ફાયદો :** જેણે અલ્લાહની કૃપા જોઈતી હોય એણે અલ્લાહ તઆલાની મખ્લૂક઼ સાથે કૃપા કરવી જોઈએ. કૃપા કરનાર જ્યારે તકલીફમાં મૂકાય છે તો એને એનાથી બહાર થવાના હજારો માર્ગ ખોલી નાખવામાં આવે છે. અને મરણ પછી પણ લોકો એને યાદ કરે છે અને એના માટે મગફેરતની દુઆ કરે છે. *(ક્રમશઃ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# ALLAH
## THE MERCIFUL, THE FORGIVING

*Fatimah Zehra*
-Leicester (U.K.)

**“…Laa Taqnatu Mir Raĥmatillah. Innallaaha Yaghfirudh Dhunooba Jamee’aa. Innahoo Huwal Ghafoorur Raĥeem.”** As believers, we constantly hear of the ‘Mercy of Allah’, yet we do not comprehend the concept in its entirety. First of all, let us look at what is ‘mercy’: to have mercy is to have a disposition to be kind and forgiving, to be lenient and compassionate and, above all, to alleviate from distress; and, to be ‘merciful’ is to show mercy. As was discussed in the article before this, indeed Allah is the Most Merciful, for all attributive qualities are His. But, how does one gain the mercy of Allah? How does one obtain forgiveness from Allah?

Allah, the Almighty, is so merciful that He states, “O son of Adam, as long as you call upon Me and put your hope in Me, I have forgiven you for what you have done and I do not mind. O son of Adam, if your sins were to reach the clouds of the sky, and then you would seek My forgiveness, I would forgive you. O son of Adam, if you were to come to Me with sins that are close to filling the earth and then you would meet Me without ascribing partners with Me, I would certainly bring to you forgiveness close to filling it.” *(Hadith e Qudsi).* This statement hence gives, not just a glimmer, but plentiful of hope to the whole of mankind – from the lowest and the poorest to the most powerful and rich; from the devout believer to the chronic sinner; from youth to death. The aforementioned Qur’anic verse clearly verifies this: **“…Laa Taqnatu Mir Raĥmatillah.** *…’despair not of the Mercy of Allah’;* **Innallaaha Yaghfirudh Dhunooba Jamee’aa.** *Undoubtedly, Allah forgives all sins;* **Innahoo Huwal Ghafoorur Raĥeem.** *Verily, He is the Forgiving, the Merciful.***”** (Surah Al Zumar)

Ask yourselves, when another has wronged you, has neglected you, isolated you, abused you, not believed in you and had no faith in you, and then they were to come and ask for your forgiveness, would you forgive? Would you show any compassion to this individual? Even if you were one of the better ones amongst us, and did have the heart to forgive, would you forgive unconditionally and bear no grudges? I believe that the majority of answers would be in the negative. However, Allah has created man, and man has been created weak, prone to falling in to the temptations of sin and the whisperings of Shaytaan; Allah reminds man that He is there – to be compassionate, to turn to in times of need, and He will be there unreservedly. The only thing that man needs to do is to have faith and hope in His Creator, and the belief that if there is sincerity in your repentance, then Allah shall surely forgive.

If one is to open the Holy Qur’an, they will find that the first chapter itself is a praise of the Lord and His Mercy: **“Al Ĥamdu Lillaahi Rabbil ‘Aalameen.** *All praise unto Allah, Lord of all the worlds.* **Ar Raĥmaanir Raĥeem.** *The most Affectionate, the Merciful.***”** (Surah Al Fatiĥa). There are over a hundred verses in the Qur’an solely clarifying the Mercy of the Lord of all the worlds; He is **“’Azeez ul Ghaffar”** - the Great Forgiver, and it is stated in Surah Al Nisa, **“Wa May Ya’mal Soo-an Aw Yadhlim Nafsahoo Thumma Yastaghfiril Laaha Yajidillaaha Ghafoorar Raĥeemaa.”** *And whoso does evil or wrongs his own soul, thereafter seeks forgiveness of Allah shall find Allah Forgiving, Merciful.*

It is important to bear in mind that the verses in the Holy Qur’an are the direct

words of Allah. When we read such verses, as mentioned, we must know that Allah is calling out to His creation – us – it is a call of forgiveness, of mercy, and of compassion. Allah knows that man is not strong, nor is he opposed to desire and temptation, and thus He calls out to mankind, informing them that He will indeed forgive them as long as they call on Him and place their hope in Him alone. Almighty Allah states in the Holy Qur'an, **"Qul Yaa 'Ibaadiyal Ladheena Asrafoo 'Alaa Anfusihim Laa Taqnatu Mir Raĥmatillaah. Innal Laaha Yaghfirudh Dhunooba Jamee'aa. Innahoo Huwal Ghafoorur Raĥeem."** *Say you, O my bondmen who have committed excesses against their own souls 'despair not of the Mercy of Allah'; Undoubtedly, Allah forgives all sins; Verily He is the Forgiving, the Merciful.* This statement alone can convince and assure one to have hope in Allah and never to despair.

**"Wa May Yaqnut Mir Raĥmatillaahi Illal Kaafiroon"** *Indeed, no one despairs of relief from Allah except the disbelieving people.* (Surah Yusuf)

Allah is the most Powerful, He is the Master and the Lord, hence when one calls out to Allah and supplicates to him, he is displaying his need for Allah – his dependence on his Creator; he is admitting that he has no power nor means to do anything for himself without Almighty Allah. To acknowledge that Allah is the only One who holds your future, your destiny, your life in His Hands, and that you have no power over anything is the essence of submission and servitude to the One Allah. In addition to this, it also recognizes Allah's qualitative attributes of kindness, compassion, generosity, mercy, power and knowledge. As humans, we are never in a situation when we do not need Allah and His guidance, support and forgiveness.

We have now begun to understand about the Mercy of Allah, and we have also deciphered verses of the Holy Qur'an as proof of the Lord's Mercy, but are there examples of this in the 'real world'? If we look around us, we see that the entire world and everything that has been given to us is a mercy in itself: Allah has provided us with shelter, warmth, food, and family, amongst other things. However, upon closer inspection, we see that the Mercy of Almighty Allah does not stop here. As Muslims, and even as non-Muslims, we know that our every action – our every *deed* – will be accounted for on the Day of Judgement. One of the greatest examples of the mercy that the Exalted Lord bestows upon mankind is that of the multiplication of good deeds compared to the bad. It has been narrated on the authority of Hazrat Abu Huraira (Radi 'Allaho Ta'ala 'Anhu) in Sahih Muslim, "The Great and Glorious Lord said (unto the Angels): Whenever my bondsman intends to commit an evil, do not record it against him, but if he actually commits, then write it as one evil. And when he intends to do good but does not do it, then record it as one act of goodness, but if he does it, then write down ten good deeds (in his record)."

Allah commands the Angels that if His slave is to think of a committing a bad deed, then the thought must not be recorded; if the slave then steps towards committing the bad deed, those steps must not be recorded; nothing must be recorded until the actual bad deed has been committed, and even then, it must be recorded as one bad deed. However, Allah is so bountiful in His Mercy that He

commands the Angels that if His slave so much as thinks of a good deed, then the thought must be recorded; if the slave steps towards carrying out the good deed, then those steps must be recorded; each and every single action that takes place in reference to the good deed must be recorded; and, finally, when the good deed has been carried out, the Angels must write down ten good deeds in place of that one. Subhan Allah!

It was stated at the beginning of this article that Allah's Mercy and Forgiveness is for all who truly and sincerely repent. It is essential to remember this, for, in today's world, we have (particularly our younger) brothers and sisters who have fallen in to the wrong crowd, are committing sins such as clubbing, drinking, dancing, and then feel too ashamed to go inside a mosque or turn to their elders, for they believe that if they are not clean enough to even enter a mosque or a place of worship or approach an Islamic scholar, then how is it possible for them to supplicate to Allah? All faith is lost, and they are so discouraged, effectively allowing themselves to fall in to more temptations that lead them astray from Islam. Let it be known that Almighty Allah states in the Holy Qur'an, **"Qul Lil Ladheena Kafaroo Iy Yantahu Yughfar Lahum Maa Qad Salaf"** *Say you to the infidels, 'if they now desist, that which is past will be forgiven.* Although this refers to those who are not Muslims, and signifies that those who turn to Islam, all their past (bad) deeds are forgiven, we can but see that if a non-believer's past can be forgiven, and a new slate (so to speak) is given to him, then why not that of a Muslim who has sincerely repented? Allah is He who is forever ready to forgive and always allows His slaves the chance to supplicate, repent and seek forgiveness.

As a final note, it is important to add that although we must without doubt believe in the Mercy of Allah, even though we are unable to comprehend the whole aspect as it is so vast, we must also never underestimate or forget about the Anger and Wrath of Almighty Allah. Allah is Merciful and Forgiving to those who are deserving; on the contrary, he who does not show mercy unto others, Allah will not be Merciful towards him. It has been narrated in Bukhari and Muslim that the Beloved Prophet of Allah, Hazrat Muhammad Sallallaho 'Alaihi Wasallam stated, "Allah has divided mercy in to one hundred parts, and He kept ninety-nine parts with Him and sent down one part on the earth, and because of that one single part, His creatures are merciful to each other, so that even the mare lifts up its hoof away from its baby animal, lest she trample on it." It has also been narrated that the ninety-nine parts of mercy that Allah has is saved for the Day of Judgement, where we, as a mankind, will need it most. Nevertheless, this precisely articulates the point of being merciful, not only to the human-kind, but also to all creatures. Those who show no mercy to others and have no faith in Allah, indeed they are inviting the Wrath of Allah upon themselves.

All praises are due to Allah, we praise Him, we seek His Help, and we supplicate to Him and ask for His Mercy and His Forgiveness. May Allah grant us faith and hope in Him that He alone will surely alleviate us from distress, show us compassion, kindness and mercy. May He forgive our sins and guide us away from the temptations and whisperings of Shaytaan and on to the right path. Aameen. Allahumma Aameen.

*Wa Maa 'Alayna Illal Balaag*

*References: Qur'anic Translation: Kanzul Iman*

## બરકાતે ખ્વાજાની ટપાલ
કાર્યાલય

**ધોરાજી** : થી અશ્ફાક઼ ઉમર સૂર્યા (હાલ : નાગપુર) જણાવે છે કે તેમના મોટાભાઈ ઈરફાનભાઈને ત્યાં પુત્રીનો જન્મ થયો છે જેનું નામ આમિના રાખ્યું છે. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં પુત્રીને નેક બનાવે, બંને જહાનમાં આબાદ રાખે અને આમિના નામના ફયૂઝથી ફયૂઝયાબ રાખે. (આમીન) *–તંત્રી*

### –:: શાદી મુબારક ! ::–

**હાડગુડ (જિ. આણંદ)** : જનાબ સૈયદ મોઈનુદ્દીન ફખરૂદ્દીન (ચેરમેન)ના નેક ફરઝંદ જનાબ સૈયદ મુહમ્મદ ગ઼ૌષુલ્લાહની શાદી સૈયદા રૂકસાના બાનુ (D/o. સૈયદ સમીયુદ્દીન મુહમ્મદમિયાં–માસ્તર) સાથે તા. ૧૭/૫/૨૦૦૮ના રોજ ખૂબ જ સાદગીથી યોજાઈ ગઈ. શાદીના આ મુબારક મૌકા પર મેહફિલે સમાએ નઅત શરીફનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બરોડાના મશ્હૂર નઅતખ્વાં જનાબ સુલ્તાન રઝા સાહબ મોઈની (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના નૂરાની ગુલદસ્તા પેશ કર્યા હતા. તથા સાથે સાથે શાદીના મુબારક પ્રસંગે થતા હરામ તથા નાજાઈઝ કામોથી દૂર રહેવા આહવાન કર્યું હતું. નિકાહ માટે દુલ્હા તેમજ બરાતીઓ જુલૂસ રૂપે સલાતો સલામ પઢતા પઢતા પ્રથમ હઝરત પીર સૈયદ કમાલુદ્દીન رحمۃ اللہ علیہના આસ્તાના પર હાજર થયા ત્યારબાદ નિકાહ પઢવા રવાના થયા હતા. એકંદરે શાદીનો આ મુબારક પ્રોગ્રામ બખૂબી કામ્યાબીથી સંપન્ન થયો હતો. અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબે પાક ﷺના સદક઼ામાં દુલ્હા દુલ્હનને પોતાની રહમતોથી નવાઝી પાકીઝા ઈસ્લામી જિંદગી અતા કરે, તેમના જીવનમાં ચૈન સુકૂન આપસમાં મહોબ્બત અતા કરે. (આમીન) આ પ્રસંગે 'બરકાતે ખ્વાજા (માસિક) પરિવાર તરફથી દુલ્હા દુલ્હનને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**વ્યારા** : જનાબ સૈયદ અમીનુદ્દીન ક઼ાદરીની નેક દુખ્તર સના ફાતિમા (અસ્મા બેગમ)ની શાદી સૈયદ મુહમ્મદ ખલીલ (D/o. મર્હૂમ નસીરુદ્દીન સૈયદ ઠાસરા) સાથે તા. ૩/૬/૨૦૦૮ના રોજ રાખવામાં આવી. ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**વડોદરા** : તા. ૧૪/૬/૨૦૦૮ ના રોજ જનાબ અસ્લમ રઝા (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી)ના નિકાહ હીના બાનુ સાથે સુરેન્દ્રનગર મુકામે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! *–તંત્રી*

**વડોદરા** : સૈયદ રિયાઝઅલી અબ્બાસઅલી ક઼ાદરીની નેક દુખ્તર સૈયદ તસ્નીમ સુલ્તાનના નિકાહ સૈયદ સાદિક઼ અલી ક઼ાદરીના નેક ફરઝંદ આસિફઅલી સાથે મુ. ચાંદ ૧૨ રબી. આખર, અંગ્રેજી તા. ૧/૫/૨૦૦૮ ના રોજ થયા. તેની ખુશીમાં ૩૧/૧/૦૮ના રોજ નઅતે પાકની મેહફિલ થઈ જેમાં જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા.

**ભરૂચ** : જનાબ આદમ ઈબ્રાહીમ પટેલ (મર્હબા પાર્ક, ભરૂચ) તરફથી દા'વતનામુ મળ્યું છે કે તેમના ફરઝંદ મૌલાના મુહમ્મદ સલીમ અમજદી મિસ્બાહીની જામિઆ અશરફિયા મુબારક (યુ.પી.) ખાતે તા. ૬/૬/૨૦૦૮ના રોજ ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના મુબારક પ્રસંગે આલિમ ફાઝિલની દસ્તારબંદી મહાન ઉલમા મશાઈખના હાથો વડે થશે. અનિવાર્ય સંજોગોમાં અમો મુબારકપુર પહોંચી નથી શક્યા પણ અમારા તરફથી મૌલાના સાહબ તથા સર્વ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ અર્પીએ છીએ. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં તેમને આલિમે બાઅમલ બનાવે અને સુન્નિયતની નિખાલસપણે ખિદમત કરવાની નેક તૌફીક઼ આપે. (આમીન) *–તંત્રી*

**જુનાગઢ** : હઝરત હાજી પીર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ શરીફ તા. ૮/૬/૨૦૦૮ના રોજ હઝરત મૌલાના ગુલઝાર બાપુ નૂરી રઝવી (સજજાદા ખાનકાહે રઝવિય્યહ્–જૂનાગઢ)ની સદારત તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબની સરપરસ્તીમાં થયો જેમાં મૌલાના મુહમ્મદ મોઈનુદ્દીન રઝવી (સદર : દા.ઉ. મોઈનુલ ઉલૂમ–અમદાવાદ)એ પોતાના અનોખા અંદાઝમાં તકરીર કરી હતી. જનાબ મનાઝિરહુસૈન બદાયૂનીએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સૈયદ યુવક** : ઉંમર : ૨૨ વર્ષ, માસિક આવક રૂા. ૬૦૦૦/– (વડોદરા તરફ)

**૨. પઠાણ યુવાન** : જ.તા. ૧૬/૧/૧૯૭૯, ઊંચાઈ ૫.૬', વજન : ૭૦ Kg., **H.S.C.** પાસ, અંગ્રેજી, અરબી, હિંદી, ગુજરાતી જાણકાર, હાલ : બેહરીન કંપનીમાં સર્વિસ (વલસાડ તરફ)

**૩. મનસુરી યુવાન** : જ.તા. ૧૨/૪/૧૯૮૧, ઊંચાઈ : ૫.૪', વજન : ૪૮ **Kg., D.Pharm**, કેમિસ્ટની દુકાન પોતાની (વડોદરા તરફ)

**૪. સૈયદ યુવાન** : જ.તા. ૧૧/૪/૧૯૭૭, **M.A. II**[nd] **Class**, ઈંગ્લિશ ટાઈપીંગ, દીની કામોમાં રસ, સર્વિસ રૂા. ૪૦૦૦/– પગાર, આલિમા, દીનદાર, બાઅખ્લાક઼ યુવતી પસંદગીને પાત્ર (આણંદ તરફ)

**૫. કુરૈશી યુવતી** : જ.તા. ૨/૩/૧૯૭૯, ઊંચાઈ : ૫.૨', એજ્યુ. **F.Y.B.A. (Home Sc.)** સિવણ, મહેંદી, કુકીંગની જાણકાર, રૂપાળી, નમાઝી, હોશિયાર. (મુસ્લિમ સિપાહી) (ઉના તરફ)

**૬. મેમણ યુવતી** : જ.તા. ૧૦/૧૧/૧૯૭૬, **B.sc. L.L.B.**, ઉંચાઈ : ૫.૪', ઘરકામમાં હોશિયાર, ખૂબસૂરત, સારું કમાતી. (ભાવનગર તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દરેક બલાથી બચાવનાર દુઆ

હઝરત અબાન ઈબ્ને ઉષ્માન رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે સવારના સમયે ત્રણવાર આ દુઆ પઢે તેને સાંજ સુધી અને સાંજે પઢી લે તેને સવાર સુધી કોઈ મુસીબત નડશે નહીં. **بِسۡمِ اللّٰہِ الَّذِیۡ لَا یَضُرُّ مَعَ اِسۡمِہٖ شَیۡئٌ فِی الۡاَرۡضِ وَلَا فِی السَّمَآءِ وَھُوَ السَّمِیۡعُ الۡعَلِیۡمُ** **બિસ્મિલ્લાહિલ્ લઝી લાયદૂર્રુ મઅઈસ્મિહિ શયઊન્ ફિલ્ અર્દિ વલા ફિસ્સમાઈ વ હુવસ્સમીઉલ્ અલીમ.** (ત્રણ વખત પઢવું.) કહેવાય છે કે જ્યારે ખૂદ અબાન પર લકવાનો હુમ્લો થયો તો કોઈકે કહ્યું કે તમારી પેલી દુઆ ક્યાં ગઈ ?! તો કહ્યું કે, ખુદાની ક઼સમ ! મેં જૂઠૂ ન કહ્યું પણ જ્યારે અલ્લાહ તઆલાએ મને આ મુસીબતમાં મૂકવા ચાહ્યું તો મને એ દુઆ જ ભૂલાવી દીધી. *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨, પેજ–૩૦૨)*

## ઈન્તેકાલ પુરમલાલ

**બેડી** : સુલેમાનભાઈ બેડીવાલા (જામનગર)ના લડકા ઈસ્માઈલભાઈનો બુધવાર તા. ૨૧/૫/૨૦૦૮ના દિવસે અજમેર શરીફ જતાં અકસ્માતમાં ઈન્તેકાલ થઈ ગયેલ છે. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**મુંબઈ (જોગેશ્વરી)** : ખાતે ઐયૂબ અહમદ પટેલ (ભા) દયાદરાવાળાનાં વાલિદા ફરીદા અહમદ પટેલનો તા. ૧૧/૬/૨૦૦૮ના રોજ ઈંતેકાલ થયો છે.

**વડોદરા** : ટેકનોપ્રિન્ટવાળા સલીમભાઈ મન્સુરી જણાવે છે કે તેમના ભાઈ અબ્દુલ ક઼ાદિરભાઈ મન્સુરીને હાર્ટ એટેક થવાથી અચાનક તા. ૧૭/૫/૨૦૦૮ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે.

**કંબોલી** : મુકામે તા. ૮/૬/૨૦૦૮ જુમ્આના રોજ અહમદ સુલેમાન ઓલાનો ઈંતેકાલ થયો છે.

મૌલા તઆલા તેને, હબીબે પાક صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં ઈંતેકાલ કરનાર સર્વ મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બાદશાહી મસ્જિદ-ભરૂચના કેસમાં સુન્નીઓની જીત !

દેવબંદી જમાઅતની આદત રહી છે કે ગંદી પોલીસીઓ કરીને તો ક્યાંક નાણાકિય સહાયના ઓઠા હેઠળ ઘણી અસલ સુન્ની મસ્જિદોને પોતાના કબ્જામાં કરી લે છે. એવી જ એક ભરૂચ શહેરની પ્રખ્યાત શાહી મસ્જિદ જે બાદશાહી મસ્જિદ તરીકે ફુરજા રોડ પર આવેલી છે તેના પર પણ ઘણા વરસોથી કબજો જમાવી રાખ્યો હતો. પણ તેમની અયોગ્ય હરકતોથી વાજ આવીને ક્રમે ક્રમે સુન્નીઓમાં જાગૃતિ આવતાં તેઓ પાસે મસ્જિદનો કબ્જો પરત માંગતાં સુન્ની મેજોરીટીને જોતાં તેમણે અનાયાસે સુન્નીઓને કબજો સોંપ્યો હતો. છતાં તેમની જમાઅતના અન્ય આગેવાનોના દબાણ હેઠળ ફરી વહિવટ પાછો મેળવવા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જેમાં તેમની હાર થઈ છે. જેની વિગત નીચે પ્રમાણે છે :–

''ભરૂચ શહેર મધે ફુરજા રોડ ચાર રસ્તા સ્થિત ઐતિહાસિક બાદશાહી મસ્જિદના ટ્રસ્ટના વહિવટ સંબંધી અગાઉના વહિવટકર્તા કે જેઓએ પોતાના રાજીનામાં આપી હાલના ટ્રસ્ટીઓને બાદશાહી મસ્જિદ ટ્રસ્ટનું વહિવટ સુપ્રત કરેલ હતું અને જે સંબંધી ગુજરાત વકફ બોર્ડ, ગાંધીનગર દ્વારા ટ્રસ્ટના સંચાલન સંબંધી ફેરફાર રિપોર્ટ નં. ૨૯૨/૦૪થી તા. ૧૭/૮/૦૪ના રોજ મંજૂર કરતો હુકમ ફર્માવેલ જે હુકમ સામે અગાઉના ટ્રસ્ટીઓ કે જેઓ દેવબંદી ફિર્કાના હતા તેઓએ હાલના ટ્રસ્ટીઓ કે જેઓ અહલે સુન્નત વલ જમાઅત (બરેલ્વી) ફિર્કાના છે તેઓ સામે મહેરબાન ભરૂચ પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ અને વકફ ટ્રીબ્યુનલના પ્રિસાઈડીંગ જજ સમક્ષ વકફ અપીલ નં. ૨/૦૭થી વકફ એક્ટની કલમ ૮૩ (૨) મુજબની અપીલ દાખલ કરી નામદાર વકફ બોર્ડ ગાંધીનગરના હુકમને પડકારેલ અને હાલના ટ્રસ્ટીઓએ અગાઉના ટ્રસ્ટીઓની ખોટી સહીઓ કરેલ હોવાના આક્ષેપ કરેલા અને નામદાર વકફ બોર્ડનો હુકમ અગાઉના ટ્રસ્ટીઓને સાંભળવાની તક આપ્યા સિવાય ફર્માવવામાં આવેલ હોય જેથી સદર હુકમ રદ ફર્માવવા અરજ ગુજારેલી. જે અપીલ સંબંધીનું કામ ચાલી જતાં હાલના ટ્રસ્ટીઓ તરફ વકીલ એ.એસ. ભટ્ટી તથા એમ.એમ. સૈયદે હાજર રહી દલીલો રજૂ કરતાં નામદાર કોર્ટે તા ૨૩/૫/૦૮ના રોજ હુકમ ફર્માવી અગાઉના દેવબંદી ફિર્કાના ટ્રસ્ટીઓની અપીલ નામંજૂર કરતો હુકમ ફર્માવેલ છે. તેમજ હાલના ટ્રસ્ટીઓનો ખર્ચ પણ અગાઉના ટ્રસ્ટીઓએ ભોગવવાનો હુકમ ફર્માવેલ છે.

સદર કિસ્સો ઐતિહાસિક બાદશાહી મસ્જિદના પ્રતિષ્ઠિત ટ્રસ્ટના બહુચર્ચિત સંચાલન સંબંધી હોય અને સુન્ની જમાઅતના અગ્રણીઓની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોય, સદર હુકમથી અગાઉના દેવબંદ ફિર્કાના ટ્રસ્ટીઓની અપીલ નામંજૂર થતાં સુન્ની (બરેલ્વી) બિરાદરોએ ખુશીની લાગણી અનુભવી હતી. *લિ. એ.એસ.ભટ્ટી (એડવોકેટ)*

## સૂરતમાં મોલ્વી ગયાવીના ઉચ્ચારણોથી થયેલ તોફાન સંબંધે પ્રેસ કોન્ફરન્સ

તા. ૨૯/૫/૨૦૦૮ના રોજ સૂરત મુકામે મોલ્વી ગયાવીના બેઅદબીભર્યા ઉચ્ચારણોને લીધે ખડા થયેલા હંગામા સંબંધે તા. ૩/૬/૨૦૦૮ના રોજ પ્રેસ કોન્ફરસ યોજાયી જેમાં અધ્યક્ષ જનાબ મૌલાના અ.સત્તાર હમદાણીએ જણાવ્યું કે સુન્નીઓએ હમેશાં દેશની વફાદારી નિભાવી છે. અંગ્રજોના સમયમાં પણ દેશની ગદ્દારી કરનાર દેવબંદી તબ્લીગી જમાઅતના જ ઉલમા હતા. અને હાલ પણ દેશમાં થઈ રહેલ આતંકવાદી હુમ્લા પાછળ આ જ દેવબંદી જમાઅત જવાબદાર હોવાના પુરાવા જાહેર થયા છે. રામપુરા–સૂરતની આ ઘટના રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ શરૂ કરવાનું પ્રથમ પગથિયુ જણાય છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા અન્ય બુઝુર્ગો વિરુધ્ધ ઉદ્ધત વાણી ઉચ્ચારીને ઉશ્કેરણી કરનાર તથા તેમના ઉચ્ચારણોના પુરાવા માંગતાં જવાબ આપવાને બદલે સુન્ની યુવાનોને માર મારવાનો આદેશ આપનાર મોલ્વી ગયાવી પર બયાનનો પ્રતિબંધ મૂકી કાયદાકિય પગલાં ભરાવાં જોઈએ. આ પ્રેસ કોન્ફરન્સમાં હઝરત સલીમબાપુ બેડીવાળા, સઈદભાઈ નૂરી (મુંબઈ), ઉષ્માનગની બાપુ–ધ્રોલ, શબ્બીર પટેલ–દયાદરા, મુફ્તી નસીમ સાહબ–સૂરત... વગેરેએ ઉપરાંત ઘણા સુન્નીઓએ હાજરી આપી એ વાતોને ટેકો આપ્યો હતો.

## પ્રેસ્ટન (યુ.કે.)માં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની તર્બિયતી ઈજતેમા કામયાબીપૂર્વક સંપન્ન

આલમી તેહરીક **'સુન્ની દા'વતે ઈસ્લામી'**નો સુન્ની તર્બિયતી શાનદાર વાર્ષિક ઈજતેમા નૂર હોલ, નૂર સ્ટ્રીટ–પ્રેસ્ટન ખાતે તા. ૨૩, ૨૪, ૨૫–મે ત્રણ દિવસ માટે યોજાયો. જુમ્આના રોજ જુમ્આની નમાઝ બાદથી અસર સુધી બહેનો માટે યોજાયો જેમાં મોટી સંખ્યામાં ઈંગ્લેન્ડના વિવિધ ટાઉનોમાંથી બહેનોએ હાજરી આપી હતી. તેમજ શનિ–રવિ બે દિવસ મર્દો માટેના ઈજતેમામાં પણ બોલ્ટન, બ્લકેબર્ન, લંડન, માંચેસ્ટર, લેસ્ટર વગેરે શહેરોમાંથી સુન્ની ભાઈઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ વખતનો ઈજતેમા પૂરો તર્બિયતી પુરવાર થયો જેમાં ઉલમા તથા મુબલ્લિગીને જે બયાનો સુન્નતો વગેરે રજૂ કર્યા તેમાં જીવન જરૂરી દીની મસાઈલ, ફઝાઈલ, તરીક્હ અવામને શીખવાડવામાં આવ્યા. ફખ્રે ગુજરાત હઝરત મૌલના યૂનુસ મિસ્બાહી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે.)એ નમાઝ તથા જમાઅતની ફઝીલત તથા દરેક નમાઝની સુન્નતોની તેમજ વિવિધ દુઆ વઝીફાઓની ફઝીલત હદીષોની રોશનીમાં દિલને ઈબાદત પ્રતિ આકર્ષિત કરે તેવાં શાનદાર બયાનો કર્યા હતાં. તેમજ સવાલ–જવાબના શેશનમાં પબ્લિકના વિવિધ દીની પ્રશ્નોના મૌલાના યૂનુસ સાહબે જવાબો પેશ કર્યા હતા. ઉપરાંત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવીએ તલાક્હના વિષયે વિવિધ મસાઈલથી લોકોને માહિતગાર કર્યા હતા. એ જ રીતે મૌલાના ખૈરુદ્દીન રઝવી, મૌલાના ફરોગુલ ક્હદરી, હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમી સાહબ વગેરેના બયાનો ઉપરાંત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે ઈમાન અફરોઝ ઈસ્લાહી તર્બિયતી બયાન કર્યું હતું. ઉપરાંત હાફેઝ ફૈઝલ દયાદરવીએ નઅત કિ્રાઅત તથા આરિફ પટેલ ટંકારવીએ નિઝામત ઉર્દૂ–અંગ્રેજી ભાષામાં શાનદાર રીતે નિભાવી હતી. બુલબુલે બાગે મદીના જનાબ ક્હરી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં ઉર્દૂ–અંગ્રેજીમાં બયાન તથા નઅતેપાક રજૂ કરી ઉપરાંત દીની ફઝાઈલ મસાઈલ પેશ કર્યા હતા. તે ઉપરાંત ઘણા ઉલમા, હુફ્ફાઝ, સાદાતે હાજરી આપી જેમ કે હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાની, મૌલાના ઈકબાલ મિસ્બાહી, મૌલાના મોહસિન દયાદરવી, મૌલાના ઈદરીસ દયાદરવી, મૌલાના ખાલિદ, મૌલાના મુહમ્મદ હુસૈન, મૌલાના હનીફ રઝવી, હાફેઝ ઈકબાલ વગેરે. ઈજતેમા ખૂબ જ કામયાબ રહ્યો હતો. આ વર્ષે બોલ્ટન ખાતે **SDI Youth E'ducation centre** નવી પેઢીની તર્બિયત તથા દીની માલૂમાત માટે કુર્આન હદીષની રોશનીમાં સુન્નતો વગેરેની તા'લીમ આપી નેક રાહે જીવન જીવવા પ્રેરિત કરવા સ્થાપિત કરવામાં આવ્યું. જેની ઈફતેતાહ હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબના તથા અન્ય ઉલમાની હાજરીમાં તા. ૨૫–૫–૨૦૦૮ કરવામાં આવી. ઉપરાંત બ્લેકબર્ન ખાતે "નૂરાની એજ્યુકેશન સેન્ટર" હઝરત નૂરાનીબાવા (પેટલાદી) رحمۃ اللہ علیہની યાદમાં બનાવવામાં આવ્યું તેનું ઉદ્દ્ઘાટન પણ હઝરતના હસ્તે થયું હતું. ઉપરાંત બ્લેકબર્ન ખાતે નવી મસ્જિદે ગૌષિયાની ઈફતેતાહ પણ હઝરતના હસ્તે થઈ ત્યાં ૩૦–૫–૦૮ના રોજ જુમ્આ અદા કરાવી અને રવિવારે ૧–૬–૦૮ના રોજ બયાનોનો પ્રોગ્રામ થયો. ઉપરાંત બોલ્ટન, માંચેસ્ટર, લેસ્ટર, પિટસબર્ગ, લંડન... વગેરે સ્થળોએ સુન્ની ઈજતેમાઓ થતાં દીની સુન્નતોભર્યા માહોલમાં ગરમી આવી ગઈ હતી. ***–રજૂકર્તા : શફીકભાઈ અસૂરીયાવાળા (બોલ્ટન)***

### દુઆની અપીલ

★ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝો ક્હરી મુહમ્મદ શાકિર નૂરી રઝવી (મુંબઈ) સાહબનાં વાલિદા મોહતરમા સખત બીમાર છે અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તો એમની તંદુરસ્તી માટે દુઆ ગુજારવા અપીલ કરવામાં આવે છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક્હમાં, ગૌષો ખ્વાજા વ રઝા વ જુમ્લા ઔલિયાના વસીલાથી હઝરતનાં વાલિદા મોહતરમાને સંપૂર્ણ તંદુરસ્તી આપે અને તેમનો સાયો તાદેર તેમના ફરઝંદો, કુટુંબીઓ તેમજ સૌના ઉપર રહે. (આમીન) *–તંત્રી*

★ **જનાબ 'જિગર' નબીપુરી સાહબ (લંડન)** ઘણા સમયથી બીમાર છે, બાયપાસ સર્જરીનું ઓપરેશન કરાવેલ છે તેમને પણ રબ્બે કરીમ તંદુરસ્તી સાથે લાંબુ જીવન આપે. (આમીન) *–તંત્રી*